بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

**અહલે સુન્નત વ જમાઅત એટલે મસ્લકે આ'લા હઝરત નું અજોડ મુખપત્ર**

# બરકાતે ખ્વાજા (માસિક)


**તા. ૦૧-ડિસેમ્બર-૨૦૧૩**

મુહર્રમુલ હરામ-સફરુલ મુઝફ્ફર

હિજરી સન : ૧૪૩૫

વર્ષ : ૧૦, અંક : ૧૨, સળંગ અંક : ૧૨૦

સ્થાપક અને પ્રકાશક

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



**પત્ર વ્યવહારનુ સરનામું**

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧, ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com


## ★ લવાજમ ★

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૫૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૨૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧,૮૦૦/- |
| આજીવન | રૂા. | ૪,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


માનદ તંત્રી

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 01 | આપણી વાતોમાં અસર કેમ નથી ? | 02 |
| 02 | સનાતન ધર્મ : ઈસ્લામની સચ્ચાઈને ઓળખો ! | 03 |
| 03 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન | 07 |
| 04 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | 11 |
| 05 | હદાઈક઼ બખ્શિશ | 13 |
| 06 | હશ્ત બહિશ્ત મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત | 16 |
| 07 | ગલતફહમી | 18 |
| 08 | અહલે સુન્નતના અક઼ીદા કુર્આનની રોશનીમાં | 21 |
| 09 | મુસ્તુફા જાને રહમત صلی اللہ علیہ وسلم ની શફાઅત | 22 |
| 10 | આવો ! આશિકે઼ રસૂલ છો તો સુન્નતો ને અપનાવો ! | 23 |
| 11 | માનવતાનું ઈસ્લામમાં સ્થાન અને વર્તમાન........ | 26 |
| 12 | ઉમ્મતના મહાન ઈમામો | 28 |
| 13 | હઝરત અબ્દુલ અલીમ મેરઠી رحمۃ اللہ علیہ | 30 |
| 14 | આહ ! મુફતીએ આ'ઝમ રાજસ્થાન...ચલ બસે ! | 35 |
| 15 | ખ્વાજાએ ઈલ્મો ફનની બારગાહમાં ખિરાજે અક઼ીદત | 37 |
| 16 | સૈયદ આલે રસૂલ હસ્નૈનમિયાં નઝમી........ | 38 |
| 17 | મસ્લકે આ'લા હઝરત : એહલે સુન્નતનું......... | 39 |
| 18 | બરકાતે ખ્વાજાની ટપાલ | 47 |


## મન્ક઼બત

રજૂ : **મુહમ્મદ ઈરફાન મલમપટ્ટાવાળા-પ્રાંતિજ**

ઔલાદે મુસ્તફાકી હૈ ક્યા શાન દેખીએ
ઉન્કા ક઼સીદા પળ્હતા હૈ કુર્આન દેખીએ

કુર્આનો અહલે બયત કે બારેમેં જો કહા
વો મુસ્તફાકા આખરી ફર્માન દેખીએ

અઝમત અગર સમઝની હૈ આલે રસૂલકી
હોકર રઝાકે ઈશ્ક઼ પે કુર્બાન દેખીએ

ઈશ્કે઼ નબી કે સાથ હો સૈયદ કા એહતેરામ
યહ મસ્લકે રઝાકી હૈ પહચાન દેખીએ

મિલ્લતકે રહનુમાઓ ઈધર ભી ઈક નઝર
આપસમેં લળ રહે હૈં મુસલમાન દેખીએ

ક્યા ફાઈદા હૈ ઔરોંપે કીચળ ઉછાલ કર
બેહતર હૈ આપ અપના ગરીબાન દેખીએ

# આપણી વાતોમાં અસર કેમ નથી ?

અઝ : **મૌલાના મુહમ્મદ શાકિર નૂરી**

*(અમીરે સુન્ની દાવતે ઈસ્લામી)*

દીની તથા દઅવતી ઈદારા તથા ઈલ્મી સંસ્થાઓ તથા ચળવળો માઝી કરતાં હાલમાં ખૂબ જ જોવા મળે છે. એ સૌમાં અધિક્તાનું કારણ મોડર્ન ટેક્નોલોજી, ઈલેક્ટ્રોનિક મીડિયાના થકી કોલેજો તથા સ્કૂલો વગેરેમાં વધી રહેલી બેહયાઈ છે, જેમાં મુસ્લિમ ઉમ્મત ડૂબેલી છે. માનવ વંશ ખાસ કરીને મુસ્લિમ ઉમ્મતને આ તબાહીથી બચાવવા ખાતર આ સંસ્થાઓ તથા ચળવળો અમલના મેદાનમાં આવેલ છે. પરંતું સંસ્થાઓ અંજુમનો, તેહરીકોની આટલી અધિક્તા હોવા છતાં પરિણામ નામ પૂરતુ છે. જ્યારે કે ભૂતકાળમાં કેવળ અમુક જ પવિત્ર હસ્તીઓ હતી અને અમુક જ તેહરીકો તથા ઈદારા હતા પરંતું લોકોમાં ખૌફે ખુદા મૌજૂદ હતો. અમુક હદ સુધી મુસ્લિમ ઉમ્મત બુરાઈઓથી મેહફૂઝ હતી અને ત્યાં દૂર દૂર સુધી બેહયાઈ જેવી લઅનતનો સાયો પણ ન હતો. છેવટે માઝી તથા હાલમાં ફરક શું છે ? આવો ! આપણે સૌ પરીક્ષણ કરીએ અને અસલ બીમારીને શોધી કાઢીઓ.

યાદ રાખશો કે કામયાબી તથા નાકામી અલ્લાહ عزوجلની કુદરતના કબજા હેઠળ છે. તેણે વિશેષતઃ પોતાના પ્યારા મહબૂબ صلى الله عليه وسلمને દીનની ખિદમતના માટે પસંદ કર્યા અને ખાસ કરીને તેમને અને સામાન્યતઃ દરેકને આ પયગામ સંભળાવવા માટે ફર્માવ્યું : "તમે ફર્માવી દો, જો તમે તમારા જીવની વાત છુપાવો કે જાહેર કરો, અલ્લાહ عزوجلને સર્વ માલૂમ છે." (સૂ. આલે ઈમરાન–૨૯) આ આયતે કરીમામાં અલ્લાહ عزوجل માનવીને છુપા ઈરાદાઓ તથા નિય્યતોના વિશે ફર્માવી રહ્યો છે કે હે બંદાઓ ! તમે તમારો કદમ જે રાહે ખુદામાં ઉઠાવી રહ્યા છો અથવા તમારું કોઈ પણ કામ કોઈ નિય્યતથી કરી રહ્યા છો તે અમારાથી છુપુ નથી. માણસ તો કેવળ તમારી જીભ, તમારા કદમ, તમારો કલમ જુએ છે પણ હું તમારા દિલોની નિય્યતોને જોઉં છું. આ આયતથી માલૂમ થયું કે આપણે આપણી અંદર ઈખ્લાસનો જઝબો જાગૃત કરવો પડશે, અને કેવળ અને કેવળ અલ્લાહ عزوجل અને તેના પ્યારા હબીબ صلى الله عليه وسلمની રઝાની ખાતર મુસ્લિમ ઉમ્મતની ભલાઈ ચાહવાના માટે કદમ ઉઠાવવા પડશે, ત્યારે જ આપણી વાતોમાં અસર પેદા થશે અને મુસ્લિમ ઉમ્મતમાં સુધારો આવશે. એટલા માટે કે ખ્યાતિ, નામના તથા માલ દૌલતના માટે જો આપણે કોઈ કામ કર્યું તો દુનિયાના માણસોથી તો એ ગુપ્ત રહી શકે છે પણ અલ્લાહ عزوجلથી છુપુ નથી રહી શકતું.

ભૂતકાળમાં આપણી તેહરીકો આપણા દાઈઓની વાતોમાં અસર એટલા માટે હતી કે તેઓ હમેશાં પોતાની નિય્યતો ચકાસતા રહેતા હતા, તેને દુરુસ્ત રાખતા હતા અને કદી પણ માલ તથા વાહ વાહની મહોબ્બતને પોતાના દિલમાં જગા આપતા ન હતા. તેઓ ઉપરોક્ત આયતે કરીમાને હમેશાં પોતાની નજરો સમક્ષ રાખતા હતા. તેઓ જાણતા હતા કે અલ્લાહ عزوجل આપણી નિય્યતોને જાણનાર છે. અને આજે આપણી વાતો તથા ચળવળોની જોઈએ તેવી અસર એટલા માટે નથી કે આપણે બેખબર છીએ, ગફલતની ચાદર ઓઢેલા છીએ અને માલ તથા વાહ વાહ તથા દુનિયાની મહોબ્બતમાં ડૂબેલા છીએ, એના લીધે આપણો તથા આપણી વાતોનો જે હાલ છે તે કોઈનાથી છુપો નથી. કાશ ! આપણે એવું વિચારીએ કે આપણે આ દુનિયાથી શું લઈ જવાનું છે, સર્વ અહીં જ તેવું ને તેવું રહી જશે, સાથે શું આવશે ? એ જ અમલો આપણી સાથે જશે જે ઈખ્લાસ (નિખાલસતા)થી કરવામાં આવ્યા હશે. હવે સવાલ એ છે કે આપણી અંદર ઈખ્લાસની ભાવના કેવી રીતે પેદા થશે ? ઈખ્લાસ એ કોઈ ચીજને બીજી ચીજની મિલાવટથી બચાવવાને કહે છે. દા.ત. શુધ્ધ દૂધ જેમાં પાણીની તદ્દન ભેળસેળ ન હોય. કુર્આને કરીમમાં "ખાલિસ" (શુધ્ધ, ફક્ત) શબ્દ એ જ અર્થમાં આવ્યો છે : "બેશક ! તમારા માટે ચો પગાઓમાં દષ્ટિ હાંસલ થવાની જગા છે, અમે તમને પીવડાવીએ છીએ એ ચીજમાંથી જે એમના પેટમાં છે, છાણ તથા લોહીની વચમાંથી ખાલિસ (શુધ્ધ) ગળેથી સરળતાપૂર્વક ઉતરતુ પીનારાઓ માટે." *(સૂ. નહલ, આ. ૬૬)*

ઈખ્લાસની ભાવના પેદા કરવા માટે જરૂરી છે કે ખુદા પર ભરોસો કરીને કામ શરૂ કરવામાં આવે, એમાં રિયા (દેખાડો), પ્રદર્શન, નામના તથા લાલચ વગેરેની તદ્દન ભેળસેળ ન હોય. જ્યારે આવું થશે તો તે કરીમ આપણી કુર્બાનીઓ તથા મહેનતોને વ્યર્થ જવા દેશે નહીં અને આપણને પોતાની ખુશ્નુદીનું ઈનામ અતા ફર્માવશે. અત્રે એક સવાલ એ પણ પેદા થાય છે કે જો આપણે ઈખ્લાસની સાથે કામ કર્યું અને આપણી દાવત પામેલાઓમાં કોઈ સુધારો પેદા ન થયો તો શું થશે ? આ સવાલનો જવાબ એ છે કે આવી સ્થિતિમાં આપણુ દિલ જરૂર સંતુષ્ઠ રહેશે કે અલ્લાહ عزوجل આપણી નિય્યતોને જાણે છે, તે જાણે છે કે આપણે કેવળ તેની જ રઝા અને તેના પ્યારા મહબૂબ صلى الله عليه وسلمની ખુશ્નુદીના માટે આ કામ કર્યું હતું. તે આપણને યકીનન ! બેહતર બદલો અતા કરશે. તમામ મુસલમાનોને, વિશેષતઃ દીનની દાવત આપનારાઓએ ઈમામ અહમદ રઝા رحمة الله عليهનો આ શેઅર દિલમાં બેસાડવો જોઈએ કે :–

**કામ વો લે લીજીએ તુમકો જો રાઝી કરે**
**ઠીક હો નામે 'રઝા' તુમપે કરોળો દુરૂદ**

*(સુન્ની દાવતે ઈસ્લામી મંથલી–ડિસેમ્બર–૨૦૧૩)*

હપ્તો : ૨ (છેલ્લો)

# સનાતન ધર્મ ઈસ્લામની સચ્ચાઈને ઓળખો !

તંત્રી લેખ

આપણા દેશમાં તેમજ જગતભરમાં એક અલ્લાહના સિવાય અનેક મઅબૂદોને માનવાવાળી, અલ્લાહને છોડીને અન્યોની ઈબાદત, પૂજા કરવાવાળી અનેક જાતિઓ અસ્તિત્વમાં છે. અમારે એના બાબતે ચર્ચા નથી કરવી, ન એ આ લેખનો વિષય છે, પણ જેઓ પોતે **લાઈલાહ ઈલ્લલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ** કલ્મો પઢીને એક અલ્લાહની ઈબાદતનો અને મુહમ્મદ ﷺને અલ્લાહના રસૂલ હોવાનો ઈકરાર કરી ચૂક્યા છે અને પોતાને "મુસલમાન" કહેવડાવે છે તેમને આ કલમાનો મહિમા સમજાવાનો હેતુ છે. ખરેખર ઈસ્લામ તથા ઈમાન શું છે ? અને કયાં કામો એવાં છે જેના થકી મુસલમાન શિર્ક તથા કુફ્રમાં સપડાયને ઈસ્લામથી બહાર થઈ જાય છે, અને શું બોલવાથી મુસલમાન ઈસ્લામી વર્તુળથી દૂર થઈ જાય છે તેની સમજ આપવા ઈસ્લામના મહાન સ્કોલર્સના માર્ગદર્શન હેઠળ કેટલીક વાતો અત્રે રજૂ કરવામાં આવે છે, જેને મુસલમાનો ધ્યાનથી વાંચે અને ઈસ્લામની સચ્ચાઈને, વાસ્તવિક્તાને સમજે અને ઈસ્લામ તથા ઈમાન પર અડગ થઈ જાય.

## ★ એક મ્યાનમાં બે તલ્વારો રહેવી શક્ય નથી ! ★

આજકાલ કેટલાક ઠેકાણે ઈસ્લામ તથા ઈમાન સંબંધે અજ્ઞાનતાના કારણે અમુક કહેવાતા મુસલમાનોના ઘરોમાં ગૈર મુસ્લિમોના દેવી દેવતાઓના ફોટાના તખ્તા જોવા મળે છે અને આ કહેવાતા મુસલમાનો મસ્જિદે પણ જાય છે, ઈદ વગેરે પણ કરે છે અને સાથે સાથે ગૈર મુસ્લિમોના તહેવારો પણ ઉજવે છે. સારાંશ કે ભેળસેળિયો ધર્મ પાળતા જોવા મળે છે. તો એવા કહેવાતા મુસ્લિમ ભાઈઓની હિદાયતના માટે ઈસ્લામના પયગંબરનો આ પ્રસંગ પૂરતો છે. સાંભળો !

મક્કામાં કુરૈશના કાફિરોમાંથી એક ગૃપ નબી કરીમ ﷺની પાસે હાજર થયું અને કહ્યું કે તમો અમારા દીનનું અનુસરણ કરો તો અમે પણ તમારા દીનનું અનુસરણ કરીશું. એક વરસ તમો અમારી મૂર્તિઓની ઈબાદત–પૂજા કરો તો એક વરસ અમો આપના મઅબૂદ અલ્લાહની ઈબાદત કરીશું. હુઝૂરે અકરમ ﷺએ કહ્યું કે અલ્લાહની પનાહ ! કે હું ગૈરુલ્લાહ (અલ્લાહ સિવાયના)ને એનો ભાગીદાર ઠરાવું ?! આ સાંભળીને કુરૈશના કાફિરોએ કહ્યું કે, જો તમો મૂર્તિઓની પૂજા નથી કરી શક્તા તો કમસે કમ આપ અમારી કોઈ મૂર્તિને હાથ જ લગાડી આપો તો અમે આપનું સમર્થન કરી દઈશું અને આપના મઅબૂદ (ખુદા)ની ઈબાદત કરીશું. એ પ્રસંગે :–

قُلْ يَآيُّهَا الْكَافِرُونَ ۝ لَآ اَعْبُدُ مَا تَعْبُدُونَ ۝ وَلَآ اَنْتُمْ عٰبِدُونَ مَآ اَعْبُدُ ۝

وَلَآ اَنَا عَابِدٌ مَّا عَبَدْتُّمْ ۝ وَلَآ اَنْتُمْ عَابِدُونَ مَآ اَعْبُدُ ۝ لَكُمْ دِيْنُكُمْ وَلِىَ دِيْنِ ۝

નાઝિલ થઈ અને હુઝૂર સૈયદે આલમ ﷺ હરમે કા'બામાં તશરીફ લઈ ગયા અને કુરૈશના કાફિરોને આ સૂરત પઢીને સંભળાવી.... "(હે પયગંબર !) તમે કહી આપો, હે કાફિરો ! ન હું પૂજુ છું જે તમે પૂજો છો અને ન તમો પૂજો છો જેને હું પૂજુ છું. અને ન હું પૂજીશ જે તમે પૂજ્યું અને ન તમે પૂજશો જે હું પૂજુ છું. તમારા માટે તમારો ધર્મ છે અને મારા માટે મારો ધર્મ છે." *(હવાલો : કિતાબ ગરાઈબુલ કુર્આન, પેજ : ૧૯૧, અઝ : અબ્દુલ મુસ્તફા આ'ઝમી رحمۃ اللہ علیہ)*

મુસલમાનો ! "લાઈલાહ ઈલ્લલ્લાહ"નો કલમો પઢયા છો તો તેના પર અડગ રહો ! આપણા પ્યારા નબી મુહમ્મદ મુસ્તફા ﷺનો ઉપરોક્ત પ્રસંગ શું તા'લીમ આપે છે તેને સમજો ! ધર્મોમાં ભેળસેળ શક્ય નથી ! જે મુસલમાન ગૈરોને ખુશ કરવા અથવા રાજકરણી બની પક્ષના નેતાને અથવા પબ્લિકની ખુશામદ કરવા તેમના ધાર્મિક પ્રોગ્રામો તથા ધાર્મિક વિધિઓમાં ભાગ લે છે તેમણે સબક હાંસલ કરવો જોઈએ. તૌહીદ (એક અલ્લાહની હોવાની માન્યતા) અને શિર્ક (ખુદા સિવાય અન્યને પૂજાપાત્ર માનવું) બે કદાપિ ભેગાં નથી થઈ શક્તાં. એક મ્યાનમાં બે તલ્વારો નથી રહી શક્તી ! જેથી ધાર્મિક પ્રોગ્રામો કે ધાર્મિક વિધિઓ સિવાય સામાજિક કામોમાં કે ધધાંકીય બાબતોમાં બંને કૌમના માણસો એકમેકના સહકારથી, મેળમેળાપથી જરૂર રહે, એકબીજાને મદદરૂપ થાય પણ ધાર્મિક બાબતોમાં ભેળસેળ કરશે તો ઈમાનથી હાથ ધોવા પડશે અને પછી જાહેરમાં તૌબા કરી કલ્મો પઢી ફરીથી મુસલમાન થવું પડશે. અને જે તૌબા વિના દુનિયાથી જશે તે ગૈરમુસ્લિમ થઈને જશે, આ ગંભીર બાબતને ભૂલશો નહીં.

## ★ ઈસ્લામથી બહાર કરી દેતાં આવાં કામોથી દૂર રહો ! ★

અત્રે મુસલમાનોને કેટલાક એવાં કામો વિશે શરીઅતના હુકમો રજૂ કરી દઈએ કે જેને કરવાથી મુસલમાન કાફિર થઈ જાય છે અને સાચા દિલથી તૌબા કરી કલમો પઢયા વિના તે ફરી મુસલમાન નથી થઈ શક્તો. જેમ કે એક સવાલ પૂછવામાં આવ્યો કે એક મુસલમાન નમાઝ, રોઝા વગેરેનો પાબંદ છે પરંતુ બીજા ધર્મના રિવાજ પર પણ અમલ કરે છે જેમ કે લક્ષ્મી પૂજા કરે છે, તો એવા મુસલમાનના બારામાં શું હુકમ છે ? તો શરીઅતનો હુકમ મુફતી સાહબે સંભળાવ્યો કે, "આ શખ્સ મુસલમાન નથી, કાફિર તથા મુશ્રિક છે. વલ્લાહુ તઆલા અઅ્લમ." *(હવાલો : ફતાવા શારેહે બુખારી, ભાગ : ૨, પેજ : ૫૬૦, અઝ : મુફતી શરીફુલ હક્ક અમજદી رحمۃ اللہ علیہ)*

સારાંશ કે અલ્લાહ સિવાય અન્યની પૂજા કરવાથી મુસલમાન ઈસ્લામથી બહાર થઈ જાય છે, ભલે પછી તે પોતાને મુસલમાન કહેતો રહે, નમાઝો પઢે, રોઝા રાખે બધુ જ કરે પણ ઉપર મુજબનું કામ કર્યા બાદ (લક્ષ્મી પૂજા કે ગૌ પૂજા કે ગમે તે ચીજની પૂજા કર્યા બાદ) જ્યાં સુધી એનાથી તૌબા ન કરે, કલ્મો ન પઢે ત્યાં સુધી તે મુસલમાન ગણાશે નહીં. અમુક ઠેકાણે બળીયા દેવની મન્નત, અમુક કહેવાતા મુસ્લિમો માને છે અને તેને ચઢાવવા તે મંદિરે જાય છે. પ્રથમ તો મંદિરથી આ પ્રકારની તથા અન્ય ગમે તે કામની મુસલમાને મન્નત માનવી જ કુફ્ર છે.

અમુક લોકો ગૈર મુસ્લિમ ભગત પાસે ઝાડ ફૂંક કરાવવા કે બીમારી ઝરાવવા જાય છે, તો એના વિશે હુકમ એ છે કે ગૈર મુસ્લિમથી ઝાડ ફૂંક સદંતર કુફ્ર નથી પણ હરામ જરૂર છે. પણ જો ખબર હોય કે તે પોતાના મંત્રમાં દેવી દેવતાઓનાં નામ લઈ મદદ માગે છે, તો આ સ્થિતિમાં ઝાડ ફૂંક કરાવવું, ઝરાવવું એ રઝા બિલ્ કુફ્ર (કુફ્રમાં રાજીપો) હોવાને કારણે જરૂર કુફ્ર છે જેથી એનાથી તૌબા કરવી લાઝિમ છે. *(ફતાવા શારેહે બુખારી, ભાગ : ૨, પેજ : ૫૬૪)*

## ★ અન્યની કૌમી નિશાની અપનાવવી હરામ, ધાર્મિક નિશાની કુફ્ર ★

રાખી સંબંધી એક સવાલના જવાબમાં શારેહે બુખારી હઝરત મુફતી શરીફુલ હક્ક رحمۃ اللہ علیہએ જવાબ આપ્યો કે, "જે મુસલમાન સ્ત્રીઓએ ગૈર મુસ્લિમોને એ દોરો (રાખી) બાંધ્યો તથા મુસલમાન પુરૂષોએ એ દોરો (રાખી) ગૈર મુસ્લિમ સ્ત્રીઓ થકી બંધાવ્યો તેઓ સર્વે ફાસિક તથા ફાજિર, ગુનેહગાર, જહન્નમના

અઝાબને પાત્ર ઠર્યા, પરંતુ કાફિર ન થયા, એટલા માટે કે આ રાખી બાંધવી એ પૂજા નથી પણ તેમનો ક઼ૌમી તહેવાર છે અને તેમની ક઼ૌમી નિશાની છે, ધાર્મિક નિશાની નથી. કોઈ ગૈર મુસ્લિમની ક઼ૌમી નિશાની અપનાવવી હરામ તથા ગુનોહ છે, જેમ કે હોળી ખેલવી. હા ! કોઈ ગૈર ધર્મવાળાની ધાર્મિક નિશાની અપનાવવી જરૂર કુફ્ર છે, જેમ કે ચોટી રાખવી, જનોઈ બાંધવી, માથે ટીલક કરાવવું.... *(ફતાવા શારેહે બુખારી, ભાગ : ૨, પેજ : ૫૬૬, ૫૯૧)*

તેમજ એમાં જ એક સવાલના જવાબમાં છે : ગૈર મુસ્લિમોનાં પૂજાનાં ગીતો તથા ભજનમાં શરીક થનાર મુસલમાન નથી, તે ઈસ્લામથી નીકળી ગયો. તેની પત્ની તેના નિકાહથી નીકળી ગઈ. વલ્લાહુ તઆલા અઅ્લમ. *(હવાલ ઉપર મુજબ, પેજ : ૬૧૯)*

તો જે લોકો ગરબાના પ્રોગામમાં સાંભળવા કે જોવા જાય છે તથા જેઓ શાદીઓમાં પોતે જ ગરબા ગાઈને નાચે છે તેઓ આનાથી બોધ લેશે ?! તેમજ એક સવાલના જવાબમાં છે કે પૂજારીના ગળામાં હાર નાખવો, પગે લાગવું મુસલમાન માટે હરામ સખત હરામ તથા ગુનોહ છે. અને જો મૂર્તિના ગળામાં હાર નાખ્યો તો મુસલમાન ઈસ્લામથી બહાર થઈ જશે, મુશ્રિક થઈ જશે. તેણે સત્વરે તૌબા કરી કલ્મો પઢવો નિકાહ દોહરાવવો વાજિબ છે. *(હવાલો ઉપર મુજબ, પેજ : ૬૨૬)* તે ઉપરાંત કોઈ પ્રસંગે અથવા વાતચીતની શરૂઆતમાં કે અંતમાં જે પ્રમાણે કેટલાક ગૈર મુસ્લિમો તેમના મઅબૂદો, દેવી, દેવતા, માતાઓની "જય" બોલે છે તેવું મુસલમાન બોલે તો કુફ્ર થશે, જેનાથી તૌબા લાઝિમ થશે. *(હવાલો ઉપર મુજબ, પેજ : ૫૯૦, ૫૯૧)* તેમજ ગૈરોના ધાર્મિક પ્રસંગો પ્રોગ્રામોમાં જવું તેમજ તેમાં ચંદો આપવો હરામ સખત હરામ બલ્કે કુફ્ર સુધી લઈ જનાર કાર્ય છે, એવું કરનાર પર તૌબા લાઝિમ છે. *(હવાલો ઉપર મુજબ, પેજ : ૫૭૫)*

કેટલીક જગાએ ગૈર મુસ્લિમ યુવાનો તેમના ધાર્મિક તહેવારોમાં ધાર્મિક કામ માટે જબદસ્તી ચંદો લેતા હોય છે. ચંદો ન આપવા પર વિવિધ પ્રકારની તકલીફો કામ કરવામાં મુસલમાનોને આપવા લાગે છે અને મુસલમાનોને પરેશાન કરતા રહે છે. જ્યારે તેમને કહેવામાં આવે છે કે અમે તો અમારા ધર્મ માટે આપનાથી ચંદો નથી લેતા ! તો તેઓ કહે છે કે તમે અમારાથી ચંદો લો કે ન લો, અમે તમારાથી જરૂર ચંદો લઈશું, તમે પણ તમારા મઝહબ માટે અમારાથી ચંદો લો ! અમે આપવા તૈયાર છીએ. તો શું મુસલમાન એમનાથી મસ્જિદ, મદ્રસા કે ધાર્મિક કામે ચંદો લઈ શકે છે ? આ સંજોગોમાં શું કરવું જોઈએ ? આવા એક પ્રશ્નના જવાબમાં હઝરત શારેહે બુખારી رحمۃ اللہ علیہએ જવાબ આપ્યો કે, "તેમની બુરાઈથી બચવાની નિય્યત સાથે કાંઈક આપી દીધા કરે અને તેના બદલાની નિય્યતથી એમનાથી પણ લઈ લે, અને જ્યાં ચાહે ખર્ચ કરે." *(હવાલો ઉપર મુજબ)*

## ★ ધાર્મિક બાબત સિવાય સર્વ ભલાઈનાં કામોમાં એકતા કરી શકાશે ★

ધર્મ દરેકની પર્સનલ મેટર છે, જેને જે ઠીક લાગે તે ધર્મ પાળે, તેના પર કોઈ જબરદસ્તી નથી. જેથી ન મુસલમાન કોઈને તેનો ધર્મ પાળવા જબરદસ્તી કરી શકે છે ન અન્ય ધર્મવાળા કોઈ મુસલમાનને જબરદસ્તી તેમનો ધર્મ પાળવા આગ્રહ કરી શકે છે. અને હિંદુસ્તાનના બંધારણમાં એક નાગરીકને પોતાનો ધર્મ પાળવાની તથા તેના પ્રચારની સ્વતંત્રતા આપવામાં આવી છે. તો જેની જેવી સમજ, જેનું જેવું નસીબ ! પણ આપણે સહુ ભારતમાં વિવિધ જાતિઓના લોકો સાથે જ રહીને જીવીએ છીએ જેથી એકમેકને સામાજિક કામો, માનવતાના ધોરણે આપસમાં સહાયનાં કામો, દુનિયવી એજ્યુકેશન તથા દેશની પ્રગતિના માટે વિવિધ જે કામો થાય તેમાં સહકારથી સહભાગી બનીને હરીમળીને કરવાં જોઈએ કે જેમાં સર્વ

નાગરીકોનું તથા દેશનું ભલુ સમાયેલું છે. આજે કેટલાક સ્વાર્થી તત્વો તથા રાજકરણીઓ દેશની હરીમળીને રહેતી પચરંગી જનતાને પોતે સત્તા પ્રાપ્તિ ખાતર આડેધડ નિવેદનો કરીને, ઉશ્કેરણીજનક પ્રવચનો કરીને આપસમાં ટકરાવવાના પ્રયત્નો કરતા રહે છે, આપસમાં નફરતનો માહોલ ખડો કરવા પ્રયત્નશીલ રહે છે, તો તેમની વાતોમાં આવ્યા વિના આપસમાં વહેવાર સાચવી રાખી રાજયમાં દેશમાં શાંતિનું સામ્રાજ્ય જળવાઈ રહે તેવા પ્રયત્નો કરવા જોઈએ કે એમાં જ આપણા દેશની એકતા, અખંડિતતા તથા પ્રગતિ સમાયેલી છે, તેમજ સર્વ નાગરીકોની ભલાઈ એમાં જ છે.

## ★ મુસલમાનોને અંતિમ અપીલ ★

***યહ શહાદત ગહે ઉલ્ફતમેં ક઼દમ રખના હૈ-લોગ આસાન સમઝતે હૈં મુસલમાં હોના***

હે મુસલમાનો ! તમે "લાઈલાહ ઈલ્લલ્લાહ"નો કલ્મો સ્વીકાર્યો છે, તો તેના પર અડગ રહો અને ઉપર દર્શાવ્યાં તેવાં જે જે કામોથી મુસલમાન ઈસ્લામના વર્તુળથી બહાર થઈ જાય છે તેનાથી સદા બચતા રહો અને ભૂતકાળમાં એવી કોઈ ભૂલો અજ્ઞાનતામાં જાણે અજાણે થઈ ગઈ હોય તો તેનાથી તૌબા કરી, કલ્મો પઢી તમારી આખેરતને સુધારી લો. તૌબા કરવાથી શરમ ન કરો, છુપા ગુનાની છુપી રીતે અને જાહેરમાં થયેલ ગુનાની જાહેરમાં તૌબા કરો. મુસલમાન રહેવું એ કોઈ રમત કે ખેલ નથી, એના માટે સતત સાવધાન રહેવું પડશે, જીવનના છેલ્લા શ્વાસ સુધી ઈમાનને સાચવીને સાથે લઈ જવું પડશે ! દુનિયાની સત્તાની લાલચ, વાહ વાહની લાલચ, માલ દૌલતની લાલચમાં રહીને ઈસ્લામની બાઉન્ડરીઓ તોડશો તો તેના અંજામ સ્વરૂપે જહન્નમમાં જવા સિવાય બીજો કોઈ રસ્તો નથી. મુસલમાન કહેવડાવો છો તો સાચા પાકા મુસલમાન બનો. કેટલા અફસોસની વાત છે કે સેંકડો વરસોથી કેટલાક ઠેકાણે લોકોએ ઈસ્લામના બુઝુર્ગોની પ્રેરણાથી ઈસ્લામનો કલ્મો તો પઢયો પણ હજી તેમનાં ન નામો બદલાયાં છે, ન તેમનો, તેમની સ્ત્રીઓનો પહેરવેશ બદલાયો છે ! વળી ક્યાંક ઈસ્લામી પહેરવેશ છોડીને સ્ત્રીઓ જિન્સ તથા ટી શર્ટ તથા ટાંચાં ટૂંકાં ચુસ્ત કપડાં પહેરીને યહૂદી ઈસાઈ જેવું સ્વચ્છંદી જીવન જીવી રહી છે, યુવાનો ઈસ્લામી આદેશોથી ઉલ્ટુ જીવન જીવી રહેલા છે, તેમની મુસ્લિમ તરીકેની કોઈ ઓળખ જોવા નથી મળતી. તો સમજો ! આવનારી પેઢીને ઈસ્લામ પર બાકી રાખવા ચાહતા હોઉ તો સંપૂર્ણપણે ઈસ્લામી ઢબનું જીવન અપનાવો. બોલવા ચાલવામાં, રહેણી કરણીમાં, પહેરવેશમાં, અખ્લાક઼માં ઈસ્લામી તરીક઼ા અપનાવો. આજે મુસલમાનોને દીનથી હટાવવા માટે વિવિધ પ્રકારના પ્રોપેગન્ડા થઈ રહ્યા છે, એવા સમયે અધિક સાવધાની અપનાવી દીની કિતાબો વાંચો, દીની બયાનો સાંભળો, ઈસ્લામી માહોલ તમારા ઘરમાં, તમારા મહોલ્લાઓમાં તથા તમારા સમાજમાં ખડો કરો જેથી નવી પેઢી તેને અનુસરીને તેના પર કાયમ રહી જહન્નમમાં પડવાથી બચી જાય. ઔલાદની દુનિયવી પ્રગતિ માટે ખૂબ જ ચિંતિત રહો છો એટલી જ ચિંતા ઔલાદના દીનની તથા આખેરતની તમને કેમ નથી ?! દુનિયા તો મર્યાદિત સમયની જિંદગી છે જ્યારે આખેરત તો હમેશાંની જિંદગી છે તેની ફિકર તમને કેમ નથી ?! રબ્બે કરીમ સર્વને સહીહ સમજ અતા કરે, અને ગુમરાહીમાંથી કાઢીને હિદાયતના માર્ગે અડગતાથી રાખે. રબ તઆલા કુર્આનની તિલાવત કરવાની તેના તર્જુમા તથા તફસીરને પઢવાની, સમજવાની, રસૂલે પાક ﷺના ફર્માનોને સમજવાની તથા તેના પર સાચા દિલથી અમલ કરવાની તૌફીક઼ અતા ફર્માવે અને આપણા સૌનો ખાત્મો ઈમાન પર ફર્માવે. (આમીન) બિજાહિન્નબી કરીમ ﷺ.

કાર્યાલય

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઇમાન વ ખઝાઇનુલ ઇરફાન


અઝ : **આ'લા હઝરત ઈમામ અહમદ રઝા** رحمۃ اللہ علیہ

અનુવાદક : **મૌલાના હસન આદમ કોલવનવી** رحمۃ اللہ علیہ


## સૂરએ બકરહની તફસીર

**સૂરએ બકરહ મદીનામાં ઉતરેલી અને એમાં ૨૮૬ આયતો અને ૪૦ રૂકુઅ છે.**

وَاِذْ
قُلْنَا لِلْمَلٰٓئِكَةِ اسْجُدُوْا لِاٰدَمَ فَسَجَدُوْٓا اِلَّآ اِبْلِيْسَ ؕ اَبٰى
وَاسْتَكْبَرَ ٭ وَكَانَ مِنَ الْكٰفِرِيْنَ ﴿۳۴﴾ وَ قُلْنَا يٰٓاٰدَمُ اسْكُنْ
اَنْتَ وَزَوْجُكَ الْجَنَّةَ وَكُلَا مِنْهَا رَغَدًا حَيْثُ شِئْتُمَا ۠ وَلَا
تَقْرَبَا هٰذِهِ الشَّجَرَةَ فَتَكُوْنَا مِنَ الظّٰلِمِيْنَ ﴿۳۵﴾ فَاَزَلَّهُمَا
الشَّيْطٰنُ عَنْهَا فَاَخْرَجَهُمَا مِمَّا كَانَا فِيْهِ ۠ وَقُلْنَا اهْبِطُوْا
بَعْضُكُمْ لِبَعْضٍ عَدُوٌّ ۚ وَلَكُمْ فِى الْاَرْضِ مُسْتَقَرٌّ وَّمَتَاعٌ
اِلٰى حِيْنٍ ﴿۳۶﴾ فَتَلَقّٰٓى اٰدَمُ مِنْ رَّبِّهٖ كَلِمٰتٍ فَتَابَ عَلَيْهِ ؕ
اِنَّهٗ هُوَ التَّوَّابُ الرَّحِيْمُ ﴿۳۷﴾ قُلْنَا اهْبِطُوْا مِنْهَا جَمِيْعًا ۚ
فَاِمَّا يَاْتِيَنَّكُمْ مِّنِّىْ هُدًى فَمَنْ تَبِعَ هُدَاىَ فَلَا خَوْفٌ
عَلَيْهِمْ وَلَا هُمْ يَحْزَنُوْنَ ﴿۳۸﴾ وَالَّذِيْنَ كَفَرُوْا وَكَذَّبُوْا
بِاٰيٰتِنَآ اُولٰٓئِكَ اَصْحٰبُ النَّارِ ۚ هُمْ فِيْهَا خٰلِدُوْنَ ﴿۳۹﴾

અને યાદ કરો જ્યારે અમે ફરિશ્તાઓને હુકમ આપ્યો કે આદમને સિજદો કરો તો બધાએ સિજદો કર્યો ઇબ્લીસ સિવાય, મુન્કિર થયો અને ઘમંડ કર્યો અને કાફિર થઇ ગયો[૬૧] (૩૪) અને અમે ફરમાવ્યું, અય આદમ, તું ! અને તારી પત્ની પેલી જન્નતમાં રહો અને ખાવ તેમાંથી રોકટોક વગર જ્યાં તમારો જીવ ઇચ્છે, પણ પેલા ઝાડ પાસે ન જશો[૬૨] કે હદથી વધી જનારાઓમાં થઇ જશો[૬૩] (૩૫) તો શયતાને તેઓને લગઝિશ (ભૂલથાપ) આપી.

જન્નતથી અને જ્યાં રહેતાં હતાં ત્યાંથી તેમને અલગ કરી દીધાં,[૬૪] અને અમે ફરમાવ્યું, નીચે ઉતરો[૬૫] અંદરો અંદર એક તમારો બીજાનો દુશ્મન, અને તમને એક સમય સુધી જમીનમાં રહેવાનું અને વર્તવાનું છે[૬૬] (૩૬) પછી શીખી લીધા આદમે પોતાના રબ પાસેથી અમુક વાક્યો તો અલ્લાહે તેની તવબહ સ્વીકારી,[૬૭] બેશક ! તે જ છે ઘણો તવબહ કબૂલ કરનાર મહેરબાન (૩૭) અમે ફરમાવ્યું, તમે બધા જન્નતથી ઉતરી જાવ, પછી જો તમારી પાસે મારા તરફથી કોઇ હિદાયત આવે તો જે મારી હિદાયત પર ચાલ્યો તેને ન કંઇ ફિકર ન કંઇ દુ:ખ[૬૮] (૩૮) અને તે જેઓ કુફ્ર કરશે અને મારી આયતોને જૂઠી ઠેરવશે તેઓ દોઝખવાળાઓ છે, તેઓને હમેશાં તેમાં રહેવાનું છે. (૩૯)

૬૧. અલ્લાહ તઆલાએ હઝરત આદમ علیہ السلام ને તમામ અસ્તિત્વ ધરાવતી વસ્તુઓના નમૂના અને રૂહાની તેમજ જિસ્માની આલમ (ભૌગોલિક અને આધ્યાત્મિક) જગતના એકત્રીકરણરૂપ બનાવ્યા. અને ફરિશ્તાઓ માટે વિશિષ્ટતાઓ હાંસલ કરવાનો વસીલો બનાવ્યા. તેથી તેમને આદેશ આપ્યો કે હઝરત આદમનો સિજદો કરે, કારણ કે એનાથી આભાર પ્રદર્શિત અને હઝરત આદમ علیہ السلام ની શ્રેષ્ઠતાનો સ્વીકાર અને પોતાના વકતવ્યની દિલ-સોજી માલૂમ પડે છે.

અમુક મુફસ્સિરોનું મંતવ્ય છે કે હઝરત આદમ

عليه السلامને પેદા કરતાં પહેલાં જ સિજદાનો હુકમ થયો હતો, તેઓનો આધાર આ આયત છે

فَاِذَا سَوَّيْتُهٗ وَ نَفَخْتُ فِيْهِ مِنْ رُّوْحِىْ فَقَعُوْا لَهٗ سَاجِدِيْنَ

પછી મેં તેને (આદમને) બરાબર બનાવ્યો અને તેમાં મારી રૂહ (ફૂંકી તો તેના માટે તેઓ (ફરિશ્તાઓ) સિજદામાં પડી ગયા). (બયઝાવી)

સિજદાનો આદેશ બધા જ ફરિશ્તાઓને આપવામાં આવ્યો હતો, એ જ વધારે ખરૂં છે. (ખાઝિન)

**મસઅલો** : સિજદો બે પ્રકારનો છે એક સિજદએ ઇબાદત જેનાથી જેને સિજદો કરવામાં આવે તેની પૂજા ઇબાદત કરવાની નિય્યત હોય છે, બીજો સજદએ તહિય્યત જેનાથી જેને સિજદો કરવામાં આવે તેની તાઝીમ કરવાની નિય્યત હોય છે, નહિ કે ઇબાદત.

**મસઅલો** : સિજદએ ઇબાદત ખાસ અલ્લાહ તઆલા માટે જ છે, બીજા કોઇના માટે થઇ શકે નહિ, અને ન તો કોઇ શરીઅતમાં કદી બીજાના માટે જાઇઝ થયો છે. અહીં જે મુફસ્સિરો સિજદએ ઇબાદત ધારે છે તેઓનું કહેવું છે કે સિજદો તો અલ્લાહ માટે જ હતો, પણ હઝરત આદમને ક઼િબ્લો બનાવવામાં આવ્યા હતા, તો તેમના તરફ સિજદો કરાયો હતો, ન કે તેમના માટે, પણ આ મંતવ્ય કમઝોર છે. કારણ કે તે સિજદા દ્વારા હઝરત આદમ عليه السلامની ફઝીલત અને બુઝુર્ગી જાહેર કરવાની હતી, તો તે ત્યારે જ થાય કે જ્યારે હઝરત આદમને જ સિજદો કરવામાં આવે, અને તેમનું મંતવ્ય જો બરાબર માનવામાં આવે તો એ વાત પ્રાપ્ત થતી નથી. કારણ કે જેના તરફ સિજદો કરવામાં આવે તે સિજદો કરનાર કરતાં શ્રેષ્ઠ હોય એવું જરૂરી નથી. જેવી રીતે કે હુઝૂર صلى الله عليه وسلم કાબા શરીફ કરતાં અફઝલ હોવા છતાં સિજદો કાબા શરીફ તરફ કરતા હતા.

અને બીજું મંતવ્ય એ છે કે સિજદાએ તહિય્યત હતો, ન કે સિજદએ ઇબાદત, અને ખાસ હઝરત આદમ عليه السلام માટે હતો, જમીન પર પેશાની મૂકીને કરવામાં આવ્યો હતો, ન કે ફક્ત નમવામાં આવ્યુ હતું, આ જ ખરૂં મંતવ્ય અને એના ઉપર જ મોટા ભાગના ઉલમા છે. (મદારિક)

**મસઅલો** : સિજદએ તહિય્યત પહેલાંની શરીઅતોમાં જાઇઝ હતો, આપણી શરીઅતમાં મન્સૂખ કરવામાં આવ્યો, હવે કોઇના પણ માટે **જાઇઝ નથી,** કારણ કે જ્યારે હઝરત સલ્માન رضى الله عنهએ હુઝૂર صلى الله عليه وسلمને સિજદો કરવાનો ઇરાદો કર્યો ત્યારે હુઝૂરે ફરમાવ્યું કે મખ્લૂકે અલ્લાહ તઆલા સિવાય બીજા કોઇને સિજદો કરવો જોઇએ નહીં. (મદારિક)

સહુ પ્રથમ હઝરત આદમને સિજદો કરનારાઓમાં હઝરત જિબ્રઇલ عليه السلام હતા, પછી મીકાઇલ પછી ઇસરાફીલ પછી ઇઝરાઇલ અને મલાઇકએ મુક઼ર્રબીન, આ સિજદો જુમ્આના દિવસે ઝવાલના સમયથી અસરના વખત સુધી કરવામાં આવ્યો, એક મંતવ્ય અનુસાર ખાસ ફરિશ્તાઓ ૧૦૦ વર્ષ અને બીજા મંતવ્ય મુજબ ૫૦૦ વર્ષ સુધી સિજદામાં રહ્યા, શયતાને સિજદો ન કર્યો અને ઘમંડમાં ને ઘમંડમાં એ જ વિચારતો રહ્યો કે તે પોતે હઝરત આદમ عليه السلام કરતાં અફઝલ છે, અને તેના માટે સિજદાનો હુકમ હિકમત વિરૂદ્ધની વાત છે (ખુદાની પનાહ) આ બાતિલ અક઼ીદાને કારણે તે કાફિર થઇ ગયો.

**મસઅલો** : આ આયતમાં એ વાત તરફ ઇશારો છે કે હઝરત આદમ ફરિશ્તાઓ કરતાં અફઝલ છે કારણ કે ફરિશ્તાઓ પાસે તેમને સિજદો કરાવવામાં આવ્યો.

**મસઅલો** : ઘમંડ ઘણી ખરાબ વસ્તુ છે. એનાથી ઘણા વખત ઘમંડી કુફ્ર સુધી પહોંચી જાય છે. (બયઝાવી-જુમલ)

૬૨. પણ પેલા ઝાડ પાસે ન જશો, એનાથી ઘઉં અથવા દ્રાક્ષ વિગેરે ધારવામાં આવે છે.

૬૩. કે હદથી વધી જનારાઓમાં થઇ જશો, આયતમાં 'ઝાલિમીન' નો શબ્દ છે, ઝુલ્મનો અર્થ છે કોઇ વસ્તુને અસ્થાને મૂકવી, આની મનાઇ છે, અને અમ્બિયા માસૂમ છે તેઓથી ગુનાહ થઇ શકે

નહીં. અહીં ઝુલ્મ ખિલાફે ઊલા (બિન શ્રેષ્ઠ)ના અર્થમાં છે.

**મસઅલો** : અમ્બિયા عَلَيۡهِمُ السَّلَام ને ઝાલિમ કહેવા ગુસ્તાખી અને કુફ્ર છે, જે કહેશે તે કાફિર થઇ જશે, અલ્લાહ તઆલા માલિક અને મવલા છે જે ચાહે તે કહે, એમાં તેમની ઇજ્જત છે, બીજાની શું હિમ્મત કે અદબ વિરૂદ્ધ વાત જબાન પર લાવે, અને અલ્લાહના સંબોધનને પોતાની નીડરતા માટે આધાર બનાવે, આપણને તઅઝીમ - અદબ અને ઇતાઅતનો હુકમ કર્યો છે, આપણા માટે એ જ જરૂરી છે.

૬૪. અને જ્યાં રહેતાં હતાં ત્યાંથી તેમને અલગ કરી દીધાં, શયતાને કોઇ રીતે હઝરત આદમ અને હવ્વા (عَلَيۡهِمَا السَّلَام) પાસે જઇને કહ્યું. હું તમને શજરે ખુલ્દ બતાવી દઉં (જેનું ફળ ખાધા પછી કદી જન્નતમાંથી નીકળવાનું થાય નહિ. તેનું નામ શજરે ખુલ્દ) હઝરત આદમ عَلَيۡهِ السَّلَام એ ના કહ્યું, તેણે કસમ ખાઇને કહ્યું કે હું તારો શુભેચ્છક છું. વિચાર કર્યો કે અલ્લાહના નામની જૂઠી કસમ કોણ ખાઇ શકે છે ? એ ખ્યાલથી હઝરત હવ્વાએ તેમાંથી થોડુંક ખાધું, પછી હઝરત આદમને આપ્યું, આપે પણ ખાધું. હઝરત આદમે ખ્યાલ કર્યો કે لَا تَقۡرَبَا 'લા તકરબા' (નજીક ન જશો)ના હુકમમાં મામૂલી મનાઇ (નફી તન્ઝીહી) છે, બહુ ભારે સખ્ત મનાઇ (નહી તહરીમી) નથી, જો તેઓ સખ્ત મનાઇ સમજ્યા હોત તો કદી એવું કરત નહિ, કારણ કે પયગમ્બરો માસૂમ હોય છે, અહીં હઝરત આદમની ઇજતિહાદી ખતા (સમજફેર) થઇ, અને ઇજતિહાદી ખતામાં ગુન્હો થતો નથી.

૬૫. અને અમે ફરમાવ્યું, નીચે ઉતરો ! હઝરત આદમ અને હવ્વા તેમજ આપના વંશને જે આપની પીઠમાં હતો તે બધાને જન્નતમાંથી જમીન પર જવાનો હુકમ થયો. હઝરત આદમ હિન્દુસ્તાનની ધરતીમાં સરાંદીપ (શ્રીલંકા)ના પર્વતો પર અને હઝરત હવ્વા જિદ્દામાં ઉતારવામાં આવ્યા. (ખાઝિન) હઝરત આદમની બરકતથી જમીનનાં ઝાડોમાં પવિત્ર સુગંધ પેદા થઇ ગઇ. (રૂહુલ બયાન)

૬૬. તમને એક સમય સુધી જમીનમાં રહેવાનું અને વર્તવાનું છે. આનાથી જિંદગી પૂરી થતાં સુધી એટલે કે મોતનો સમય મુરાદ છે, આમાં હઝરત આદમ عَلَيۡهِ السَّلَام ને ખુશખબર છે કે તેઓને મોતના સમય સુધી જ જમીન પર રહેવાનું છે. ત્યારબાદ જન્નતમાં પરત જવાનું છે, અને આપની ઔલાદ માટે આમાં ઇશારો છે કે દુનિયાની જિંદગી ચોક્કસ સમય સુધીની છે, જિંદગી પૂરી થયા પછી તેઓને આખેરત તરફ પ્રયાણ કરવાનું છે.

૬૭. તો અલ્લાહે તેની તવબહ સ્વીકારી, આદમ عَلَيۡهِ السَّلَام એ જમીન પર આવ્યા પછી ૩૦૦ વર્ષ સુધી હયાના કારણે આસ્માન તરફ માથું ન ઉઠાવ્યું. જો કે હઝરત દાવૂદ عَلَيۡهِ السَّلَام ખૂબ રડનાર હતા. તેમનાં આંસૂઓ તમામ ધરતી પર રહેનારાઓના આંસૂઓ કરતાં વધારે છે, પણ હઝરત આદમ عَلَيۡهِ السَّلَام એટલું રડયા કે આપના આંસૂઓ હઝરત દાવૂદ عَلَيۡهِ السَّلَام અને સમગ્ર ધરતી પર રહેનારાઓના આંસૂઓ કરતાં પણ વધી ગયાં. (ખાઝિન)

તિબરાની અને હાકિમે તેમજ અબૂ નુઐમ અને બયહકીએ હઝરત અલી رَضِيَ اللّٰهُ عَنۡهُ થી રિવાયત બયાન કરી છે કે જ્યારે હઝરત આદમ અલયહિસ્સલામ પર ઇતાબ થયો ત્યારે આપ તવબહની ફિકરમાં હેરાન હતા, આવી પરેશાનીના સમયે યાદ આવ્યું કે પેદાઇશ વખતે મેં માથું ઊંચુ કરીને જોયું હતું કે અર્શ પર લખેલું છે 'લાઇલાહ ઇલ્લલ્લાહુ મુહમ્મદુર્રસૂલુલ્લાહ' હું સમજી ગયો હતો કે બારગાહે ઇલાહીમાં તે મરતબો કોઇને મળ્યો નથી જે મુહમ્મદ صَلَّى اللّٰهُ عَلَيۡهِ وَسَلَّم ને મળ્યો છે. અલ્લાહ તઆલાએ તેમનું નામ પોતાના નામની સાથે અર્શ પર લખ્યું છે, માટે આપે પોતાની દુઆમાં رَبَّنَا ظَلَمۡنَا વાળી આયત પછી આ પ્રમાણે વિનંતી કરી 'અસ્અલુક બિહક્કે મુહમ્મદિન અન તગફિરલી' (અય અલ્લાહ ! હું મુહમ્મદ صَلَّى اللّٰهُ عَلَيۡهِ وَسَلَّم ના વસીલાથી તને વિનંતી કરૂં છું કે મને માફ કરી દે) ઇબ્ને મન્ઝૂરે જે રિવાયત બયાન

કરી છે તેમાં આ શબ્દો છે 'અલ્લાહુમ્મ ઇન્ની અસ્‌-અલુક બિજાહિ મુહમ્મદિન અબ્દુક વકરામતૂહી અલૈક વઅન તગફિરલી ખતીઅતી' (અય અલ્લાહ ! હું તારા બન્દા મોહમ્મદ ﷺ અને તેઓની તારા દરબારમાં જે ઇજજત છે એના વસીલાથી તારા પાસે દુઆ કરૂં છું કે મારી ખતા માફ કરી દે) આ દુઆ કરતાંની સાથે જ અલ્લાહ તઆલા તેમને માફ કરી દીધા.

**મસઅલો** : આ રિવાયતથી સાબિત થયું કે અલ્લાહના મકબૂલ બન્દાઓના વસીલાથી બહક્કે... અને બજાહે.... પછી તે બુઝુર્ગનું નામ લઇ દુઆ માંગવી જાઇઝ છે અને હઝરત આદમ عليه السلامની સુન્નત છે.

**મસઅલો** : અલ્લાહ તઆલા પર કોઇનો હક વાજિબ નથી. પણ તે પોતાના મકબૂલ બન્દાઓને પોતાના ફઝલો કરમથી હક આપે છે. બહક્કે.... ના આ અર્થમાં જ દુઆ કરવામાં આવે છે, સહીહ હદીષોથી આ પ્રમાણેનો હક્ક સાબિત થાય છે, જેમકે હદીષ શરીફમાં આવ્યું છે **'મન આમન બિલ્લાહી વ રસૂલેહી વઅકામસ્સલાત વસામ રમઝાન કાન હક્કન અલ્લલ્લાહિ અંય યદખુલલ જન્નત'** (જે અલ્લાહ અને તેના રસૂલ પર ઇમાન લાવ્યો અને નમાઝ કાયમ કરી અને રમઝાનના રોઝા રાખ્યા તો અલ્લાહ પર હક છે કે તેને જન્નતમાં દાખલ કરે)

હઝરત આદમ عليه السلامની તવબહ દસમી મોહર્રમના દિવસે કબૂલ થઇ, જન્નતમાંથી ઉતરતા સમયે બીજી નેઅમતોની સાથે અરબી ભાષા પણ આપની પાસેથી ખેંચી લેવામાં આવી હતી (ભૂલાવી દેવામાં આવી) અને એના બદલે આપની મુબારક જબાન પર સૂર્યાની ભાષા ચાલુ કરી દેવામાં આવી હતી, તવબહ કબૂલ થયા પછી ફરી અરબી ભાષા આપવામાં આવી. (ફત્હુલ અઝીઝ)

**મસઅલો** : તવબહમાં મૂળ વસ્તુ અલ્લાહ પાક તરફ સંપૂર્ણ રીતે ધ્યાન કેન્દ્રિત કરવું એ છે, એના ત્રણ ભાગ છે. એક ગુનાહનો એકરાર, બીજો શરમિંદગી - દિલગીરી અને ત્રીજો તે કાર્ય હવે પછી નહિ કરવાનો પાકો નિર્ધાર, અને જો ગુનોહ પૂર્તિ કરવા જેવો હોય તો પૂર્તિ કરવી પણ જરૂરી છે. જેમકે નમાઝ છોડી દેનારની તવબહ માટે પાછળની નમાઝોની કઝા કરવી પણ જરૂરી છે.

તવબહ પછી જમીનના તમામ જાનવરોમાં હઝરત જિબ્રઇલ અલયહિસ્સલામે હઝરત આદમ عليه السلامની ખિલાફતનું એલાન કર્યું અને બધાં પર હઝરત આદમ عليه السلامની તાબેદારી જરૂરી હોવાનો હુકમ સંભળાવ્યો, બધાએ તાબેદારી સ્વીકારવાની કબૂલાત આપી, (ફત્હુલ અઝીઝ)

૬૮. તો જે મારી હિદાયતો પર ચાલ્યો ન તેને કંઇ ફિકર ન કંઇ દુઃખ, આ સાચા મુઅમિનો માટે ખુશ ખબર છે. ન તેમને ફઝએ અકબર (બીજુ સૂર) વખતે કંઇ ફિકર ન આખેરતમાં દુઃખ તેઓ કોઇપણ જાતના ગમ વગર જન્નતમાં પ્રવેશશે.

પેજ નં. ૨૦નું ચાલુ...

આવેલું છે. પણ لَاتَكُ લા તકુ ફક્ત બેવાર આવેલ છે. એક સૂરએ હૂદની આયત નંબર ૧૦૯ અને બીજુ સૂરએ નહલની આયત નંબર ૧૨૭માં છે.

**૧૯.** કુર્આન શરીફમાં مُشْرِكِيْنَ મુશ્રિકીન (નાના કાફથી)નો લફ્ઝ ઘણી બધી જગ્યાઓ પર વર્ણન થયેલ છે. પરંતુ مُشْرِقِيْنَ મુશ્રિક઼ીન (મોટા કાફથી)નો લફ્ઝ બે જ વખત વર્ણન થયેલ છે. એક વખત સૂરએ શોઅરા આયત નંબર ૬૦ અને બીજી વખત સૂરએ હજર આયત નંબર ૭૩માં.

**૨૦.** તમામ સહાબાએ કિરામમાંથી ફક્ત એક જ સહાબી એવા છે જેમનું નામ કુર્આનમાં વર્ણન થયેલ છે અને તે હઝરત જુબૈર છે.

**૨૧.** કુર્આન શરીફમાં (مُحَمَّد) મુહમ્મદનો શબ્દ ૪ વખત અને (اَحْمَد) અહમદનો શબ્દ ૧ વખત વર્ણન થયેલ છે.

## દર્સે હદીષે પાક

# મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

## એટલે મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

કાર્યાલય

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફતી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیہ الرحمۃ والرضوان

**હદીષ :** હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે ફર્માવતા હતા કે પુરૂષે પોતાની પત્નીનો બોસો લેવો અને તેણીના પોતાના હાથ વડે સ્પર્શવું મલામસત છે, પોતાની પત્નીને ચૂમે અથવા પોતાના હાથ વડે સ્પર્શે તો એના પર વુઝૂ છે[૧]. (માલિક વ શાફઈ) હઝરત ઈબ્ને મસ્ઊદથી રિવાયત છે, તે ફર્માવતા હતા કે પુરૂષને પોતાની પત્નીનો બોસો લેવાથી વુઝૂ છે[૨]. (માલિક) હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે બોસો લમ્સ છે જેથી તેનાથી વુઝૂ કરો[૩].

હઝરત ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝથી રિવાયત છે, તે તમીમદારીથી[૪]. રાવી ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે દરેક વહેતા લોહીથી વુઝૂ છે[૫]. આ બંનેવ હદીષોને દારકુત્નીએ રિવાયત કરી અને ફર્માવ્યું કે ઉમર બિન અબ્દુલ અઝીઝે તમીમદારીથી ન સાંભળ્યું ન એમને જોયા. અને યઝીદ બિન ખાલિદ તથા યઝીદ બિન મુહમ્મદ મજહૂલ લોકો છે[૬].

### -:: સ....મ....જૂ....તી.... ::-

૧. સૂરએ નિસાઅ્ અને સૂરએ માઈદહમાં આયતે કરીમા છે :–

اَوْجَآءَ اَحَدٌ مِّنْكُمْ مِّنَ الْغَآئِطِ اَوْ لٰمَسْتُمُ النِّسَآءَ فَلَمْ تَجِدُوْا مَآءً فَتَيَمَّمُوْا صَعِيْدًا طَيِّبًا۔

એટલે કે જો કોઈ તમારામાંથી જાજરૂએથી આવે અથવા તમો સ્ત્રીઓને સ્પર્શો અને પાણી ન મળે તો પાક માટી વડે તયમ્મુમ કરી લો. ઈમામ શાફઈની નજીક અહીં ''લમ્સ''નો અર્થ કેવળ સ્ત્રીને હાથ લગાડવું છે કે એનાથી એમને ત્યાં વુઝૂ તૂટી જાય છે. આપણે ત્યાં (હનફી)માં ''લમ્સ''થી મુરાદ સોહબત કરવું છે, જેનાથી ગુસ્લ વાજિબ થાય છે, અને શક્ય છે કે સંભોગ મુરાદ હોય, એટલે કે નગ્ન બાઝવું જેનાથી વુઝૂ વાજિબ થાય છે. હઝરત ઈબ્ને ઉમર સ્પર્શવાને તથા ચૂમવાને ''લમ્સ'' ફર્માવી રહ્યા છે, જેથી આ હદીષ ઈમામ શાફઈ رحمۃ اللہ علیہ ની દલીલ છે. એનો જવાબ ઈન્શાઅલ્લાહ ! અમે આગળ આપી રહ્યા છીએ.

૨. એટલે કે હઝરત ઈબ્ને મસ્ઊદનું મંતવ્ય પણ એ જ છે કે સ્ત્રીને ચૂમવું કે સ્પર્શવું વુઝૂનો સબબ છે. આનો જવાબ આગળ આવી રહ્યો છે.

૩. યાદ રાખશો કે આ ત્રણેવ બુઝુર્ગોનો પોતાનો કૌલ એ છે કે સ્ત્રીને સ્પર્શવા તથા બોસાથી વુઝૂ છે, એના બારામાં હદીષ મરફૂઅ કોઈ નથી બલ્કે હદીષે મરફૂઅ એની વિરુદ્ધ છે. જેમ કે દારકુત્નીમાં છે કે હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ને જ્યારે હઝરત ઈબ્ને ઉમરનો આ કૌલ પહોંચ્યો તો આપે ફર્માવ્યું કે બોસાથી વુઝૂ કેવી રીતે થઈ શકે છે જ્યારે કે નબી કરીમ صلی اللہ علیہ وسلم જ્યારે બોસો લેતા હતા અને વુઝૂ કર્યા વિના નમાઝ પઢી લેતા હતા. તેમજ ઈબ્ને માજહ, તિર્મિઝી, અબૂ દાઊદ, ઈબ્ને અબી શયબા, નિસાઈ, ઈબ્ને અસાકિર, મુઅત્તા ઈમામ મુહમ્મદ વગેરેમાં થોડાક ફેરફાર સાથે હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે નબી કરીમ صلی اللہ علیہ وسلم પોતાની અમુક બીવીઓનો બોસો લેતા હતા અને પછી વિના વુઝૂ કર્યે નમાઝ પઢી લેતા હતા. તેમજ મુસ્નદે અબૂ અબ્દુલ્લાહમાં હઝરત હફ્સાથી રિવાયત છે કે નબી કરીમ صلی اللہ علیہ وسلم વુઝૂ કરીને અમુક બીવીઓનો બોસો લેતા અને ફરી બીજીવાર વુઝૂ ન કરતા. તેમજ જેવી રીતે આ બોસાથી સ્ત્રીનું વુઝૂ નથી જતુ તો જોઈએ કે પુરૂષનું પણ ન જાય. મુબાશિરત (શરીરોનું ચિપકવું) સ્ત્રી તથા

પુરૂષ બંનેનું વુઝૂ તોડે છે અને સંભોગ બંનેનું ગુસ્લ તોડે છે. તો કેવી રીતે શક્ય છે કે બોસો કે સ્પર્શવું પુરૂષનું તો વુઝૂ તોડે અને સ્ત્રીનું ન તોડે ?! જેથી આ મૌકૂફ હદીષોનો ક્યાં તો એ મતલબ છે કે સ્ત્રીને સ્પર્શીને અથવા બોસો લઈને વુઝૂ કરવું મુસ્તહબ છે, કેમ કે શાબ્દિક અર્થની રૂએ ''લમ્સ''માં એ પણ સામેલ છે, ભલે એ કુર્આનમાં મુરાદ નથી. અથવા એ બુઝુર્ગોને આપણી રજૂ કરેલી રિવાયતો પહોંચી જ નથી. સારાંશ કે હદીષે મરફૂઅના મુકાબલામાં હદીષે મૌકૂફ મોઅતબર નથી, શક્ય ત્યાં સુધી બંનેમાં મળતાપણુ કરવામાં આવશે, જો મળતાપણુ ન થઈ શકે તો મૌકૂફ છોડી દેવામાં આવે. સ્પર્શવાની હદીષો અમો અગાઉ વર્ણન કરી ચૂક્યા છીએ કે આઈશા સિદીકાએ હુઝૂર ﷺનો પગ મુબારક નમાઝમાં સ્પર્શ્યો છે અને આઈશા સિદીકા رضی اللہ عنہاને બરાબર નમાઝની હાલતમાં હુઝૂર ﷺએ સ્પર્શ કર્યો છે, અને સરકાર ﷺ બંને મોકાઓ પર નમાઝ પઢતા રહ્યા. સારાંશ કે હનફી મઝહબ ખૂબ જ મજબૂત છે એના કારણે ઈમામ શાફઈએ છેવટમાં એવું ફર્માવ્યું કે અજનબી સ્ત્રીને સ્પર્શવાથી વુઝૂ જતુ રહેશે ન કે પોતાની પત્નીને. મુસ્નદે ઈમામ અબૂ હનીફામાં છે કે અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ ફર્માવે છે, બોસા (ચુંબન)માં વુઝૂ નથી. શયખ અબ્દુલ હક્કે અશિઅતુલ લમ્આતમાં ફર્માવ્યું કે આ ત્રણેવ મિશ્કાતની મૌકૂફ હદીષો અસ્નાદની રૂએ સહીહ નથી.

**૪.** આપનું નામ તમીમ ઈબ્ને અવસ અથવા તમીમ ઈબ્ને ખારિજહ છે. દાર એ આપના કોઈ દાદાનું નામ છે જેની કુન્નિયત અબૂ રુકૈયા હતી. આપ મશ્હૂર સહાબી છે. હિ.સ. ૯માં ઈમાન લાવ્યા. રાતે એક રકઅતમાં કુર્આન ખત્મ કરતા હતા. આપે જ પ્રથમ મસ્જિદે નબવી શરીફમાં ચિરાગની રોશની કરી. મદીના મુનવ્વરામાં વસવાટ કર્યો. હઝરત ઉષ્માનગની رضی اللہ عنہની શહાદત બાદ શામ ચાલ્યા ગયા અને ત્યાં જ વફાત પામ્યા. અને હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ ઈબ્ને મરવાન ઈબ્ને હકમ તાબઈ છે. આપની કુન્નિયત અબૂ હફ્સ છે. આપનાં વાલિદાનું નામ લયલા બિન્તે ઉમર ઈબ્ને ખત્તાબ છે. કુન્નિયત ઉમ્મે આસિમ સુલૈમાન ઈબ્ને અબ્દુલ મલિકની ખિલાફત પછી આપ ખલીફા બન્યા. હિ.સ. ૯૯માં ખિલાફત સંભાળી અને હિ.સ. ૧૦૧માં રજબ મહિનામાં દયરે સમ્આનમાં હમ્સ નજીક ઈન્તેકાલ થયો. ચાલીસ વરસની ઉમર થઈ. બે વરસ પાંચ મહિના ખિલાફત કરી. ફાતિમા બિન્તે અબ્દુલ મલિક આપના નિકાહમાં હતાં. આપના જેવા આબિદ ઝાહિદ ખૌફે ખુદામાં રડવાવાળા ઉમ્મતે મુસ્તફામાં ઘણા ઓછા થયા છે. આપ અદ્લો ઈન્સાફમાં હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہના નમૂના હતા. યઝીદ વગેરેની બિદઅતોનો આપે ખાત્મો બોલાવ્યો.

**૫.** એટલે કે જે લોહી વહીને શરીરના તે હિસ્સામાં આવી જાય જેનું ધોવું ગુસ્લમાં ફર્ઝ છે તે વુઝૂ તોડનાર છે. આ હદીષ ઈમામે આ'ઝમની દલીલ છે કે લોહી વુઝૂ તોડે છે. હઝરત ઈમામ શાફઈ એની વિરુદ્ધ છે.

**૬.** મુસન્નિફે (લેખકે) આ હદીષ પર બે વાંધાઓ કર્યા, એક એ કે આ હદીષ મુરસલ છે કે વચ્ચે એક રાવી છૂટી ગયો છે. બીજો એ કે એની અસ્નાદમાં બે રાવી મજહૂલ છે. પણ યાદ રાખશો કે હનફીઓની નજીક હદીષે મુરસલ અમલને પાત્ર છે. તેમજ હનફીઓના આ મસ્અલાનો આધાર કેવળ આ હદીષ પર નથી, બલ્કે બુખારી, ઈબ્ને માજહ, તિર્મિઝી, તિબ્રાની, મોઅત્તા ઈમામ માલિક, અબૂ દાઊદ વગેરેની ઘણી બધી હદીષ પર છે. જેમ કે બુખારીમાં છે કે હુઝૂર ﷺએ ફાતિમા બિન્તે અબી જયશથી ફર્માવ્યું કે જ્યારે તમારા હયઝ (માસિક સ્ત્રાવ)નો સમય નીકળી જાય તો ઈસ્તેહાઝા (હયઝ સિવાય બીમારીનું લોહી આપે)ના સમયમાં દરેક નમાઝના માટે નવુ વુઝૂ કરો. જો લોહી વુઝૂ નથી તોડતું તો ઈસ્તેહાઝાવાળી સ્ત્રી મઅઝૂર શા માટે ઠરાવવામાં આવી ? તેમજ અબૂ દાઊદ, ઈબ્ને માજહ વગેરેમાં છે કે હુઝૂર ﷺ ફર્માવે છે, જો નમાઝમાં કોઈનું નસ્કોરુ ફૂટી જાય તો નમાઝ છોડીને વુઝૂ કરે પછી નમાઝ પૂરી કરે. એની સંપૂર્ણ તેહકીક અમારી કિતાબ જાઅલ હક્ક (ભાગ–૨)માં જુઓ. યાદ રાખશો કે વહેતુ લોહી કુર્આનના હુકમ પ્રમાણે નજાસત (નાપાક) છે અને નજાસતનું નીકળવું વુઝૂ તોડે છે. એવી સહીહ મરફૂઅ હદીષ ફકીર (લેખક)ની નજરથી નથી ગુજરી જેમાં હોય કે લોહી વુઝૂ તોડનાર નથી.

# હદાઈકે બખ્શિશ

અઝ
આ'લા હઝરત **ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી** رحمۃ اللہ علیہ

અનુવાદક તથા રૂપાંતરકર્તા
**મૌલાના સાદિક્ સાબરી દહેગામી**

**ઉનકી મહકને દિલ કે ગુંચે ખિલા દિએ હૈં**
**જિસ રાહ ચલ ગએ હૈં કૂચે બસા દિએ હૈં**

*(મહક = ખૂશ્બુ, ગુંચે = કળીઓ, રાહ = રસ્તો, કૂચે = ગલીઓ, બસા દિએ = આબાદ કરી દીધા, વસાવી દીધા)*

**અર્થ** : મારા પ્યારા આક઼ા ﷺની શાન એ છે કે આપના જિસ્મે મુક઼દ્દસની ખુશ્બુથી દિલોની બંધ કળીઓ ખિલી ઉઠી અને જે રસ્તાથી પણ હુઝૂર ﷺ પસાર થયા ત્યાંની વેરાન ગલીઓને આબાદ કરી દીધી.

**જબ આ ગઈ હૈં જોશે રહમત પે ઉનકી આંખેં**
**જલ્તે બુઝા દિએ હૈં રોતે હંસા દિએ હૈં**

**અર્થ** : મારા રહમતુલ્લિલ્આલમીન આક઼ા ﷺની આંખો જ્યારે જોશમાં આવી ત્યારે ગુનેહગાર ઉમ્મતની બખ્શિશમાં આંસૂ વહાવી જહન્નમમાં બળનારને બચાવી લીધા અને રડનારાઓને હસાવી દીધા.

**ઈક દિલ હમારા ક્યા હૈ આઝાર ઉસ્કા કિતના**
**તુમને તો ચલતે ફિરતે મુર્દે જિલા દિએ હૈં**

*(આઝાર = દુઃખ, જિલા દિએ હૈં = જીવિત કર્યા છે)*

**અર્થ** : યા રસૂલલ્લાહ ! ﷺ આપની મહાન શાન સામે અમારા એક દિલના દુઃખોની શું હૈસિયત છે ?! તમારી શાન તો એ છે કે ચાલતા ફરતા મુડદાં (કાફિરો)ને ઈશારામાં જીવિત કરી દીધાં છે.

**મુર્દાઓને જીવિત કરવાં** : ઈમામ બયહક઼ીએ દલાઈલુન્નબુવ્વતમાં રિવાયત કરી છે કે પ્યારા આક઼ા ﷺએ એક વ્યક્તિને ઈસ્લામ સ્વીકારવાની દાવત આપી. તેણે જવાબ આપ્યો, હું આપ પર ત્યારે જ ઈમાન લાવીશ જ્યારે આપ મારી બેટીને જીવિત કરી આપો. હુઝૂર ﷺએ ફર્માવ્યું, મને તેની ક઼બ્ર દેખાડો, તેણે કબર દેખાડી. હુઝૂર ﷺએ તે છોકરીનું નામ લઈ પોકારી તો છોકરીએ કબરમાંથી નીકળીને કહ્યું, હું હાજર છું ! હુઝૂર ﷺએ ફર્માવ્યું, શું તું પસંદ કરે છે કે દુનિયામાં પાછી આવી જાય ? તેણીએ અરજ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ અલ્લાહની ક઼સમ ! મેં અલ્લાહ પાકને માતા પિતાથી બેહતર પામ્યો અને આખિરતને દુનિયાથી સારી પામી. *(મવાહિબે લદુન્નિયા)*

હુઝૂર ﷺએ પોતાના વાલિદૈનને જીવંત કરી ઈસ્લામની દૌલતથી માલામાલ કર્યા. *(મવાહિબે લદુન્નિયા, માષબત બિસ્સુન્નહ–૩૭)*

હઝરત જાબિર رضی اللہ عنہના ઘરે દાવતમાં ખાધેલ બકરીને જીવંત ફર્માવી, આ ઉપરાંત પથ્થરોએ કલ્મા પઢ્યા, વૃક્ષોએ આપની નબુવ્વતની ગવાહી આપી, કાફિરો જેમને કુર્આને મુર્દા કહ્યા છે તેમને મુસલમાન બનાવી જીવન આપ્યું. આ બધા મોઅજિઝાઓ મુર્દાઓને જીવંત કરવામાં ગણાય છે.

**ઉન કે નિષાર કોઈ કૈસે હી રંજમેં હો**
**જબ યાદ આ ગએ હૈં સબ ગમ ભુલા દિએ હૈં**

*(નિષાર = કુર્બાન, રંજ = તકલીફ)*

**અર્થ** : હુઝૂર ﷺની મહેરબાનીઓ પર કુર્બાન જાઉં ! કોઈ ગમે તેવી પણ તકલીફ તથા પરેશાનીમાં હોય પણ જ્યારે હુઝૂર ﷺની યાદ આવી જાય છે તો બધા જ ગમ દુઃખ દૂર થઈ જાય છે.

**હમ સે ફક઼ીર ભી અબ ફેરી કો ઉઠતે હોંગે**
**અબ તો ગ઼ની કે દર પર બિસ્તર જમા દિએ હૈં**

*(હમ સે = અમારા જેવા, ફેરી = ફેરા મારવા, જમા દિએ = જમાવી દીધા)*

**અર્થ** : અમારા જેવા ફક઼ીરો ભીખ માંગવા માટે વસ્તીનો ફેરો મારવા શા માટે જાય, બસ ! હવે તો ગની સરકાર ﷺના દરવાજા પર બિસ્તર પાથરીને ડેરો નાખી દીધો છે.

**અસ્રામેં ગુઝરે જિસ દમ બેળે પે કુદસિયોં કે**
**હોને લગી સલામી પરચમ ઝુકા દિએ હૈં**

*(અસ્રા = મેઅરાજનો સફર, ગુઝરે = પસાર થયા, જિસ દમ = જે સમયે, બેળા = જમાઅત, કુદસિયોં = ફરિશ્તા, પરચમ = ઝંડા)*

**અર્થ** : શબે અસ્રાના દુલ્હા હુઝૂર પુરનૂર ﷺ જ્યારે મેઅરાજની રાતે સિદરતુલ મુન્તહાથી પસાર થયા ત્યાં બધા જ ફરિશ્તાઓ હુઝૂર ﷺના સ્વાગત માટે ઉપસ્થિત હતા. સૌ ફરિશ્તાઓએ હુઝૂર ﷺની બારગાહમાં ઝંડા ઝુકાવીને સલામી પેશ કરી.

**આને દો યા ડૂબો દો અબ તો તુમ્હારી જાનિબ**
**કશ્તી તુમ્હીં પે છોળી લંગર ઉઠા દિએ હૈં**

*(આને દો = આવવા દો, ડૂબો દો = ડૂબાડી દો, કશ્તી = હોડી, છોળી = છોડી, લંગર = લોખંડની સાકળ અથવા તે દોરડુ જેનાથી હોડીને કિનારા પર કોઈ વસ્તુ સાથે બાંધવામાં આવે છે.)*

**અર્થ** : પ્યારા આક઼ા ﷺ મદીના શરીફની હાજરી માટે અમે સ્ટીમર (કશ્તી)માં સવાર થઈ ગયા છીએ લંગર છોડી લીધી છે, સ્ટીમર ચાલવા લાગી છે. હવે આપની મરજી પર છે, ચાહો તો આપની બારગાહમાં આવવા દો અથવા ડૂબાડી દો.

**દુલ્હા સે ઈતના કહ દો પ્યારે સવારી રોકો**
**મુશ્કિલ મેં હૈં બરાતી પુર ખાર બાદિએ હૈં**

*(દુલ્હા = વર, પુરખાર = કાંટોથી ભરપૂર, બાદિયે = જંગલ)*

**અર્થ** : મહેશરના દુલ્હાને ફરિશ્તાઓ કહો કે સવારી રોકી લે, તેમના બરાતી (ઉમ્મતી) મહેશરની મુશ્કિલોમાં ફસાયેલા છે, મહેશરની વાદી તકલીફોના કાંટાઓથી ભરપૂર છે.

**અલ્લાહ ક્યા જહન્નમ અબ ભી ન સર્દ હોગા**
**રો રો કે મુસ્તફાને દરયા બહા દિએ હૈં**

**અર્થ** : હે અલ્લાહ ! શું ઉમ્મતે મુસ્તફા ﷺ માટે જહન્નમ હજી પણ ઠંડી નહીં થાય ?! કે ઉમ્મતની બખ્શિશ માટે મુસ્તફા જાને રહમતે રડી રડીને આંસૂના દરિયા વહાવી દીધા.

**મેરે કરીમ સે ગર કતરા કિસીને માંગા**
**દરયા બહા દિએ હૈં દુર બે બહા દિએ હૈં**

*(કરીમ = સખી, ગર = અગર, કતરા = બુંદ, દુર = મોતી, બે બહા = કિંમતી)*

**અર્થ** : મારા કરીમથી જો કોઈએ એક બુંદનો સવાલ કર્યો તો સરકાર ﷺએ તેના માટે સખાવતના દરિયા વહાવી દીધા અને કિંમતી મોતીઓ અર્પણ કર્યા.

**મુલ્કે સુખન કી શાહી તુમ કો "રઝા" મુસલ્લમ**
**જિસ સિમ્ત આ ગએ હો સિક્કે બિઠા દિએ હૈં**

*(મુલ્કે સુખન = વાતચીત, કલામનો દેશ, શાહી = હુકૂમત, મુસલ્લમ = માન્યતા પ્રાપ્ત, સિમ્ત = દિશા, સિક્કે બિઠા દિએ હૈં = રૂઆબ જમાવી દીધો છે, ડંકો વગાડી દીધો છે)*

આ'લા હઝરતે આ શેઅર "તહદીષે નેઅમત"ના તૌર પર કહ્યો છે, એટલે કે નેઅમતોને જાહેર કરવા માટે કહ્યું છે કે નેઅમતોને જાહેર કરવું જરૂરી છે. અલ્લાહ તઆલા ફર્માવે છે, પોતાની રબની નેઅમતોનો ખૂબ ખૂબ ચર્ચા કરો. *(પારા–૩૦)*

હદીષે પાકમાં છે, નેઅમતનું બયાન કરવું શુક્ર છે અને તેને છોડી દેવું નાશુક્રી છે.

અલ્લાહ પાકે આ'લા હઝરતને ૫૦થી વધુ ઈલ્મ અને ફનો (વિદ્યા કલાઓ)માં મહારત આપી હતી જેના બયાન રૂપે આ'લા હઝરતે આ શેઅર કહ્યો, અને આ એક સત્ય હકીકત પણ છે. આ વિશે વધુ માહિતી માટે "હયાતે આ'લા હઝરત", "અફકારે આ'લા હઝરત" વગેરે કિતાબોનો અભ્યાસ કરો.

પેજ નં. **૨૯**નું ચાલુ...

મન્સૂરના જમાનામાં પણ આપ તે જ હોદ્દા ઉપર કાયમ રહ્યા. જ્યારે હારૂન રશીદે હિજરી ૧૯૩ ઈ.સ. ૮૦૯માં હુકૂમતની દૌર સંભાળી તો તેણે આપને આખી સલ્તનતે અબ્બાસિયાના કાઝીઉલ કઝા (ચીફ જસ્ટીસ) નિયુક્ત કર્યા.

**ઈબાદત તથા રિયાઝત** : આપ કાઝીના હોદ્દા અને ઈલ્મી વ્યસ્તતામાં હોવા છતાં ઈબાદત તથા રિયાઝતમાં પણ ઊંચો મકામ ધરાવતા હતા. આપ પોતે ફર્માવ્યા કરતા હતા કે **હું ઈમામે આ'ઝમની ખિદમતમાં ૨૯ વર્ષ સુધી રહ્યો અને મારી સવારની (ફજરની) જમાઅત છૂટી નથી.**

બશીર બિન વલીદનું બયાન છે કે, ઈમામ અબૂ યુસૂફના ઝોહદ તથા વરઅ અને **ઈબાદત તથા તકવાનો એ આલમ હતો કે કાઝી (જજ) તથા વઝારત (મંત્રી પદ)ના જમાનામાં પણ ૨૦૦ રકઅત નફલ નમાઝો અદા કરતા હતા.**

**આપના શાગિર્દો** : આપના શાગિર્દોમાં મુહમ્મદ બિન હસન શૈબાની, શફીક બિન ઈબ્રાહીમ બલ્ખી, ઈમામ અહમદ બિન હંબલ, બિશર બિન અલવલીદ કન્દી, મુહમ્મદ બિન અસ્માઅ, મઅલા બિન મન્સૂર, બિશર બિન ગયાષ, અલી બિન જઅદા, યહ્યા બિન મુઈન, અહમદ બિન મનીઅ વગેરે મુહદ્દિષો તથા ફુકહાએ કિરામ સૂરજ અને ચાંદની જેમ ચમકતા નજર આવે છે.

વિસાલ ૫ રબીઉલ અવ્વલ હિ.સ. ૧૮૭ જુમેરાતના દિવસે ઝોહરના સમયે બગદાદ શરીફમાં ઈલ્મ તથા ઈરફાનનો આ સૂરજ ડૂબી ગયો. મઝાર શરીફ હઝરત ઈમામ મૂસા કાઝિમ رحمۃ اللہ علیہની ઉત્તર બાજુએ આમ તથા ખાસ લોકો માટે ઝિયારતગાહ છે.

## દલીલુલ આરિફીન



# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)

*(મજલિસ : ૮)*

*(દલીલુલ આરિફીન : મલ્ફૂઝાતે ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ)*

(સંપાદક : હઝરત કુત્બુદ્દીન બખ્તિયારકાકી رحمۃ اللہ علیہ)

ત્યારબાદ ત્રણવાર આ પ્રમાણે કહે :–

سُبْحَانَ اللّٰہِ مِلَاءَ الْمِیْزَانِ وَمُنْتَهی الْعِلْمِ وَزِیْنَةَ الْعَرْشِ وَمَبْلَغَ الرِّضَاءِ بِرَحْمَتِكَ یَا اَرْحَمَ الرَّاحِمِیْنَ۔

**સુબ્હાનલ્લાહિ મિલઅલમીઝાનિ વ મુન્તહલ્ઈલિમ વઝીનતલ્અર્શિ વ મબ્લગર્રિદાઈ બિરહ્મતિક યા અર્હમર્રાહીમીન.**

પછી એકવાર આ પ્રમાણે પઢે :–

رَضِیْتُ بِاللّٰہِ یَا کَرِیْمًا وَبِمُحَمَّدٍ نَبِیًّا وَبِالْاِسْلَامِ دِیْنًا وَ بِالْقُرْاٰنِ اِمَامًا وَبِالْکَعْبَةِ وَقِبْلَةً وَبِالْمُؤْمِنِیْنَ اِخْوَانًا

**રદ્વીતુ બિલ્લાહિ યા કરીમન્ વબિમુહમ્મદિ નબિય્યિના વબિલ્ઈસ્લામિ દીના વબિલ્કુર્આનિ ઈમામન્ વબિલ્કઅ્બતિ વ કિ઼બ્લતન્ વ બિલ્મુઅ્મિનીન ઈખ્વાના.**

પછી ત્રણવાર આ પ્રમાણે કહે :–

بِسْمِ اللّٰہِ خَیْرِ الْاَسْمَاءِ بِسْمِ اللّٰہِ رَبِّ الْاَرْضِ وَ السَّمَآءِ بِسْمِ اللّٰہِ الَّذِیْ لَا یَضُرُّ مَعَ اسْمِهٖ شَیْءٌ فِی الْاَرْضِ وَلَا فِی السَّمَاءِ وَهُوَ السَّمِیْعُ الْعَلِیْمُ

**બિસ્મિલ્લાહિ ખય્રિલ અસ્માઈ બિસ્મિલ્લાહિ રબ્બિલઅર્દિ વસ્સમાઈ બિસ્મિલ્લાહિલ્લઝી લાયદુર્રુ મઅઈસ્મિહી શયઉન્ ફિલ્અર્દિ વલા ફિસ્સમાઈ. વહુવસ્સમીઉલ અ્લીમ.**

ત્યારબાદ અમુકવાર આ પ્રમાણે કહે :–

اَللّٰهُمَّ اَجِرْنَا مِنَ النَّارِ یَا مُجِیْرُ

**અલ્લાહુમ્મ અજિર્ના મિનન્નારિ યા મુજીર.**

ત્યારબાદ دسવાર رحمۃ اللہ تعالٰی علیہم اجمعین
ત્યારબાદ દસવાર આ પ્રમાણે કહે : لَآ اِلٰهَ اِلَّا اللّٰہُ અને દસમીવાર مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰہِ صلی اللہ علیہ وسلم કહે. પછી એકવાર આ પ્રમાણે કહે :–

وَاَشْهَدُ اَنَّ الْجَنَّةَ حَقٌّ وَالنَّارَ حَقٌّ وَالْمِیْزَانَ حَقٌّ وَالْمَوْتَ حَقٌّ وَالسُّوَالَ حَقٌّ وَالصِّرَاطَ حَقٌّ وَالشَّفَاعَةَ حَقٌّ وَکَرَامَةُ الْاَوْلِیَاءِ حَقٌّ وَمُعْجِزَةُ الْاَنْبِیَآءِ حَقٌّ فِی الدَّارِ الدُّنْیَا وَاَنَّ السَّاعَةَ اٰتِیَةٌ لَارَیْبَ فِیْهَا۔ وَاَنَّ اللّٰہَ یَبْعَثُ مَنْ فِی الْقُبُوْرِ

**અશ્હદુ અન્ન જન્નત હક્કુન વલ્મીઝાન હક્કુન્ વલ્મૌત હક્કુન વસ્સવાલ હક્કુન્ વલ્સિરાત હક્કુન વશફાઅતિ હક્કુન્ વ કરામતુલ અવલિયાઈ હક્કુન્ વ મુઅજઝાતુલ્અંબિયાઈ હક્કુન્ ફિદ્દારિદ્દુન્યા વઈન્ન સાઅત આતિયતુન્ લારૈબ ફીહા. વઈન્નલાહિ યબ્અષુ મન્ફિલ્કુબૂર.**

પછી હાથ ઉઠાવીને આ દુઆ પઢે :–

اَللّٰهُمَّ زِدْنُوْرَ نَاوَزِدْ حُضُوْرَنَا وَ زِدْمَغْفِرَتَنَا وَزِدْ طَاعَتَنَا وَزِدْ نُعِمَتَنَا وِزِدْ مَحَبَّتَنَا وَزِدْ عِشْقَنَا وَزِدْ قُبُوْلَنَا بِرَحْمَتِكَ يَا اَرْحَمَ الرَّاحِمِيْنَ۔

**અલ્લાહુમ્મઝિદ્‌નૂરના વઝિદ્‌ હુદૂરના વઝિદ મગ્ફિરતના વઝિદ્‌ તાઅતના વઝિદ્‌ નુઈમતના વઝિદ્‌ મહબ્બતના વઝિદ્‌ ઈશ્કના વઝિદ્‌ કુબૂલના બિરહ્‌મતિક યા અર્હમર્રાહિમીન.**

ત્યારબાદ મુસબ્બિઆતે અશરા (સૂરએ ફાતિહા, સૂરએ નાસ, સૂરએ ફલક, સૂરએ ઈખ્લાસ, સૂરએ કાફિરૂન, આયતુલ કુર્સી, ત્રીજો કલ્મો દરેકને સાતવાર બિસ્મિલ્લાહ સાથે પઢવું) અને સૂરએ યાસીન પઢે. પછી સો વાર સૂરતુલ મુલ્ક પઢે, પછી સૂરતુલ જુમ્અહ પઢે. પછી જ્યારે સૂર્ય ઊંચો થાય તો ઈશ્રાકની નમાઝ દસ રકાત પાંચ સલામથી એ રીતે પઢે કે પ્રથમ રકાતમાં સૂરએ ફાતિહા એકવાર અને સૂરએ ઝિલ્ઝાલ એકવાર. બીજી રકાતમાં સૂરએ ફાતિહા એકવાર અને સૂરએ કૌષર એકવાર. નમાઝ પછી દસવાર દુરૂદ શરીફ પઢીને કુર્આનની તિલાવતમાં મશ્ગૂલ થઈ જાય. પછી ચાશ્તની નમાઝ બાર રકાતો છ સલામો સાથે એ રીતે અદા કરે કે દરેક રકાતમાં સૂરએ ફાતિહા એકવાર અને સૂરતુદુહા એકવાર. પછી સલામ બાદ સો વાર ત્રીજો કલ્મો સુબ્હાનલ્લાહિ વલ્હમ્દુલિલ્લાહિ....પૂરો પઢે અને સો વાર દુરૂદ શરીફ પઢે પછી મોડે સુધી કુર્આન શરીફની તિલાવતમાં મશ્ગૂલ રહે. અલ્બત્ત ખિઝર علیہ السلام સાથે મુલાકાત થશે. પછી સૂરતો પઢે એટલે "અલમતર કય્ફ"થી લઈને સૂરએ નાસ સુધી. સલામ પછી દસવાર દુરૂદ શરીફ પઢે પછી સૂરએ નૂહ પઢે અને યાદે ઈલાહીમાં અસ્રની નમાઝ સુધી મશ્ગૂલ રહે. પછી સો વાર :–

لَا حَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ الْعَلِيِّ الْعَظِيْمِ પઢે, પછી સૂરએ ફતહ પછી સૂરએ મુલ્ક પાંચવાર પઢે. પછી સૂરએ અમ્મ યતસાઅલૂન અને સૂરએ વન્નાઝિઆત પઢે તો અલ્લાહ તઆલા તેને કબ્રમાં છોડશે નહીં, પછી યાદે ઈલાહીમાં મશ્ગૂલ થઈ જાય.

શરહે મશાઈખમાં લખ્યું છે કે જે શખ્સ સૂરએ નાઝિઆત પઢશે અલ્લાહ તઆલા તેને કબ્રમાં છોડશે નહીં. ત્યારબાદ સાંજની (મગરિબની) નમાઝ પઢે. સુન્નતો પછી બે રકાત નમાઝે હિફઝે ઈમાન અદા કરે. પહેલી રકાતમાં ફાતિહા પછી સૂરએ ઈખ્લાસ ત્રણવાર ત્રણવાર અને સૂરએ નાસ એકવાર પઢે. નમાઝથી ફારિગ થઈને માથુ સિજદામાં રાખીને કહે :

يَاحَيُّ يَاقَيُّوْمُ ثَبِّتْنَا عَلَى الْاِيْمَانِ

**યા હય્યૂ યા કૈયૂમ ષબ્બિતની અલલ ઈમાન.**

પછી નમાઝે અવ્વાબીન અદા કરે. પરંતુ અમારી નજીક છ રકાત ત્રણ સલામથી અદા કરે. પ્રથમ રકાતમાં ફાતિહા પછી સૂરએ ઝિલ્ઝાલ, બીજી રકાતમાં ફાતિહા પછી સૂરએ તકાષુર, ત્રીજીમાં ફાતિહા પછી સૂરએ વાકિઆ પઢે. પછી ઈશાની નમાઝ સુધી યાદે ઈલાહીમાં મશ્ગૂલ રહે. પછી ઈશાની નમાઝથી પહેલાં આ દુઆ પઢે :–

اَللّٰهُمَّ اَعِنِّى عَلٰى ذِكْرِكَ وَشُكْرِكَ وَحُسْنِ عِبَادَتِكَ

**અલ્લાહુમ્મ ઈન્ની અલા ઝિક્રિક વ શુક્રિક વ હુસ્નિ ઈબાદતિક.**

પછી ઈશાની નમાઝ ચાર રકાત અદા કરે એ રીતે કે પ્રથમ ચાર રકાતમાં સૂરએ ફાતિહા પછી ત્રણવાર ઈન્ના અન્ઝલ્ના અને પંદરવાર સૂરએ ઈખ્લાસ પઢે. પછી નમાઝથી ફારિગ થઈને માથુ સિજદામાં રાખીને બેસે તો આ દુઆ પઢે :–

اَللّٰهُمَّ اِنِّىْ اَسْئَلُكَ بَرَكَةً فِى الْعُمْرِ وَصِحَّةً فِى الْمَعِيْشَةِ وَسِعَةً فِى الرِّزْقِ وَ زِيَادَةً فِى الْعِلْمِ وَثَبِّتْنَا عَلَى الْاِيْمَانِ۔

વધુ પેજ નં. ૩૪....પર

# ગલતફહમીઓ તથા તેની સુધારણા

✪ અઝ ✪
હઝરત મૌલાના તત્હીર અહમદ બરેલ્વી

✪ અનુવાદક ✪
મુહમ્મદ બશીર યૂસુફ ગોડીલ-પોરબંદર
(B.Sc. M.Ed.)

## શરીઅતનો વિરોધ કરવાવાળા પીર

આજકાલ એવા પીરોની સંખ્યા પણ ઘણી જ છે જેઓ નમાઝ, રોઝા અને બીજા શરીઅતના હુકમો ઉપર ન તો પોતે અમલ કરે છે અને ન તો તેમના મુરીદોથી અમલ કરાવે છે. બલ્કે ઈસ્લામ અને કુર્આનની વાતોને એમ કહીને ટાળી દે છે કે ''આ મોલ્વી લાઈનની વાતો છે, અમે તો ફકીરી લાઈનના છીએ !'' આ ખુલ્લેઆમ શરીઅતે ઈસ્લામિયહનો ઈન્કાર છે, અને નમાઝ, રોઝાઓનો વિરોધ કરવાવાળાઓ, પીર તો ઠીક પરંતું **મુસલમાન પણ નથી** અને આવા પીરોના મુરીદ થવું એવું જ છે જેમ કે કોઈ ગૈર મુસ્લિમને પોતાનો પેશવા બનાવવું. કેમ કે શરીઅતે ઈસ્લામિયહનો ઈન્કાર એ ઈસ્લામનો જ ઈન્કાર છે અને આ કુફ્ર છે.

સૈયદેના આ'લા હઝરત મૌલાના શાહ અહમદરઝાખાં બરેલ્વી رحمۃ اللہ علیہ ઈર્શાદ ફર્માવે છે : ''ખુલ્લેઆમ (જાહેરમાં) પવિત્ર શરીઅતને મઆઝલ્લાહ બેકાર અને વ્યર્થ, બકવાસ અને બાતિલ કહી દેવું એ ખુલ્લુ કુફ્ર અને ઈર્તેદાદ (મઝહબથી દૂર થઈ જવું) અને ઝિન્દીકપણુ, ઈલ્હાદ તથા લા'નત અને દીનથી દૂરીનું નિમિત્ત છે.'' *(મક઼ાલુલ ઓરફા, પેજ-૯)*

હક્ક઼ (સત્ય) એ જ છે કે અલ્લાહનો વલી અને અલ્લાહવાળો તે જ છે જે પોતે પણ અલ્લાહના રસ્તે ચાલે અને બીજાઓને પણ ચલાવે. અને અલ્લાહનો રસ્તો એ જ છે જે રસૂલે અકરમ હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺએ બતાવ્યો અને તેમણે પોતે તેના પર ચાલીને બતાવ્યું. આનો (આ રસ્તાનો) વિરોધી હુઝૂરનો વિરોધી છે અને હુઝૂરનો વિરોધી અલ્લાહનો વિરોધી છે અને તે મરદૂદ શૈતાનનો મુરીદ છે.''

કુર્આને કરીમમાં ખુદાએ તઆલાનું ફર્માન છે : ''અય મહબૂબ ! તમે ફર્માવો કે જો તમે અલ્લાહથી મહોબ્બત કરો છો તો મારું કહેવું માનો, તમે અલ્લાહના પ્યારા થઈ જશો અને તે તમારા ગુનાહોને માફ કરી દેશે અને અલ્લાહ ઘણો જ બખ્શવાવાળો મહેરબાન છે.'' *(પારા-૨, રુકૂઅ-૪)*

આ આયતે કરીમાથી ઘણુ જ જાણવાનું મળ્યું કે અલ્લાહ તઆલા સુધી પહોંચવાના બધા રસ્તાઓ હુઝૂરના ક઼દમો (પગ મુબારક)માંથી થઈને પસાર થાય છે પછી તે આલિમો, મોલ્વીઓનો હોય કે ફક઼ીરો, દુર્વેશોનો. હુઝૂર ﷺનો રસ્તો છોડીને હરગિઝ કોઈ ખુદાએ તઆલા સુધી પહોંચી શકતો નથી અને હુઝૂર ﷺનો રસ્તો જ શરીઅતે ઈસ્લામિયહ છે અને તરીક઼ત પણ તેનો જ એક ભાગ છે, તેને શરીઅતથી અલગ માનવું ગુમરાહી છે.

કેટલાક ગુમરાહ પીરોને ગુમરાહ મુરીદોથી આ પ્રમાણે કહેતાં પણ સાંભળવા મળેલ છે કે, ''અમોએ અમારા પીરનો દીદાર (દર્શન) કરી લીધો, આ જ અમારી નમાઝ અને ઈબાદત છે.'' આ તેઓનું કથન બિલ્કુલ બેદીની (મઝહબે ઈસ્લામથી અલગ) છે. નમાઝ ઈસ્લામમાં એટલી મહત્વની છે જેને જો મુરીદો છોડી દેશે તો તેઓ ક઼બ્ર અને હશ્રમાં અલ્લાહના અઝાબની મજા ચાખશે અને જો પીર છોડી દેશે તો તેઓને પણ આખેરતમાં અઝાબમાં નાખીને તડપાવવામાં આવશે અને તે (હક઼ીક઼તમાં) પીર જ

નથી જે ન પોતે અલ્લાહની ઈબાદત કરે અને ન તો બીજાઓને કરવા દે.

નમાઝનું તો ઈસ્લામમાં એટલુ ઊંચુ સ્થાન છે કે હુઝૂર સૈયદે આલમ અહમદે મુજતબા મુહમ્મદ મુસ્તફા ﷺ જ્યારે મક્કા મોઅઝ્ઝમાથી હિજરત કરીને મદીના મુનવ્વરામાં તશરીફ લઈ ગયા હતા તો આપે પોતાના માટે અને પોતાના ઘરવાળાઓના રહેવા માટે હુજરાઓ અને મકાન પાછળથી બંધાવ્યાં હતાં, પરંતું પહેલાં ખુદાએ તઆલાની ઈબાદત એટલે કે નમાઝ પઢવા માટે મસ્જિદનું બાંધકામ કરાવ્યું હતું જે આજે પણ છે, જેનો એક એક અંશ ઈમાનવાળાઓ માટે દિલ અને જાનથી વધીને છે.

હુઝૂર ﷺ ફર્માવે છે કે નમાઝ મારી આંખોની ઠંડક છે અને નમાઝ જન્નતની કૂંજી છે. પહેલાંના સમયના બુઝુર્ગાને દીન, મુર્શિદાને કિરામ, સૂફી અને દુરવેશ બધા જ નમાઝી, દીનદાર અને સંપૂર્ણપણે હુઝૂર ﷺની શરીઅત પર ચાલવાવાળા અને પરહેઝગાર હતા.

તેઓ આ પ્રમાણે કહેતા ન હતા કે અમે ફકીરી લાઈનના છીએ ! અમારા ઉપર નમાઝ માફ છે ! બલ્કે તેઓ અન્ય લોકોથી વધુ આખી આખી રાત નમાઝ પઢતા હતા. આજકાલના કેટલાક જાહિલ (ઈલ્મ વગરના) ફક્ત નામ પૂરતા સૂફીઓ અને પીરોએ વિચાર્યું કે પીરી પણ ચાલતી રહે અને આઝાદી તેમજ એશોઆરામમાં પણ કોઈ કમી ન આવે, જેથી જ તેઓ શરીઅતના હુકમો નમાઝ, રોઝા વગેરેનો વિરોધ કરે છે.

વિચારવા યોગ્ય વાત છે કે પહેલાંના સમયના બુઝુર્ગોનાં આસ્તાના અને મઝારાત જ્યાં પણ જોવા મળશે, ત્યાં મસ્જિદ પણ જરૂર જોવા મળશે. અજમેર શરીફમાં ખ્વાજા ગરીબ નવાઝ મોઈનુદ્દીન ચિશ્તી رحمۃ اللہ علیہનો મઝાર, હઝરત નિઝામુદ્દીન મહબૂબે ઈલાહી, હઝરત નસીરૂદ્દીન ચિરાગ દહેલ્વી, હઝરત શૈખ અબ્દુલ હક્ક મોહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہم اجمعین વગેરેની ખાનકાહો, લાહોરમાં હઝરત દાતા ગંજબખ્શનો આસ્તાના, નાગોર શરીફમાં હઝરત સૂફી હમીદુદ્દીન નાગોરી, કિછોછા શરીફમાં હઝરત શૈખ મખ્દૂમ અશરફ સિમ્નાની, પાક પટ્ટનમાં હઝરત ફરીદુદ્દીન ગંજેશકર, કલિયર શરીફમાં હઝરત શૈખ અલાઉદ્દીન સાબિર કલિયરી رحمۃ اللہ علیہم اجمعین વગેરેનાં તે બધા આસ્તાનાઓ ઉપર આપને જ્યાં પણ મઝારાત જોવા મળશે ત્યાં મસ્જિદો પણ તેમની લગોલગ બનેલી જોવા મળશે. આમાં રહસ્ય એ જ છે કે આ બુઝુર્ગો જ્યાં રોકાતા, રહેતા, સૂતા ત્યાં ખુદાનુ ઘર એટલે મસ્જિદ બનાવીને અઝાન અને નમાઝથી તેને આબાદ ફર્માવતા અને જ્યારે તેઓએ ખુદાએ તઆલાની ઈબાદત કરીને તેના ઘરને આબાદ કર્યું તો ખુદાએ તઆલાએ તેઓના દરો (ઘર)ને આબાદ કરી દીધાં.

અને ઈસ્લામ આ જ બે ચીજોનું નામ છે કે ખુદાએ તઆલાની ઈબાદત ઈતાઅત પણ થતી રહે અને તેના મહબૂબ બંદાઓ, ખુદાના ખાસ બંદાઓ હઝરાતે અંબિયા અને ઔલિયાની તા'ઝીમ અને તેમનાથી મહોબ્બત પણ થતી રહે.

જે ખુદાએ તઆલા સિવાય અન્ય બીજાઓની ઈબાદત, પૂજા અને પરસ્તિશ કરે તે મુસલમાન નથી, અને જે અલ્લાહવાળાઓથી મહોબ્બતનો સદંતર ઈન્કાર કરે, તેમની બારગાહોમાં બેઅદબી કરે, ગુસ્તાખી કરે, તે પણ ઈસ્લામથી ખારિજ (બહાર) છે.


## નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૨૦૦/–** (ટપાલ ખર્ચ ૧૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુા.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧



# કુર્આન શરીફની
## અમુક રસપ્રદ વાતો

રજૂ. અસ્રાર હાફિઝ દાઊદ નક્શબંદી પારખેતી
(મુતઅલ્લિમ : જામિઆ અશ્રફિયહ-મુબારકપુર)

**૦૧.** કુર્આન શરીફમાં એક એવી સૂરત છે જેની દરેક આયતમાં અલ્લાહનો શબ્દ મૌજૂદ છે અને તે સૂરએ મુજાદિલહ છે.

**૦૨.** કુર્આન શરીફમાં બે આયતો એવી છે જેમાં અલિફથી યા સુધી બધા હુરૂફ આવ્યા છે, તેમાં પહેલી આયત સૂરએ આલે ઈમરાનની આયત નંબર ૧૫૪ છે અને બીજી સૂરએ ફતહની આયત નંબર ૨૦ છે.

**૦૩.** કુર્આન શરીફમાં ફક્ત એક જ એવી સૂરત છે જેમાં ઝેર એક જ વખત આવેલ છે તે સૂરએ ઈખ્લાસ છે.

**૦૪.** કુર્આન શરીફની સૌથી મોટી સૂરત સૂરએ બક્રહ છે અને સૌથી મોટી આયત સૂરએ બક્રહની આયત નંબર ૨૮૨ છે. પરંતું અર્થની દષ્ટિએ સૌથી મોટી સૂરત સૂરએ ફાતિહા છે.

**૦૫.** કુર્આન શરીફમાં يَا اَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا ઘણી વખત આવ્યું છે. પરંતું يَا اَيُّهَا الَّذِيْنَ كَفَرُوْا ફક્ત એક જ વખત સૂરએ તહરીમની આયત નંબર ૭માં છે.

**૦૬.** કુર્આન શરીફમાં કુલ قُلْ يَا اَيُّهَا الَّذِيْنَ هَادُوْا ફક્ત એક જ વખત સૂરએ જુમ્આની આયત નંબર ૬માં છે.

**૦૭.** કુર્આન શરીફની સૌથી નાની આયત સૂરએ મુદસ્સીરની આયત નંબર ૨૧ છે અને તે (ثُمَّ نَظَرَ) થુમ્મ નઝર છે.

**૦૮.** કુર્આન શરીફમાં એક સંપૂર્ણ રુકૂઅ એવો છે જે ફક્ત એક જ આયતનો છે અને તે સૂરએ મુઝ્ઝમ્મિલનો આખરી રુકૂઅ છે.

**૦૯.** કુર્આન શરીફમાં સૌથી વધારે આયતો જે રુકૂઅમાં છે તે સૂરએ અબસનો રુકૂઅ છે. જે ૩૦માં પારામાં છે.

**૧૦.** કુર્આન શરીફમાં જ્યાં પણ લયલ અને નહારનો શબ્દ ભેગો આવ્યો છે ત્યાં લયલનું પહેલાં અને નહારનું પછી વર્ણન થયેલ છે.

**૧૧.** કુર્આન શરીફમાં مِنْ تَحْتِهَا الْاَنْهَار ઘણી જગ્યાઓ પર આવ્યું છે પણ تَحْتِهَا الْاَنْهَار ફક્ત એક જ વખત સૂરએ તૌબાની આયત નંબર ૧૦૦માં આવ્યું છે.

**૧૨.** કુર્આન શરીફમાં (غَفُوْرٌ الرَّحِيْمَ) ગફુરુર્રહીમ ઘણી વખત આવ્યું છે પણ (اَلرَّحِيْمُ الْغَفُوْرَ) અર્રહીમુલ ગફુર ફક્ત એક જ વખત સૂરએ સબા આયત નંબર ૨ માં છે.

**૧૩.** કુર્આન શરીફમાં સૂરએ તૂરના બીજા રુકૂઅમાં ૧૬ આયતો એવી છે જેની શરૂઆત (ام)અમના લફ્ઝથી થાય છે જે બીજી કોઈપણ સૂરતમાં નથી.

**૧૪.** કુર્આન શરીફમાં ૩૩૨ આયતો લફ્ઝે قل કુલથી શરૂ થયેલ છે.

**૧૫.** કુર્આન શરીફમાં હઝરત મરયમના સિવાય કોઈ સ્ત્રીનું નામ વર્ણન થયેલ નથી, હઝરત મરયમનું નામ ૩૪ વખત વર્ણન થયેલ છે.

**૧૬.** يَا اَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا ના શબ્દો સૌથી વધારે સૂરએ માઈદામાં આવેલ છે.

**૧૭.** કુર્આન શરીફમાં يَا اَيُّهَا النَّبِى ઘણી બધી જગ્યાઓ પર આવ્યું છે, પણ يَا اَيُّهَا الرَّسُوْلَ બે વખત આવ્યું છે.

**૧૮.** કુર્આન શરીફમાં لَاتَكُنْ લા તકુન ઘણી બધી જગ્યાઓ પર વધુ પેજ નં. ૧૦....પર ☞

# અહલે સુન્નતના અક઼ીદા કુ઼ર્આનની રોશનીમાં

લેખક : **મૌલાના સૈયદ મુહમ્મદ અમીનઅલી ક઼ાદરી** *(નિગરાં : સુન્ની દાવતે ઈસ્લામી–માલેગાંવ)*
અનુવાદક : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

## ઈલ્મે ગૈબે મુસ્તુફ઼ા ﷺ

**★ અલ્લાહ તઆલા પોતાના પસંદીદા બંદાઓને ઈલ્મે ગૈબ અતા ફ઼ર્માવે છે ★**

وَمَا كَانَ اللّٰهُ لِيُطْلِعَكُمْ
عَلَى الْغَيْبِ وَلٰكِنَّ اللّٰهَ
يَجْتَبِىْ مِنْ رُّسُلِهٖ مَنْ يَّشَآءُ

"અને અલ્લાહની શાન એ નથી કે અય સામાન્ય લોકો ! તમને ગૈબનું ઈલ્મ આપી દે. હા ! અલ્લાહ ચૂંટી લે છે પોતાના રસૂલોમાંથી જેને ઈચ્છે. *(સૂ. આલિ ઈમરાન, પારા–૪, આ. ૧૭૯)*

**★ રસૂલે પાક ﷺ જે ન જાણતા હતા તે સર્વ આપને શિખવવામાં આવ્યું ★**

وَعَلَّمَكَ مَا لَمْ تَكُنْ تَعْلَمُ ؕ وَكَانَ فَضْلُ اللّٰهِ عَلَيْكَ عَظِيْمًا ﴿۱۱۳﴾

"અને તમને શિખવાડી દીધું જે કાંઈ તમે ન જાણતા હતા અને છે અલ્લાહનો ફઝ્લ તમારા પર મોટો. *(સૂ. નિસાઅ, પારા–૫, આ.૧૧૩)*

**★ મોઅલ્લિમે ક઼ાએનાત ﷺએ દિલોના છુપાએલા ભેદો ખોલી દીધા ★**

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَسْـَٔلُوْا عَنْ
اَشْيَآءَ اِنْ تُبْدَ لَكُمْ تَسُؤْكُمْ ۚ وَاِنْ
تَسْـَٔلُوْا عَنْهَا حِيْنَ يُنَزَّلُ الْقُرْاٰنُ
تُبْدَ لَكُمْ ؕ عَفَا اللّٰهُ عَنْهَا ؕ
وَاللّٰهُ غَفُوْرٌ حَلِيْمٌ ﴿۱۰۱﴾

"અય ઈમાનવાળાઓ ! એવી વાતો ન પૂછો કે જે તમને કહી દેવામાં આવે તો તમને ન ગમે અને એવી વાતોને એવા સમયે પૂછશો કે (જયારે) કુર્આન ઉતરી રહ્યું છે તો (તે) તમારા પર ઉઘાડી દેવાશે. અલ્લાહ એને માફ કરી ચૂકયો છે અને અલ્લાહ માફ કરનાર સંયમી છે. *(સૂ. માએદા, પારા–૭, આ. ૧૦૧)*

**★ અલ્લાહે પોતાના મહબૂબ ﷺને સર્વ ઈલ્મો શિખવ્યા ★**

اَلرَّحْمٰنُ ﴿۱﴾ عَلَّمَ الْقُرْاٰنَ ﴿۲﴾
خَلَقَ الْاِنْسَانَ ﴿۳﴾ عَلَّمَهُ الْبَيَانَ ﴿۴﴾

"રહમાને પોતાના મહબૂબને કુર્આન શિખવ્યું, માનવતાના પ્રાણ મુહમ્મદને પેદા કર્યા, જે થયું અને જે થવાનું છે તેનું બયાન તેમને શિખવ્યું. *(સૂ. રહમાન, પારા–૨૭, આ. ૧,૪)*

**★ પસંદીદા રસૂલોને ઈલ્મે ગૈબ ★**

عٰلِمُ الْغَيْبِ فَلَا يُظْهِرُ عَلٰى غَيْبِهٖۤ
اَحَدًا ﴿۲۶﴾ اِلَّا مَنِ ارْتَضٰى مِنْ رَّسُوْلٍ

"ગૈબનો જાણકાર તો પોતાના ગૈબ પર કોઈને કબ્જો આપી દેતો નથી, પોતાના પસંદ કરેલા રસૂલો સિવાય. *(સૂ. જિન, પારા–૨૯, આ. ૨૬)*

**★ હુઝૂર ﷺ ગૈબ બતાવવામાં બખીલી નથી કરતા ★**

وَمَا هُوَ عَلَى الْغَيْبِ بِضَنِيْنٍ ﴿۲۴﴾

"અને આ નબી ગૈબ કહેવામાં બખીલી નથી. *(સૂ. તક઼વીર, પારા–૩૦, આ. ૨૪)*

## મુસ્તફા જાને રહમત ﷺની શફાઅત

وَمَآ أَرۡسَلۡنَا مِن رَّسُولٍ إِلَّا لِيُطَاعَ بِإِذۡنِ ٱللَّهِۚ وَلَوۡ أَنَّهُمۡ إِذ ظَّلَمُوٓاْ أَنفُسَهُمۡ جَآءُوكَ فَٱسۡتَغۡفَرُواْ ٱللَّهَ وَٱسۡتَغۡفَرَ لَهُمُ ٱلرَّسُولُ لَوَجَدُواْ ٱللَّهَ تَوَّابًا رَّحِيمًا ۝٦٤

"અને અમે કોઈ રસૂલ ન મોકલ્યા પણ એટલા માટે કે અલ્લાહના હુકમથી તેની તાબેદારી કરવામાં આવે અને જો જ્યારે તેઓ પોતાના પ્રાણો પર જુલ્મ કરે, તો અય મહબૂબ ! તમારી સમક્ષ હાજર થાય પછી અલ્લાહ પાસે માફી માંગે, અને રસૂલ તેમની શફાઅત ફર્માવે તો અવશ્ય અલ્લાહને ખૂબ તૌબા કબૂલ કરનાર મહેરબાન પામે. *(સૂ. નિસાઅ, ૫/૬૪)*

### ★ શફાઅત અલ્લાહની રઝાથી ★

مَن ذَا ٱلَّذِى يَشۡفَعُ عِندَهُۥٓ إِلَّا بِإِذۡنِهِۦۚ

"એવો કોણ છે જે તેના દરબારમાં તેના હુકમ વગર ભલામણ કરે. *(સૂ. બકરહ, પારા–૩, આ. ૨૫૫)*

### ★ હુઝૂર સૈયદે આલમ ﷺ મકામે મહમૂદ પર ★

وَمِنَ ٱلَّيۡلِ فَتَهَجَّدۡ بِهِۦ نَافِلَةً لَّكَ عَسَىٰٓ أَن يَبۡعَثَكَ رَبُّكَ مَقَامًا مَّحۡمُودًا ۝٧٩

"અને રાતના અમુક ભાગમાં તહજ્જુદ કરો, આ ખાસ તમારા માટે વધારો છે. નજીક છે કે તમને તમારો રબ એવી જગ્યાએ ખડા કરે જ્યાં બધા જ તમારા વખાણ કરે." *(સૂ. બની ઈસ્રાઈલ, પારા–૧૫, આ. ૭૯)*

### ★ હુઝૂર શફીઉલ મુઝનિબીન ﷺ દરેક ખાસ તથા આમના શફાઅત કરનાર ★

فَٱعۡلَمۡ أَنَّهُۥ لَآ إِلَٰهَ إِلَّا ٱللَّهُ وَٱسۡتَغۡفِرۡ لِذَنۢبِكَ وَلِلۡمُؤۡمِنِينَ وَٱلۡمُؤۡمِنَٰتِۗ وَٱللَّهُ يَعۡلَمُ مُتَقَلَّبَكُمۡ وَمَثۡوَىٰكُمۡ ۝١٩

"તો જાણી લો કે અલ્લાહ સિવાય કોઈની બંદગી નથી. અને અય મહબૂબ ! પોતાના ખાસ અને સામાન્ય મુસલમાન પુરૂષો અને સ્ત્રીઓના ગુનાહોની માફી માંગો અને અલ્લાહ જાણે છે તમારું દિવસ દરમ્યાન ફરવું અને રાતમાં તમારું આરામ કરવું. *(સૂ. મુહમ્મદ, પારા–૨૬,આ. ૧૯)*

### ★ મુનાફિકોનો શફાઅતે રસૂલ ﷺથી ઈન્કાર ★

وَإِذَا قِيلَ لَهُمۡ تَعَالَوۡاْ يَسۡتَغۡفِرۡ لَكُمۡ رَسُولُ ٱللَّهِ لَوَّوۡاْ رُءُوسَهُمۡ وَرَأَيۡتَهُمۡ يَصُدُّونَ وَهُم مُّسۡتَكۡبِرُونَ ۝٥

"અને જ્યારે તેમને કહેવામાં આવે કે, આવો ! રસૂલુલ્લાહ તમારા માટે મગફેરત માંગે, ત્યારે પોતાના માથાઓ હલાવે છે અને તમે તેમને જુઓ કે ધ્યાન કરતા મોઢું ફેરવી લે છે." *(સૂ. મુનાફિકૂન, પારા–૨૮, આ. ૫)*

### ★ શફાઅતના સ્વીકારનો વાયદો ★

وَلَسَوۡفَ يُعۡطِيكَ رَبُّكَ فَتَرۡضَىٰٓ ۝٥

"અને બેશક ! નજીક છે કે તમારો રબ તમને એટલું આપશે કે તમે ખુશ થઈ જશો. *(સૂ. વદુહા, પારા–૩૦, આ. ૫)*

### ★ શાદી મુબારક ★

જનાબ હાજી ઉસ્માન હાજી ઈબ્રાહીમ વોરા સમનીવાળાના નેક ફરઝંદ શાહિદના નિકાહ જનાબ મજીદ હાજી ઈસ્માઈલ પટેલની નેક દુખ્તર રોઝમીના સાથે અકુજી હોલ દયાદરા ખાતે તા. ૨૦–૧૦–૨૦૧૩ રવિવારે થયા અને તા. ૨૧–૧૦–૨૦૧૩ સોમવારે વલીમો રાખવામાં આવ્યો. દુલ્હા દુલ્હનના કુટુંબીજનોને ખૂબ ખૂબ મુબારકબાદ ! –તંત્રી

# આવો ! આશિકે રસૂલ છો..... તો સુન્નતો ને અપનાવો !

રજૂકર્તા : **મુહમ્મદ મુજીદરઝા-જંબુસર** *(મુતઅલ્લિમ : દારુલ બરકાતે ખ્વાજા-આમોદ)*

રસૂલે અકરમ ﷺનાં દરેક કામ ઈબાદત હતાં જેથી આપણે રસૂલુલ્લાહ ﷺના અનુસરણમાં આપની સુન્નતો પર અમલ કરીએ જેથી આપણે પણ ઈબાદતનો સવાબ પામીએ. અને આપણો આશિકે રસૂલ હોવાનો દાવો પણ યર્થાથ કરીએ. આપની અમુક સુન્નતો હદીષના શબ્દોમાં નીચે મુજબ છે. સુન્નતનો અર્થ (ઈસ્લામી શરીઅતમાં એ છે કે) તે તરીકો જેના પર અલ્લાહના રસૂલ, સહાબા તથા ખુલ્ફાએ અમલ કર્યા હોય.

**દાઢીની સુન્નત** : અલ્લાહના રસૂલ ﷺની સૌથી પ્યારી સુન્નત દાઢી છે. માટે આપના અનુસરણમાં દરેક મુસલમાન માટે દાઢી રાખવી જરૂરી છે. હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું કે મૂંછોને કપાવો, દાઢીને વધારો અને મજૂસી (અગ્નિપૂજકો)ની વિરુદ્ધતા કરો.

**લિબાસની સુન્નત** : લિબાસ (વસ્ત્ર) પહેરવું સુન્નત છે. અલ્બત્ત રસૂલુલ્લાહ ﷺની આદત મુબારક હતી કે જે કાંઈ સીધુ સાદુ વસ્ત્ર પ્રાપ્ત થતું તેને પહેરી લેતા. અમુક સમયે આપે કિંમતી તથા સારુ વસ્ત્ર પણ પહેરતા પરંતુ તરત જ ઉતારીને કોઈને આપી દેતા, જેથી ઉમ્મત માટે ઉમદા વસ્ત્ર પહેરવાની પરવાનગી રહે. આપ સામાન્ય રીતે ચાદર, કમીસ અને તેહબંદ (લુંગી શરીફ) પહેરતા.

**ચાદરની સુન્નત** : અલ્લાહના રસૂલ ﷺ એક ચાદર લિબાસ પર ઓઢતા હતા. નમાઝ પણ તેમાં જ પઢી લેતા હતા. ગરમીના દિવસોમાં ગરમીથી બચવા માટે ઉપયોગ કરતા હતા. ચાદર આપને ખૂબ જ પસંદ હતી. હઝરત અનસ رضی اللہ عنہ ફર્માવે છે કે અલ્લાહના રસૂલ ﷺનો પ્રિય લિબાસ ધારીદાર યમની ચાદર હતી.

**કુર્તાની સુન્નત** : અલ્લાહના ﷺએ કુર્તો પહેરવાને પસંદ ફર્માવ્યું. હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہا ફર્માવે છે કે અલ્લાહના રસૂલ ﷺનો સૌથી અધિક પસંદીદા વસ્ત્ર કુર્તા હતો.

**તેહબંદની સુન્નત** : અલ્લાહના રસૂલ ﷺ પોતાના નીચલા હિસ્સામાં એક તેહબંદ (ચાદર) બાંધતા હતા જેને તેહબંદ અથવા લુંગી કહેવામાં આવે છે. હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ફર્માવે છે કે હઝરત આઈશા સિદીકા رضی اللہ عنہાએ થીંગડાવાળી કમ્બલ અને મોટા કાપડની તેહબંદ કાઢી અને ફર્માવ્યું કે અલ્લાહના રસૂલ ﷺની વફાત આ જ વસ્ત્રમાં થઈ હતી.

**કમ્બલની સુન્નત** : કમ્બલ ઓઢવી પણ સુન્નત છે, કેમ કે અલ્લાહના રસૂલ ﷺ કદી કદી ઋતુના લેહાઝથી કમ્બલ ઓઢતા હતા. હઝરત આઈશા સિદીકા رضی اللہ عنہاથી રિવાયત છે કે અલ્લાહના રસૂલ ﷺ એક સમયે મસ્જિદમાં તશરીફ લઈ ગયા અને આપે ઊનથી બનેલો કમ્બલ ઓઢયો હતો.

**ઝબ્બાની સુન્નત** : અલ્લાહના રસૂલ ﷺ ઝબ્બો પણ પહેરતા હતા. હઝરત મુગીરા બિન શયબા رضی اللہ عنہથી રિવાયત છે કે અલ્લાહના રસૂલ ﷺએ રૂમી ઝબ્બો પહેર્યો જેની આસ્તીન નાની હતી.

**શલ્વારની સુન્નત** : અલ્લાહના રસૂલ ﷺએ જાતે શલ્વાર (ટ્રાઉઝર-લેંગો) પહેરી છે

કે નહીં ? એના વિશે મોહદ્દિષીને કિરામમાં ઈખ્તિલાફ છે. અમુક લોકોએ કહ્યું કે પહેરી હતી અને અમુક લોકો કહે છે કે નથી પહેરી. અલ્લામા શમ્નીએ શરહે શિફામાં લખ્યું છે કે શલ્વાર પહેરી છે. રિવાયત છે કે અલ્લાહના રસૂલ ﷺએ શલ્વાર પહેરી અને આપની ઈજાઝતથી સહાબાએ કિરામે પણ પહેરી.

**અમામાની સુન્નત :** અલ્લાહના રસૂલ ﷺ અમામો પણ બાંધતા હતા જે સફેદ અથવા કાળા અને પીળા રંગનો હતો, પરંતું સફેદ અમામાનો અધિક્તર ઉપયોગ કરતા હતા. હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે જ્યારે હુઝૂર ﷺ અમામા શરીફને બાંધતા હતા તો બંનેવ ખભાઓની વચ્ચે એક શિમ્લો છોડી દેતા.

**સફેદ વસ્ત્ર :** અલ્લાહના રસૂલ ﷺ સફેદ વસ્ત્રોને ઘણા પસંદ ફર્માવતા હતા અને સફેદ વસ્ત્રોનાં વખાણ પણ કરતા હતા. હઝરત સમુરહ બિન જુન્દબ رضی اللہ عنہ ફર્માવે છે કે અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું કે સફેદ વસ્ત્ર પહેરા કરો કેમ કે એ વધારે સાફ અને સુથરાં છે.

**રેશમ પહેરવાની મનાઈ :** પુરૂષો માટે રેશમ પહેરવું હરામ છે પરંતું સ્ત્રીઓ માટે રેશમ જાઈઝ છે. હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہથી રિવાયત છે કે અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું કે રેશમ અને સોનુ મારી ઉમ્મતની સ્ત્રીઓ માટે હલાલ છે અને **પુરૂષો માટે હરામ** છે.

**લિબાસની વિશિષ્ટતાઓ :** લિબાસ કેવો હોવો જોઈએ ? એમાં કોઈ ખાસ પાબંદી નથી પરંતું એવું વસ્ત્ર ન હોય કે જેને પહેરવાથી રિયાકારી અથવા ઘમંડ પેદા થાય. સ્ત્રીઓનાં વસ્ત્રો પુરૂષો જેવાં ન હોય ન પુરૂષોનાં વસ્ત્ર સ્ત્રીઓ જેવાં. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما રાવી છે, અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું, જેવું ઈચ્છો ખાવ અને જેવું ઈચ્છો પહેરો ત્યાં સુધી કે બે વાતો ન હોય, એક ફુઝૂલ ખર્ચી અને બીજુ ઘમંડ.

**તકિયાની સુન્નત :** તકિયાથી ટેક લગાડવું સુન્નત છે જેથી ઘરમાં તકિયા બનાવીને રાખવા પણ સુન્નત છે. અલ્લાહના રસૂલ ﷺએ તકિયા સિવાય બીજી વસ્તુઓથી પણ ટેક લગાડી છે જેથી બીજી વસ્તુઓથી પણ ટેક લગાડવું સુન્નત છે. હઝરત આઈશા સિદીકા رضی اللہ عنہا ફર્માવે છે કે અલ્લાહના રસૂલ ﷺનો તકિયો મુબારક જેના પર આપ ટેક લગાડતા હતા તે ચામડાનો હતો, જેમાં ખજૂરના છિલકાં ભરેલાં હતાં.

**સૂવાની સુન્નત :** સૂવાનો સુન્નત તરીકો એ છે કે સૂતા સમયે કિબ્લા રૂખ થઈને જમણી તરફ મોઢુ કરે અને જમણો હાથ ગાલના નીચે રાખી સૂએ. સૂતા પહેલાં કુર્આન શરીફની અમુક સૂરતો અને કલ્મએ તય્યબહ અને દુરૂદ શરીફ પઢી બાવુઝૂ સૂવું ઘણુ સારું છે. જો બુરૂ સ્વપ્ન જુઓ અને જાગી જાવ તો તઅવ્વુઝ (અઉઝુબિલ્લાહ) પઢી ડાબી બાજુ થૂકી (થૂ થૂ કરીને ત્રણવાર) કરવટ બદલીને સૂએ. હઝરત આઈશા સિદીકા رضی اللہ عنہا ફર્માવે છે કે અલ્લાહના રસૂલ ﷺ દરરોજ રાત્રે જ્યારે બિસ્તર પર સૂતા તો બંનેવ હાથ દુઆ માંગવા સમાન ઉઠાવતા પછી એના પર ત્રણેવ કુલ પઢી દમ કરતા અને સંપૂર્ણ શરીર મુબારક પર ફેરવી લેતા હતા. એવું ત્રણવાર કરતા હતા. શરૂઆત સર મુબારક અને ચહેરા મુબારકથી કરતા પછી બદનનો આગલો હિસ્સો અને ત્યારબાદ બાકી શરીર.

**બિસ્તરની સુન્નત :** સૂતાં પહેલાં બિસ્તરને છેડેથી પકડીને ખંખેરવુ સુન્નત છે. જેથી કોઈ નુકસાનકારક વસ્તુ બિસ્તરથી દૂર થઈ જાય. અને બીજી હિકમત આ સુન્નતમાં એ છે કે જે બિસ્તરને ખંખેર્યા વગર સૂએ છે તો તે શૈતાનની ઉપર સૂએ છે, કેમ કે બિસ્તર પર શૈતાન ઊંઘે છે, જ્યારે ખંખેરે છે તો તે પણ દૂર થઈ જાય છે. અલ્લાહના રસૂલ ﷺનો આ જ તરીકો હતો કે આપ સૂતા પહેલાં બિસ્તરને ખંખેરી લેતા હતા. આપનો બિસ્તર અતિશય સાદો હતો. હઝરત સૈયદના હફસા رضی اللہ عنہاથી પૂછવામાં આવ્યું કે આપના ઘરમાં

અલ્લાહના રસૂલ ﷺનું બિસ્તર મુબારક કેવું છે ? તો તેમણે ફર્માવ્યું કે એક ટાટ છે જેને ડબલ કરીને પાથરી દે છે. એક રાત્રે મને વિચાર આવ્યો કે એને ચાર બેવડ કરીને પાથરી દઉં તો વધારે નરમ થઈ જાય, જેથી મેં એવું જ કરી નાખ્યું. સવારે અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું કે આજે રાત્રે મારી નીચે શું પાથર્યુ હતું ? તો મેં કહ્યું, તે જ દરરોજનું બિસ્તર હતું પરંતું મેં તેને ચાર ગડી કરી નાખ્યું હતું જેથી નરમ થઈ જાય. તો અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું કે આ બિસ્તરને એના પહેલા હાલ પર રહેવા દો.

**જુતા પહેરવાનો તરીક઼ો** : મોજા અથવા જુતા પહેરવું સુન્નત છે. અલ્લાહના રસૂલ ﷺએ પોતે પણ જુતા પહેર્યા અને સહાબાને પણ જુતા પહેરવાની તાક઼ીદ કરી.જુતા પહેરવાનો સુન્નત તરીક઼ો એ છે કે જમણેથી શરૂ કરે અને જ્યારે જુતા ઉતારે તો ડાબેથી પહેલાં ઉતારે. જમણો પગ જુતા પહેરવામાં પ્રથમ રાખે અને ઉતારવામાં છેવટે રાખે. આ તરીક઼ો કેવળ જુતાની જોડે ખાસ નથી બલ્કે દરેક તે વસ્તુ જે પહેરવા અને આરામ માટે હોય છે. હઝરત ક઼તાદા رضی اللہ عنہથી રિવાયત છે કે મેં હઝરત અનસ رضی اللہ عنہથી પૂછયું કે અલ્લાહના રસૂલ ﷺના નઅલૈન (જુતા મુબારક) કેવા હતા ? તો તેમણે ફર્માવ્યું કે દરેક નઅલૈનમાં બે બે દોરીઓ હતી.

**માથામાં તેલ લગાડવાની સુન્નત** : માથામાં તેલ લગાડવું પણ સુન્નત છે. પછી તેલ લગાડીને કંગી કરવી પણ સુન્નત છે કેમ કે અલ્લાહના રસૂલ ﷺ વધારે પડતુ માથામાં તેલ લગાડીને કંગી કરતા હતા. હઝરત અનસ رضی اللہ عنہ ફર્માવે છે, અલ્લાહના રસૂલ ﷺ પોતાના માથામાં ખૂબ તેલ લગાડતા હતા અને પોતાની દાઢી મુબારકને કંગી ફર્માવતા હતા. અલ્લાહના રસૂલ ﷺ પોતાના માથા પર (અમામાની નીચે) એક કપડું રાખતા હતા તે કપડુ વધારે તેલ લગાડવાથી તેલનું કાપડ જણાતુ હતું.

**સુરમાની સુન્નત** : સુરમો લગાડવો સ્ત્રી અને પુરૂષ બંને માટે સુન્નત છે. સુરમો રાત્રે લગાડવો જોઈએ અને બંનેવ આંખમાં ત્રણ ત્રણ સિલાઈ સુન્નત છે. કેમ કે અલ્લાહના રસૂલ ﷺ આ પ્રમાણે જ કરતા હતા. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماએ ફર્માવ્યું કે હુઝૂર ﷺની પાસે એક સુરમાદાની હતી જેમાંથી દરેક રાત્રે ત્રણ ત્રણ સિલાઈ સુરમો બંનેવ આંખોમાં કરતા.

**ખુશ્બુની સુન્નત** : અલ્લાહના રસૂલ ﷺ ખુશ્બુને ઘણી જ પસંદ ફર્માવતા અને આપ અધિક પ્રમાણમાં ઉપયોગ કરતા હતા. હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا ફર્માવે છે કે હું અલ્લાહના રસૂલ ﷺને ઉમદા ખુશ્બુ લગાડી દેતી, ત્યાં સુધી કે હું એની ખુશ્બુ માથુ અને દાઢી શરીફમાં મહસૂસ કરતી.

**સલામની સુન્નતો** : સલામ કરવું અલ્લાહના રસૂલ ﷺની સુન્નત છે અને સલામનો જવાબ આપવો વાજિબ છે. સલામ કરવામાં નાના મોટા, કાળા ગોરામાં કોઈ તફાવત નથી, બલ્કે સલામમાં વધારે સવાબનો હક્કદાર તે છે જે સલામ કરવામાં વધારે પહેલ કરે. સલામ કરવાથી મહોબ્બત વધે છે. અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું કે એક મુસલમાનના બીજા મુસલમાન પર નિયમ અનુસાર છ હક્કો છે :–

(૧) જ્યારે તેને મળે તો સલામ કરે. (૨) જ્યારે તે બોલાવે તો દા'વત ક઼બૂલ કરે. (૩) જ્યારે છીંકે તો જવાબ આપે. (૪) જ્યારે તે બીમાર પડે તો બીમાર પુરસી કરે. (૫) જ્યારે તે મૃત્યુ પામે તો તેના જનાઝાની પાછળ ચાલે (૬) તેના માટે એ જ પસંદ કરે જે પોતાના માટે પસંદ કરતો હોય.

**બોસો આપવું**: મુલાક઼ાતના સમયે બોસો આપવું સુન્નત છે. હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہاની ખિદમતમાં એક બાળકને લાવવામાં આવ્યું. આપે તેને બોસો આપ્યો અને ફર્માવ્યું, આ બખીલ તથા અને બુઝદિલ બનાવવાવાળો છે, કેમ કે આ અલ્લાહ તઆલાની ખુશ્બુદાર ફસલથી છે.

*(હવાલો : કન્ઝુલ ઈમાન મંથલી–ઉર્દૂ, એપ્રિલ–૨૦૧૩)*

# માનવતાનું ઈસ્લામમાં સ્થાન અને વર્તમાન જગતની હાલત

રજૂકર્તા : **મુહમ્મદ આદિલ જોહા હલદરવી** *(મુતઅલ્લિમ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

*વર્તમાન સમયમાં અમેરિકા તેમજ ઈઝરાઈલ હસ્તકની તેમજ અન્ય દેશોની જેલોમાં આતંકવાદના આરોપ સાથે અથવા અન્ય આરોપ સાથે દુશ્મન પક્ષની વ્યક્તિઓને કેદી બનાવવામાં આવે છે તો તેમના ઉપર માનવતા વિરૂદ્ધ જઈને ક્રૂરતાપૂર્વક અતિશય જુલ્મો સિતમ થતા હોય છે, જેના સમાચારો ક્યારેક બહાર આવી જતાં દુનિયા કાંપી ઉઠે છે. તેમજ દુશ્મન પર ફતહ મેળવી લેતાં નિર્દોષ પ્રજા પર કાળો કેર વર્તાવીને ખૂનની નદીઓ વહાવવામાં આવે છે. વર્તમાન જગતમાં પોતાને સભ્ય તથા સુસંસ્કૃત કહેવડાવતી કૌમો તેમના હાથ નીચે આવનાર માનવો સાથે જાનવરોથી બદતર વ્યવહાર કરે છે. પણ આવો ! ઈસ્લામ કેટલો માણસાઈ તથા માનવતાવાળો ધર્મ છે એની કેવળ વાતો નહીં પણ ઈસ્લામના પયગંબર ﷺ તેમજ તેમના પછીના સહાબીઓ, તાબઈઓ તથા ઈસ્લામી ખલીફાઓ કેટલી માણસાઈવાળા તથા અદ્લો ઈન્સાફવાળા હતા તેને અત્રેના સંક્ષિપ્ત લેખમાં વાંચશો, અને ઈસ્લામ પ્રતિ ગલત પ્રોપેગન્ડા કરનારાઓની વાતોને રદિયો આપતા રહેશો. –તંત્રી બરકાતે ખ્વાજા (માસિક)*

જયારે ઈસ્લામ આવ્યો એટલે આખરી નબી ﷺનું દુનિયામાં આગમન થયું તે સમયે દુનિયામાં સૌથી મોટી બે સલ્તનતો હતી : (૧) ઈરાની સલ્તનત (૨) રૂમી સલ્તનત. તેમનામાં વારંવાર લડાઈઓ થતી રહેતી હતી. આ બંને હુકૂમતોનો કાનૂન હતો કે લડાઈમાં જે કેદી તેમના હાથમાં આવતો તેને ખુલ્લી જગામાં ખૂબ જ બેરહમીની સાથે કત્લ કરી દેતા હતા, ત્યાં સુધી કે રૂમીઓએ અસંખ્ય કેદીઓને જીવતા આગમાં સળગાવી દીધા હતા. ! નબી ﷺના આવ્યા પછી દુનિયાને સૌ પ્રથમ દેખાડવામાં આવ્યું કે લડાઈના કેદી પણ ઈન્સાન જ છે અને માનવતાનો તકાદો એ છે કે તેમની સાથે પણ ખૂબ જ રહમનો વર્તાવ કરવામાં આવે.

જેમ કે બદરની લડાઈમાં પણ મક્કાના કાફિરોની એક મોટી જમાઅત જે કેદી બનાવવામાં આવી તેને હુઝૂર ﷺના દરબારમાં હાજર કરવામાં આવી. તો આપ ﷺ તેમની સાથે ખૂબ જ નરમી અને મહોબ્બતથી પેશ આવ્યા. આપ ﷺએ ચાર ચાર કેદીઓ સહાબાએ કિરામમાં વહેંચી આપ્યા અને તેમની સાથે સારો વર્તાવ કરવાનો હુકમ આપ્યો.

સહાબાએ કિરામે આ હુકમ પર અમલ કરતાં લડાઈના કેદીઓની સાથે મહેમાનોની જેમ મહેમાનગતિ કરી. તેઓ તેમને ઉચ્ચ પ્રકારના ખોરાક ખવડાવતા હતા. અને તેમના આરામનો પોતાની શક્તિ અનુસાર ખયાલ કરતા હતા. તે કેદીઓમાં એક માણસ સુહેલ બિન ઉમર હતો. તે ખૂબ જ જાલિમ હતો. તેની આદત હતી કે જ્યારે કોઈ મુસલમાન એકાંતમાં તેને મળતો તો તેને ગરમ રેતી પર સૂવડાવી એક વજનદાર પથ્થર તેની છાતી ઉપર રાખી દેતો હતો. તેમજ તેણે હઝરત અમ્માર બિન યાસિરના હાથ પગ બાંધીને ગરમ રેતી પર સૂવડાવી દીધા, અને લોખંડ ગરમ કરીને એટલા પ્રમાણમાં ડામ દીધા હતા કે તેઓ બેહોશ થઈ ગયા. તેના આ રીતના અત્યાચારો હોવા છતાં પણ મુસલમાનોએ કેદીની હાલતમાં તેની સાથે કેટલો સારો વર્તાવ કર્યો તે તેના બયાનથી જ જાણી શકાય છે. તે કહે છે કે, "જે અન્સારીને મને સોંપવામાં આવ્યો હતો તે મારા માટે ખૂબ જ સારો ખોરાક બનાવડાવતા હતા અને જાતે

પોતે ખૂબ જ સાદો ખોરાક ખાતા હતા.''

હુઝૂર ﷺના પછી ખુલ્ફાએ રાશિદીન અને ખુલ્ફાએ બની ઉમ્મયા અને બની અબ્બાસના હુકૂમતકાળમાં પણ લડાઈના કેદીઓ સાથે ખૂબ જ સારો વર્તાવ કરવામાં આવતો હતો. અને દુનિયાએ પહેલીવાર જાણ્યું કે લડાઈના સારા કાયદાઓ શું હોય છે. એટલા માટે યૂરોપી લડાઈના જાણકારો આજે પણ એ વાતને માને છે કે લડાઈના કેદીઓ સાથે સારા વર્તાવનો કાનૂન ઈસ્લામી કાનૂનનો સદકો છે. એટલા માટે જ આજે પણ દુનિયાની સભ્ય હુકૂમતોમાં બની શકે ત્યાં સુધી લડાઈના કેદીઓ સાથે સારો વર્તાવ કરવામાં આવે છે. આ સર્વ ઈસ્લામના જ સદકામાં છે, નહીં તો ઈસ્લામ પહેલાં કોઈ એ વિચારી પણ શકતું ન હતું કે લડાઈના કેદીઓ પણ રહમ અને મહોબ્બતના પાત્ર થઈ શકે છે. ઈસ્લામના આવ્યા પહેલાં ધાર્મિક મતભેદ એટલો મોટો ગુનોહ હતો કે જેને માફ કરવામાં આવતો ન હતો. એટલા માટે જ યૂરોપી દેશોમાં ધાર્મિક મતભેદના કારણે જ લોકોને જીવતા જ સળગાવી દેવામાં આવતા હતા. પરંતું ઈસ્લામે એ બોધ આપ્યો કે ધાર્મિક મતભેદના હોવા છતાં પણ ગૈર મુસ્લિમોને દિલથી લગાડી શકાય છે.

એ જ રીતે હઝરત અબૂબક્ર અને હઝરત ઉમર رضی اللہ عنہماની ખિલાફતના સમયમાં જ્યારે મુસલમાનોએ નવા નવા દેશો ફતહ કર્યા તો તે લોકોને પૂરેપૂરી ધાર્મિક આઝાદી આપવામાં આવી.

તેમજ તારીકે આ'ઝમે જ્યારે સ્પેન પર કબ્જો કર્યો તો આ પ્રમાણે એલાન કર્યું કે, ''ઈસાઈઓના ધર્મમાં દખલગીરી કરવામાં ન આવે અને તેમના ધાર્મિક સ્થાનોને નુકસાન પહોંચાડવામાં ન આવે, અમે ઈસાઈઓના જાન તથા માલના જિમ્મેદાર રહીશું, એના બદલામાં માત્ર ઈસાઈઓએ ટેક્સની એક નાની રકમ આપવી પડશે. જેને જિઝયો કહેવાય છે. મુસલમાન તથા ઈસાઈ લીડરો જે કરાર કરશે તેના પર કાયમ રહીશું.

સલાહુદ્દીન ઐયૂબીએ જ્યારે બૈતુલ મુકદ્દસ ફતહ કર્યું ત્યારે ઈસાઈ લીડરોના હક્કોને પહેલાંની જેમ રાખ્યા. તેમની ખાનકાહો તથા ઈબાદતના સ્થાનોની પૂરેપૂરી હિફાઝત કરી, અને બૈતુલ મુકદ્દસની ફતહ પછી તકરીર કરતાં સુલ્તાન સલાહુદ્દીને કહ્યું કે, ''મારા દિલમાં આ સ્થળોનો એટલો જ અદબ છે જેટલો ઈસાઈના દિલમાં છે, હું જાણું છું કે ઈસાઈઓએ આ જમીન પર ૪૦૦૦૦ (ચાલીસ હજાર) મુસ્લિમોને કત્લ કર્યા છે, તેમાં સ્ત્રીઓ અને બાળકો પણ હતાં, પરંતું હું આવું કદાપિ નહીં કરું. હું તમને વિશ્વાસ અપાવું છું કે તમારા ઈબાદતના સ્થાનોની પૂરેપૂરી રક્ષા કરવામાં આવશે અને તમારા હક્કોનો ખયાલ રાખવામાં આવશે.''

ઈસ્લામની આ ઉદારતા અને ઉચ્ચ વિચારો માત્ર હુકૂમત અને રાજનીતિ સુધી જ મર્યાદિત નથી, ઈસ્લામે માનવતા અને નાગરીક્તાના વિષયમાં પણ માનવજાતિને સીધો રસ્તો દેખાડયો. દા.ત. હઝરત અબૂ ઉબૈદા رضی اللہ عنہના પડોસમાં એક ઈસાઈ વેપારી રહેતો હતો. અચાનક કંઈક એવું બન્યું કે તે માલી રીતે બર્બાદ થઈ ગયો અને કરજ આપનારાઓએ તેને ખૂબ જ પરેશાન કરી દીધો. હઝરત અબૂ ઉબૈદા رضی اللہ عنہને જ્યારે પોતાના પડોસીના વિશે ખબર થઈ તો આપે પોતાની પાસેથી તેના કરજની બધી જ રકમ ચૂકવી આપી.

હઝરત સઅદ બિન વક્કાસે ઈરાનની ફતહ પછી દિલ ખોલીને આગના પૂજારીઓની આર્થિક મદદ કરી. એ હકીકત છે કે ઈસ્લામે દુનિયા સમક્ષ ધાર્મિક ઉદારતાનો જે શાનદાર નમૂનો રજૂ કર્યો છે આજની દુનિયા તેને રજૂ કરવાથી લાચાર છે.

હકીકત એ છે કે ઈસ્લામે ઈન્સાની જિંદગીના દરેક હિસ્સામાં જે શાનદાર સુધારાઓ કર્યા છે તેનાથી દુનિયાના કાનૂન પર ઊંડી અસર પડી છે. ઈસ્લામ પહેલાં દુનિયાના કાનૂન કંઈક અલગ હતા, અને ઈસ્લામ આવ્યા પછી દુનિયાના કાનૂન કંઈક અલગ છે. નિઃશંક ! ઈસ્લામ દુનિયા માટે રહમત બનીને આવ્યો છે અને ઈસ્લામના ફૈઝથી જેવી રીતે મુસલમાનોએ લાભ ઉઠાવ્યો છે તેવી જ રીતે ગૈર મુસ્લિમોએ પણ ઈસ્લામથી ઘણુ મેળવ્યું છે.

# ઉમ્મતના મહાન ઈમામો

(ઈમામે આ'ઝમના શાગિર્દો)

## [૧] ઈમામ હમ્માદ બિન નોઅમાન رضی اللہ عنہ

હઝરત ઈમામ હમ્માદ બિન ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ઊંચા પાયાના ફકીહ, તકવા તથા પરહેઝગારી, ફઝલ તથા કમાલ, ઈલ્મ તથા દાનિશ અને જૂદોસખામાં પોતાના વાલિદનો ખૂબસૂરત પડછાયો હતા. ઈમામે આ'ઝમ رضی اللہ عنہએ આપની તા'લીમ તથા તર્બિયત ખૂબ જ સારી દેખરેખની સાથે કરી. મશ્હૂર છે કે "અલ્હમ્દ" (સૂરએ ફાતિહા)ના ખતમ ઉપર આપે ઉસ્તાદને ૧૦૦૦ દિરહમ આપ્યા.

શરૂઆતની તા'લીમ પછી હઝરત ઈમામ હમ્માદ رضی اللہ عنہએ હદીષ તથા ફિક્હનું ઈલ્મ વાલિદ માજિદથી હાંસલ કર્યું અને તેમાં કમાલની મહારત પેદા કરી. જ્યારે ઈમામે આ'ઝમે પોતાના તે લાયક અને હોનહાર દિકરાને ઉલૂમ તથા ફૂનુનમાં સંપૂર્ણ પામ્યો તો ફત્વા આપવાની મસ્નદ ઉપર બેસવાની ઈજાઝત આપી. આપે કેવળ ફત્વાનવેશીના મહત્વના ફર્ઝની ખૂબ જ સદ્‌વ્યવહારથી વ્યવસ્થા કરી બલ્કે ફિક્હની કિતાબોના સંગ્રહમાં પણ આપે ખૂબ જ સરસ કિરદાર અદા કર્યો અને હઝરત ઈમામ અબૂ યૂસુફ, હઝરત ઈમામ મુહમ્મદ, હઝરત ઈમામ ઝફર, હઝરત ઈમામ હસન બિન ઝિયાદ વગેરે હિદાયત પામેલા ઈમામે આ'ઝમ رضی اللہ عنہના શાગિર્દોના તબકામાં સામેલ થયા.

આપ ખૂબ જ મુત્તકી તથા પરહેઝગાર ઈન્સાન હતા. જ્યારે હઝરત ઈમામે આ'ઝમ رضی اللہ عنہએ વિસાલ ફર્માવ્યો તો ઘરમાં લોકોની ઘણી બધી અમાનતો એવી હતી જેના માલિકની કોઈ ખબર ન હતી. આપે તે બધો માલ સામાન અમાનતોની સૂરતમાં તે સમયના કાઝીની સામે પેશ કરી દીધો.

કાઝી સાહબે ઘણો બધો આગ્રહ કર્યો કે અત્યારે આપની પાસે રહેવા દો, આપ અમીન મશ્હૂર છો અને બેહતર તરીકાથી તેની હિફાઝત કરી શકો છો, પણ આપે કાઝી સાહબથી માફી માગતાં બધા માલ સામાનનું લિસ્ટ આપી દીધું અને સાથે તરત જ અમલની કાર્યવાહી કરવા માટે કહી દીધું કે આપના વાલિદે માજિદ તે બોજથી મુક્ત થઈ જાય. કહેવામાં આવે છે કે જ્યાં સુધી તે અમાનતો કાઝી સાહબે કોઈ બીજાની દેખરેખમાં ન આપી ત્યાં સુધી આપ નજર ન આવ્યા.

હઝરત ઈમામ હમ્માદે પોતાની ઉમર ઈલ્મ શિખવા અને શિખવવામાં પસાર કરી. આપનાથી આપના પુત્ર ઈસ્માઈલે ઈલ્મે ફિક્હ હાંસલ કર્યું અને તેમનાથી અમ્ર બિન ઝૈદ, માલિક બિન મગૂલ, ઈબ્ને અબી ઝઈબ અને કાસિમ બિન મુઈન વગેરે જલીલુલ કદ્ર ફુકહા તથા મુહદ્દિષો ફૈઝ પામ્યા. હઝરત ઈમામ ઈસ્માઈલ બિન હમ્માદ બિન ઈમામે આ'ઝમ પહેલાં બગદાદ પછી બસરા અને પછી રક્કાના કાઝી નિયુક્ત થયા. મુહમ્મદ બિન અબ્દુલ્લાહ અન્સારી કહે છે કે હઝરત ઉમર رضی اللہ عنہના જમાનાથી અત્યાર સુધી કોઈ કાઝી ઈસ્માઈલ બિન હમ્માદથી વધારે મોટો નથી થયો. આપ ખલીફા મામૂન રશીદ (વફાત હિ.સ. ૨૧૨)ના યુગમાં જવાનીના સમયમાં વફાત પામ્યા, તે જ પુત્રના નામથી હઝરત ઈમામ હમ્માદને અબૂ ઈસ્માઈલની કુન્નિયત મળી. હઝરત ઈમામ અહમદ હઝરત કાસિમ બિન મુઈનની વફાત પછી કૂફાના કાઝી થયા. ઝિલ્ કઅ્દના મહિનામાં હિજરી

❊ ❊ રજૂકર્તા : **સીરાજભાઈ લોખંડવાળા-ભાવનગર** *(મુબલ્લિગે સુન્ની દાવતે ઈસ્લામી)* ❊ ❊

૧૭૬માં ઈન્તેકાલ ફર્માવ્યો. આપે ઉમર, ઈસ્માઈલ, અબૂ હબ્બાન, ઉષ્માન ચાર દિકરા પોતાની પાછળ છોડયા જે ઈલ્મ તથા ફઝૂલમાં પોતાના સમયમાં મહાન હતા. આપની લખેલી કિતાબ ''મુસ્નદે ઈમામે આ'ઝમ'' એ આપની યાદગાર છે.

## [૨] ઈમામ અબૂ યૂસુફ رضی اللہ عنہ

**નામ તથા વંશાવળી :** નામ યાકૂબ, **કુન્નિયત** : અબૂ યૂસુફ અને લકબ કાઝીયુલ કઝા (ચીફ જસ્ટીસ)

**વિલાદત** : હિ.સ. ૧૧૩/ઈ.સ. પ્રમાણે ૭૩૧ ઈલ્મો તથા મઅરેફતોના શહેર કૂફામાં થઈ.

શરૂઆતની તા'લીમ પછી આપે ફિકહને પસંદ કર્યું, પહેલાં હઝરત અબ્દુર્રહમાન બિન અબી યઅ્લાના શાગિર્દ બન્યા. પછી હઝરત ઈમામે આ'ઝમ رضی اللہ عنہના દર્સના હલ્કામાં આવ્યા અને હમેશાંના માટે તેમનાથી સંકળાઈને રહી ગયા.

વાલિદૈન ખૂબ જ ગરીબ હતા જે આપની તા'લીમને ચાલુ રાખી શક્તા ન હતા. જ્યારે હઝરત ઈમામે આ'ઝમને તેમની હાલતની ખબર થઈ તો ન કેવળ આપનો તા'લીમી ખર્ચ બલ્કે તમામ ઘરવાળાઓના ખર્ચની જિમ્મેદારી પોતાના માથે લીધી. હઝરત ઈમામ અબૂ યૂસુફ ફર્માવ્યા કરતા હતા, મારે ઈમામે આ'ઝમથી મારી જરૂરિયાતો બયાન કરવાની ક્યારેય જરૂર નથી પડી, સમયે સમયે પોતે એટલા રૂપિયા મોકલતા રહેતા કે જીવન જરૂરિયાતની ફિક્રથી એકદમ આઝાદ થઈ ગયો.

**યાદ શક્તિ અને ઈલ્મ તથા ફઝ્લ :** આપ દિમાગી શક્તિની તીવ્રતાનો દરિયો હતા. આપની દિમાગી શક્તિ તથા બુદ્ધિ કૌશલ્યતા મોટા મોટા ઉલમાના દિલમાં ઘર કરી ગઈ હતી.

મુલ્લા જીવન સાહબ અન્વારુલ અન્વારમાં ફર્માવે છે : ''ઈમામ અબૂ યૂસુફને વીસ હજાર મૌઝૂઅ હદીષો યાદ હતી, તો પછી સહીહ હદીષોના બારામાં તમે શું ગુમાન કરી શકો ?!''

હાફિઝ અબ્દુલ બર્ર લખે છે : ''આપ મુહદ્દિષોની પાસે હાજર થતા તો એક એક જલ્સામાં ૫૦, ૫૦ અને ૬૦, ૬૦ હદીષો સાંભળીને યાદ કરી લેતા હતા.''

ઈમામ યહ્યા ઈબ્ને મુઈન, ઈમામ અહમદ બિન હંબલ અને શૈખ અલી બિન અલ મદની ફર્માવે છે : ''ઈમામે આ'ઝમ અબૂ હનીફાના શાગિર્દોમાં આપના જેવો કોઈ ન હતો.''

તલીહા ઈબ્ને મુહમ્મદ કહે છે : ''તે પોતાના સમયના સૌથી મહાન ફકીહ હતા, કોઈ તેમનાથી વધીને ન હતો.''

દાઉદ બિન રશદનો કૌલ છે : ''ઈમામ અબૂ હનીફાને કેવળ આ જ એક શાગિર્દને પેદા કર્યો હોત તો તેમના ફખ્ર માટે કાફી હતું.''

ઈમામ અબૂ યૂસુફને ન કેવળ હદીષો ઉપર મહારત હાસિલ હતી બલ્કે તફસીર, મગાઝી, તારીખે અરબ, નઅત, અદબ અને ઈલ્મે કલામ વગેરે ઈલ્મો તથા વિદ્યાઓમાં પણ સંપૂર્ણ મહારત ધરાવતા હતા. આ જ તે તરત સમજ જવાની શક્તિ હતી જેણે થોડાક જ વર્ષોમાં આપને બધા સમકાલિન ઉલમામાં મુમતાઝ કરી દીધા હતા અને તે સમયના ઉલમા આપના ઈલ્મની વિશાળતા અને ફિકહી ઈલ્મની જલાલતના માનવાવાળા હતા. ખૂદ ઈમામે આ'ઝમ આપની ખૂબ જ ઈજ્જત કરતા અને ફર્માવ્યા કરતા હતા કે મારા શાગિર્દોમાં સૌથી વધારે જેણે ઈલ્મ હાંસલ કર્યું તે અબૂ યૂસુફ છે.

**કાઝીઉલ કઝા (ચીફ જસ્ટીસ) :** હિજરી ૧૬૬ ઈ.સ. ૭૮૩માં આપ જ્યારે બગદાદ તશરીફ લાવ્યા તો ખલીફા મુહમ્મદ અલ મહદી બિન મન્સૂરે આપને બસરા શહેરના કાઝી નિયુક્ત કરી દીધા. હાદી બિન મહદી બિન વધુ પેજ નં. ૧૫....પર

# ખલીફાએ આ'લા હઝરત અબ્દુલ અલીમ મેરઠી رحمۃ اللہ علیہ

*મુજદ્દિદે દીનો મિલ્લત, આ'લા હઝરત અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ ના શાગિર્દો તથા સોહબત પામેલા, આપના ખલીફાઓ ઘણા એવા થયા જેમણે વિશ્વવ્યાપી ઈસ્લામ તથા સુન્નિયતની ખિદમતો અંજામ આપી અને અનેક ઈસ્લામી રોશની ફેલાવતા દીવાઓ જગતભરમાં રોશન કર્યા કે જેમનાં કારનામાઓનો ચિતાર જોતાં આજે દુનિયા આશ્ચર્યમાં ડૂબી જાય છે, એમાંની જ એક મહાન શખ્સિયત ખલીફાએ આ'લા હઝરત અલ્લામા અબ્દુલ અલીમ મેરઠી સિદ્દીકી رحمۃ اللہ علیہ છે જેમનાં કારનામાંઓને વાંચીને દિલમાં દીનની તબ્લીગની એક સ્પ્રિટ અને ઉમંગ જાગી ઉઠે છે. "બરકાતે ખ્વાજા" (મંથલી)માં વાંચકોને ફૈઝયાબ કરવા અત્રે એને રજૂ કરીએ છીએ.*

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

★ ★ ★

ખલીફએ આ'લા હઝરત મુબલ્લિગે ઈસ્લામ મૌલાના અબ્દુલ અલીમ મેરઠી સિદ્દીક઼ી قدس سرہٗ (હિ.સ. ૧૩૧૦/ઈ.સ. ૧૮૯૨, વફાત : ઈ.સ. ૧૯૫૪) જેઓ ઈસ્લામી ઉલૂમની સાથે ઈન્ટરમેડીઅટ (ઈટાવા કોલેજ), બી.એ. (મેરઠ કોલેજ)ની જદીદ ઉલૂમ (મોડર્ન એજ્યુકેશન)ના પણ માહિતગાર હતા. આપ અરબી, ઉર્દૂ, ફારસી, અંગ્રેજી, ફ્રાંસી, જાપાની, ચીની અને મલાયી ભાષાઓ પર સંપૂર્ણ પ્રભુત્વ ધરાવતા હતા.

**વિવિધ દેશોમાં તબ્લીગી દૌરા :** ઈ.સ. ૧૯૫૧માં આપે આખી દુનિયાનો તબ્લીગી દૌરો કર્યો. જેમાં ઉલ્લેખનીય દેશો ઈંગ્લેન્ડ, ફ્રાંસ, ઈટાલી, બ્રિટિશ, ગિયાના, મડગાસ્કર, સઊદી અરબ, ટ્રીનીડાડ, અમેરિકા, કેનેડા, ફિલિપાઈન્સ, મલેશિયા, થાઈલેન્ડ, ઈન્ડોચાયના અને સીલોન હતા. તે ઉપરાંત બર્મા, સીલોન, ઈન્ડોનેશિયા, થાઈલેન્ડ, ઈન્ડોચાઈના, ચીન, જાપાન, મોરિશિયસ, દક્ષિણ તથા પૂર્વ આફ્રિકાની નવી આબાદીઓ, સઊદી અરબ, ઈરાક, ઉર્ડન, ફિલિસ્તાઈન, સિરીયા અને મિસ્રના ઘણા તબ્લીગી દૌરા કર્યા. **તમામ ધર્મના લોકોને ઈસ્લામની દા'વત આપી. અને દરેક ભાષામાં ઈસ્લામી સાહિત્ય પ્રકાશિત કર્યું.** આપની તબ્લીગી કોશિશોથી બોર્ન્યુની શાહઝાદી **Her Highness Princess Gladys Palmer Khairunniss of Sarawark Staateborneo,** દક્ષિણ આફ્રિકાના ફ્રાંસીસી ગવર્નર મિરવોટ **(Governor Merwate)** અને ટ્રીનીડાડની એક પ્રધાન પુત્રી **(Maritl Ponar Fatima)** ઈસ્લામની દૌલતથી મુર્શરફ થયાં.

**જ્યોર્જ બર્નાડ શોથી મુલાકાત :** પાકિસ્તાનના જન્મદાતા (સ્થાપક), ક઼ાઈદે આ'ઝમ મુહમ્મદ અલી ઝિન્નાહ, મરાકશના ગાઝી અબ્દુલ કરીમ, ફિલિસ્તાઈનના મુફતીએ આ'ઝમ સૈયદ અમીનુલ હુસૈની, ઈખ્વાનુલ મુસ્લિમીનના પ્રમુખ હસનુલ બના, સીલોનના ઓનરેબલ જસ્ટીસ એમ. મરવાની, કોલંબોના જસ્ટીસ એમ.ટી. અકબર, સિંગાપોરના એસ. એન. દત્ત અને મશહૂર નાટય લેખક અને ફિલોસોફર જ્યોર્જ બર્નાડ શો આપની ઈલ્મી તથા રૂહાની શખ્સિયતથી બેહદ પ્રભાવિત હતા.

૧૭ એપ્રિલ ૧૯૩૫માં મોમ્બાસા (દક્ષિણ આફ્રિકા)માં જ્યોર્જ બર્નાડ શોથી આપની મુલાકાત થઈ. આપે બર્નાડ શોના વિવિધ પ્રશ્નોના જવાબો તે અંદાજથી આપ્યા કે દુનિયાનો મહાન ફિલોસોફર

❑ અઝ : ***અલ્લામા યાસીન અખ્તર મિસ્બાહી (દારુલ ક઼લમ–દિલ્હી)***

આપની સમક્ષ શાળાના બાળક જેવો નજરે પડવા લાગ્યો ! આપે ઈસ્લામ અને ઈસાઈયતના ઉસૂલોની સરખામણી કરતું વિશ્લેષણ ઈતિહાસ, સાયન્સ અને ફિલોસોફીના પ્રકાશમાં એ રીતે વર્ણન કર્યું કે બર્નાડ શોએ ઈસ્લામની અઝમતનો સ્વીકાર કરવો પડયો. એ ચર્ચાનો ઉર્દૂ અનુવાદ એહલે સુન્નત માસિક, કરાંચી મુહર્રમ તથા સફર હિ.સ. ૧૩૯૨માં પ્રકાશિત થઈ ચૂકેલ છે. *(ગુજરાતી માસિકોમાં પણ આવી ચૂકેલ છે. –અનુવાદક)*

**દીની પ્રચારમાં વિવિધ કારનામાઓ :** હઝરત મૌલાના સિદીકી رحمۃ اللہ علیہએ તા'લીમાતે ઈસ્લામિયહ આમ (વ્યાપક) કરવા માટે દરેક દિશામાં ધ્યાન આપ્યું. ઘણી જ મસ્જિદો તા'મીર કરાવી. જેમાં હનફી જામેઅ મસ્જિદ કોલંબો, સુલ્તાન મસ્જિદ સિંગાપોર અને મસ્જિદે નાગારિયા જાપાન વધુ મશહૂર છે. તે ઉપરાંત અરબી યુનિવર્સિટી મલાયા, પાકિસ્તાન ન્યૂઝ, મુસ્લિમ ડાઈજેસ્ટ પાકિસ્તાન, ટ્રીનીડાડ મુસ્લિમ, એન્વેવલ (દક્ષિણ આફ્રિકા)નો પાયો આપે જ નાખ્યો. ઈ.સ. ૧૯૪૯માં સિંગાપોરમાં તન્ઝીમે બયનુલ મઝાહિબના નામથી એક ઈદારાની બુનિયાદ નાખી. અને તમામ દુનિયાના ઈસાઈ, યહૂદી, બદ્‌મઝહબ અને શિખ ધર્મના પેશવાઓને એક પ્લેટફોર્મ (મંચ) પર એકત્ર કરીને અધર્મતાનો કિલ્લો નાબૂદ કરવાની અપીલ કરી. તમામ ધર્મોના રહબરોની આ ભેગી કોન્ફરન્સમાં આપને **His Exaited Eminunce**નો ખિતાબ અપર્ણ થયો. તેમજ મિસ્રમાં તન્ઝીમે બયનુલ મઝાહિબે ઈસ્લામિયહ્‌ના નામથી વિવિધ મકતિબે ફિક્ર (વિવિધ વિચારસરણીવાળા મકતબો)નું એક સંગઠન સ્થાપ્યું. હિ.સ. ૧૩૫૬ ઈ.સ. ૧૯૪૬માં હઝરત મૌલાના શાહ અબ્દુલ અલીમ સિદ્દીકી હિદુસ્તાનના ઈસ્લામિક પ્રતિનિધિમંડળના પ્રમુખ અને મલાયા, પૂર્વ તથા સાઉથ આફ્રિકા અને પૂર્વના ટાપુઓના પ્રતિનિધિની હૈસિયતથી સઊદી અરબ તશરીફ લઈ ગયા. અને સઊદી હુકૂમતની તરફથી હાજીઓ પર લગાડેલ ટેકસોના ખાતમા અને હાજીઓને સગવડો પૂરી પાડવા માટે દુનિયાભરમાંથી આવેલા મહાન આલિમોએ સઊદી હુકૂમતના અગ્રેસરો અને અબ્દુલ અઝીઝ સઊદ સાથે ચર્ચાઓ કરી. જેની ઘણી અસર પડી. તે ચર્ચાઓનું સવિસ્તાર વર્ણન અલબયાન નામની અરબી કિતાબમાં પ્રકાશિત થયું હતું. જેની શરૂઆતમાં ઈખ્વાનુલ મુસ્લિમીન (મિસ્ર)ના બાની હસનુલ બનાએ પ્રસ્તાવના લખી અને હઝરત મૌલાના શાહ મુહમ્મદ અબ્દુલ કલીમ رحمۃ اللہ علیہની નેક કોશિશોને માટે પ્રશંસાના પુષ્પો વેર્યા. જેમ કે લખે છે :–

અલ્લાહ તઆલાના ફઝ્‌લો કરમથી બે વરસ થયાં અમારી મુલાકાત અર્ઝે મુકદ્દસમાં બયતુલ્લાહ શરીફની પાસે સાહિબે ફઝીલત મુબલ્લિગે ઈસ્લામ અશ્શયખ મુહમ્મદ અબ્દુલ અલીમ સિદ્દીકીથી થઈ. (કેટલીક લીટીઓ બાદ) અમે અલ્લાહ તબારક વ તઆલાથી દુઆ કરીએ છીએ કે અલ્લાહ તઆલા સાહિબે ફઝીલત ઉસ્તાઝે શયખ મુહમ્મદ અબ્દુલ અલીમ સિદ્દીકીને તમામ મુસલમાનો તરફથી જઝાએ ખૈર અતા કરે. *(પેજ : ૨૩૮ થી ૨૪૦, તઝકિરએ અકાબિરે અહલે સુન્નત)*

મેરઠ કોલેજના તાલિબે ઈલ્મીના જમાનામાં (અભ્યાસકાળ દરમ્યાન) જ આપને બર્મા મુસ્લિમ એજ્યુકેશનલ કોન્ફ્રંસના પ્રમુખ પદ (સદારત) માટે નક્કી કરવામાં આવ્યા. તે કોન્ફ્રન્સમાં આપે જે જબરદસ્ત પ્રવચન પ્રમુખ સ્થાનેથી આપ્યું તે બર્મા, મલાયા, સીલોન અને ઈન્ડોનેશિયાના ખૂણે ખૂણે પહોંચ્યું.

**અંગ્રેજ તથા શુદ્ધિ ચળવળ વિરુદ્ધ કાર્યવાહી :** તે સમયના સંજોગોએ મજબૂર કર્યા અને આપ વતન પ્રેમ અને ખિદમતે દીનના જઝબા હેઠળ મજબૂર થયા તો રાજકીય અને કૌમને લગતી ચળવળોમાં સામેલ થઈ ગયા, ખિલાફત ચળવળના

તે દૌરમાં જ્યારે કે અંગ્રેજો વિરૂદ્ધ જીભ ઉઘાડવી મુશ્કેલતરીન કાર્ય હતું. આપ મૌલાના મુહમ્મદ અલી, મૌલાના શૌકતઅલી, મૌલાના અબ્દુલ માજિદ સાહબ કાદરી બદાયૂની, હઝરત તાજુલ ઉલમા મૌલાના અબ્દુલબારી ફિરંગી મહલી, હઝરત મૌલાના નિષાર અહમદ કાનપૂરી, મૌલાના ફાખિર ઈલાહાબાદી અને અન્ય ખિલાફતના લીડરોની પ્રથમ હરોળમાં સામેલ હતા. અને એક અરસા સુધી આપ મૌલાના મુહમ્મદઅલી અને મૌલાના શૌકતઅલીની સાથે ખભે ખભા મિલાવી કામ કરતા રહ્યા.

ખિલાફત ચળવળના વધી રહેલા પ્રવાહ અને મુસલમાનોના રાજકીય ઉત્થાનને ખત્મ કરવા માટે મહાસભાવાળાઓએ પહેલીવાર યુ.પી. અને હિંદના અન્ય રાજ્યોમાં શુદ્ધિની જાળ (મુસલમાનમાંથી હિંદુ બનાવવાની ચળવળ જેમ કે આજે પણ જાવા મળે છે તે) ફેલાવવાનું શરૂ કર્યું. તો આપે દરેક જગાએ તબ્લીગી મર્કઝો સ્થાપવાનું શરૂ કર્યું. બોમ્બે, કર્ણાટક, અહમદાબાદ ગુજરાત વગેરેમાં એવી આગેવાની નિભાવી કે તે જગ્યાઓએ મુસલમાન શુદ્ધિની લા'નતથી સુરક્ષિત થયા. મુંબઈના રોકાણ દરમ્યાન આપે પૂનામાં એક નેશનલ હાઈસ્કૂલ સ્થાપી જેનું જોડાણ અલીગઢ યુનિવર્સિટીથી કરાવ્યું.

**સીલોનમાં ખિદમતે દીન :** આપને ઈ.સ. ૧૯૨૩માં સીલોનના મુસલમાનોએ આમંત્રણ આપ્યું. આપ ત્યાં પહોંચ્યાં તે વખતે ત્યાં મુસલમાનોમાં ઘણો વિખવાદ હતો. આપે છિન્ન ભિન્ન થયેલા મુસલમાનોને એક પ્લેટફોર્મ પર આણ્યા. વિવિધ જમાઅતોને તોડીને એક જ જમાઅતમાં સંગઠિત કરી દીધા. સીલોનનો એક ઈસાઈ મંત્રી મિસ્ટર એફ. કિંગસન બેરી મુસલમાન બન્યો.

ઈ.સ. ૧૯૨૪માં જ્યારે કે બધા જ ઈસ્લામી દેશો રાજકીય બિમારીમાં ઘેરાયેલા હતા. તે દિવસોમાં આપ મક્કા મુકર્રમામાં રોકાયેલા હતા. મક્કાની હુકૂમતે આપને મુસ્લિમ કોંગ્રેસ યેરૂસલિમની કાર્યવાહીમાં શરીક થવાની દરખાસ્ત કરી.

સીલોનના મુસલમાનોના અતિ આગ્રહના કારણે બીજીવાર ત્યાં પહોંચ્યા અને ત્યાં દીનની તબ્લીગ કરી. ઈ.સ. ૧૯૨૮માં અહીંથી અંગ્રેજી સમાચાર પત્ર કોકબે ઈસ્લામની શરૂઆત કરી. તે સમાચાર પત્રનું તંત્રીપણુ મી. મૂશહે મીસ્જદ કરતા હતા. ઈસ્લામી દુનિયામાં તેને ઘણા જ શોખની સાથે વાંચવામાં આવતુ હતું.

**વિવિધ દેશોમાં તબ્લીગી કારનામાં :** આપે દક્ષિણ–પૂર્વ એશિયાઈ દેશોનો દૌરો એવા સમયે કર્યો જ્યારે કે દુનિયાના મુસલમાનોની હાલત ઉલટ સુલટ હતી. તેઓ પર બીજા ધર્મોની અસરો વધુ હતી. આપે લાંબા કાળ સુધી બર્મા, સીલોન, શિયામ, ઈન્ડોનેશિયા, ફ્રાંસી, હિંદ, ચીની, મલાયા, ચીન, જાપન અને સિંગાપોરમાં રોકાણ કર્યું. અને દુનિયાના અન્ય મઝહબવાળાઓને ઈસ્લામનું નિમંત્રણ આપ્યું. કાદયાનીઓની મિશનરીઓની અસરો તદન નષ્ટ કરવાની દોડધૂપ ચાલુ રહી. ઈસાઈ સંગઠનોએ જે હજારો મુસલમાનોને ઈસાઈ બનાવી લીધા હતા તેઓને ફરીથી ઈસ્લામની દા'વત આપી. મોટા ભાગનાઓએ ઈસ્લામ સ્વીકાર્યો. તે રોકાણ દરમ્યાન આપે ૧૮ હજાર મુસલમાનોને જેઓને ઈસાઈ બનાવી દેવાયા હતા તેઓને નવેસરથી ઈસ્લામથી મહબ્બત પેદા કરાવી.

બર્મામાં આપે અંજુમને નવજવાનાને બર્મા સ્થાપી. સિંગાપુર માલે કોલામ્પુરમાં મુસલમાન આપના પર જાન નિછાવર કરતા હતા. સિંગાપુર રોકાણ દરમ્યાન આપે અહીંથી મશ્હૂર અંગ્રેજી પત્રિકા **The Genuin Islam** ચાલુ કર્યું. તે પત્રિકાના સંપાદન કાર્યની લગામ આપે પોતાના લાયક શાર્ગિદ ડોકટર એસ. એચ. મુન્શીના હાથમાં સોંપી અને એક બીજા લાયક શાર્ગિદ સૈયદ ઈબ્રાહીમ અશ્ફોકને આપે ઓલ મલાયા મિશનરી સોસાયટીના પ્રમુખ બનાવ્યા જેનો આપે જાતે જ પાયો નાખ્યો હતો.

યૂરોપી દેશોના દૌરામાં હઝરત અલ્લામહની તકરીર સાંભળવામાં અર્વાચીન ઈલ્મોની કુશળ તાવાળા, કોલેજો, યુનિવર્સિટીઓના ડિગ્રીધારીઓ, વૈજ્ઞાનિકો, ફિલોસોફરો, નાસ્તિકોએ દિલચસ્પી લીધી. તેઓનાથી ઐતિહાસિક મુલાકાતો થઈ. આલિમાના (જ્ઞાનપૂર્ણ) ચર્ચાઓ થઈ અને અલ્હમ્દુ લિલ્લાહ ! આપની સમક્ષ મોટા ભાગના મુહક્કિકો (સંશોધકો)એ માથુ નમાવવું પડયું.

**આપની તક઼રીરોથી ઈસ્લામ સ્વીકાર :** સાઉથ આફ્રિકાના રોકાણ દરમ્યાન Wit Waters Rand યુનિવર્સિટીમાં મહત્વના પ્રવચનો પછી ઝન્જબાર દારુલ ઈસ્લામ અને મોમ્બાસા તશરીફ લઈ ગયા અને ત્યાં જ બર્નાડ શો સાથે મુલાકાત થઈ હતી. ફ્રાંસી મિરવોટે આપના હાથે ઈસ્લામ ક઼બૂલ કર્યો અને તેમની જ દરમ્યાનગીરીથી આપે મોરોક્કોના મશહૂર લીડર ગાઝી અબ્દુલ કરીમ સાથે જેલમાં મુલકાત કરી. અને અહીંથી ન્યુઝીલેન્ડ અને ઓસ્ટ્રેલીયાનો પ્રવાસ ખેડયો. ન્યુઝીલેન્ડમાં પોતાના પ્રિય શાર્ગિદ મિસ્ટર અઝીઝ......અબ્બાસીને તબ્લીગનું કામ સોંપ્યું. ઓસ્ટ્રેલીયામાં મશહૂર ફાઝિલ ડોકટર મુહમ્મદ આલમને મુબલ્લિગ (દીનના પ્રચારક) બનાવ્યા.

ઈ.સ. ૧૯૩૬માં એકવાર ફરીથી દક્ષિણ–પૂર્વ એશિયાનો પ્રવાસ ખેડયો. તે સમયે આપ ફ્રાંસી હિંદ ચીન અને ચીનમાં તકરીરો કરી રહ્યા હતા. જ્યાં લાખો મુસલમાન, યૂરોપિયન, ચીન અને જાપાની પ્રેક્ષકોએ આપની તકરીરની મજલિસોમાં હાજરી આપી. કેપ્ટન સંઘાઈ (શાંગહાઈ) અને પેકીંગમાં અરસા સુધી રોકાયા. જાપાનના વિખ્યાત શહેર કઅબની જામેઅ મસ્જિદ કમિટીએ આપને નિમંત્રણ આપ્યું. જાપાનના મુસલમાનો આપની તક઼રીરના આશિક઼ હતા. જાપાનની નેશનલ કલ્ચરલ સોસાયટી–ટોકીયોએ આપને ખાસ તૌર પર આમંત્રણ આપી અને તકરીરો કરાવી.

ત્યાર પછી આપ મિસ્ર આવ્યા. ત્યાં અલ્ ઈખ્વાનુલ મુસ્લિમીન જેના પ્રમુખ હસનુલ બના મર્હૂમ હતા તેમના આપ મહેમાન હતા. અને આખા મિસરમાં આપે અરબીમાં તકરીરો કરી. મિસ્ર પછી સીરીયા, ઈરાક, લેબનાન અને બાદમાં તુર્કી આવ્યા.

તુર્કી તથા ઈસ્લામી શહેરો પછી ફરીથી યૂરોપ ગયા. રોમમાં મશહૂર શહેર વટીકાન્તટી જે પાપાએ રોમ (રોમના પોપ)નું મુખ્ય રહેઠાણ છે ત્યાં રોકાયા. યુનિવર્સીટીઓ તથા અગણિત ઈલ્મી ઈદારાઓમાં તકરીરો કરતા રહ્યા. પાપાએ રોમથી મુલાકાત થઈ. પાપાએ આ'ઝમ (સૌથી મોટા પોપ)ને આપે એ ગુઝારિશ પણ પેશ કરી, આપે તેને આમંત્રણ આપ્યું કે તે કોમ્યુનિઝમ (સામ્યવાદ)ની વિરુદ્ધ મૌલાનાની જંગમાં શરીક થાય અને ખુદાની વહદાનિયતને સ્વીકારે.

રોમમાં રોકાણ પછી મૌલાના સ્પેન, પોર્ટુગલ, જર્મની અને હોલેન્ડ તશરીફ લઈ ગયા. ત્યારબાદ ફરીથી ઈંગ્લેન્ડના પ્રવાસે રવાના થયા. ફરી ત્યાંથી અમેરિકાના માટે રવાના થયા જ્યાં આપના આગમનની આતુરતાથી રાહ જોવાતી હતી. પૂર્વ યુ.એસ.એ. ના મુફતીએ આ'ઝમ હઝરત અબ્દુર્રહમાન લિસ્ટર આપના શાર્ગિદ બન્યા. શિકાગોના રોકાણ દરમ્યાન આઠ અમેરિકન મુસલમાન બન્યા. એક દિવસે ન્યુર્યોક શહેરના સીટી હોલમાં એક આલિમાના તથા પુરજોશમાં તકરીર કરી **જલ્સો પૂરો થતાં જ ૧૯૨ અમેરિકનોએ ઈસ્લામ સ્વીકાર્યો.** જેઓમાં **વિખ્યાત વૈજ્ઞાનિક** જર્યોજ એનીટન બ્યૂફ અને તેની પત્ની સામેલ છે. વોશિંગ્ટનમાં વિવિધ ઈલ્મી ઈદારાઓમાં **લેકચરો આપ્યા બાદ ૩૬ અંગ્રેજો જે કોલેજોમાં પ્રોફેસર હતા તેઓ પોતાના કુટુંબ કબીલા સહીત મુસલમાન બન્યા.**

**વિશ્વમાં ઠેક ઠેકાણ આપે મેગેઝિનો ચાલુ કર્યા :** મીજીગન યુનિવર્સિટીઓનો ધુરંધર તા'લીમનો માહિર મિસ્ટર અબ્દુલ બાસિત નઈમ આપનો ખાસ શાર્ગિદ બન્યો અને મૌલાનાની

સરપરસ્તી હેઠળ એક મોટા પાયાનું ઈસ્લામી મેગેઝિન The Islamic Word and The U.S.A. (ઈસ્લામી દુનિયા અને અમેરિકા) નામનું મેગેઝિન ચાલુ કર્યુ જે આજે પણ તે જ ઝગમગાટની સાથે પ્રકાશિત થાય છે.

કેનેડામાં અગ્યાર ઈલ્મી ઈદારાઓ, કોલેજો અને યુનિવર્સિટીઓમાં આપે લેકચરો આપ્યાં, ઓમિન્ટન, ક્યુબેક, મોન્ટ્રીયલમાં ખાસ્સો સમય રોકાયા. અમેરિકાના પ્રવાસ દરમ્યાન બ્રિટીશ વેસ્ટઈન્ડીઝ તશરીફ લઈ ગયા.

અલ્લામહના સ્થાપેલ કેટલાક અતિ મહત્વના ઈદારાઓ જે આજે પણ ગરમ જોશીની સાથે કાર્યરત છે તે આ પ્રમાણે છે. હન્ફી મસ્જિદ કોલંબો (સીલોન), મસ્જિદે નાગરિયા–જાપાન, સુલ્તાન મસ્જિદ–સિંગાપુર, અરબિક યુનિવર્સિટી મલાયા....વગેરે.

મશહૂર મઝહબી માસિકો તથા અખ્બારો ધી મુસ્લિમ ડાઈજેસ્ટ ડર્બન (સાઊથ આફ્રિકા), સ્ટાર ઓફ ઈસ્લામ–સીલોન, પાકિસ્તાન ન્યૂઝ–સાઊથ આફ્રિકા, ઈસ્લામિક વર્લ્ડ એન્ડ યુ. એસ. એ. અમેરિકા અને અન્ય સ્કૂલો, લાયબ્રેરીઓ, તબ્લીગી ઈદારાઓ અને સોસાયટીઓ હજારોથી પણ વિશેષ છે. *(માખુઝ અઝ–પેજ ૭૩, ૭૮ મુજદ્દિદ નંબર માહનામા પાસબાન નવેમ્બર–ડિસેમ્બર ઈ.સ. ૧૯૫૫, ઈલાહાબાદ)*

આપની કૃતિઓમાં હાઈ વાઈ લોગ વીથ બર્નાડ શો, ઈમ્પરચૂલ કલ્ચરાને ઈસ્લામ, મુસ્લિમ રૂલ એન્ડ સાયન્ટીફીક ડીસ્કવરીઝ, કાદિયાની વગેરે મશહૂર છે.

આપ દુનિયાના લગભગ દરેક ભાગમાં પહોંચ્યા અને ઈસ્લામી સોસાયટીઓ, ઈલ્મી ઈદારાઓ, મસ્જિદો, મિશનરીઓ અને લાયબ્રેરીઓ સ્થાપી અને હજારો જલ્સાઓ અને કોન્ફરન્સોમાં તકરીરો કરી. સાયન્સ અને ફિલોસોફીના માહિતગારો અને યુનિવર્સિટીઓના ડિગ્રીધારીઓ સાથે ઉચ્ચ કોટીની ઈલ્મી તથા મઝહબી ચર્ચાઓ કરી. ઈસ્લામી સાહિત્ય દરેક દેશની ભાષામાં પ્રકાશિત કરાવતા રહ્યા. લાખો ગૈર મુસ્લિમોને ઈસ્લામની દૌલતથી નવાજ્યા. જેઓમાંથી ઘણાયે આજે પણ દુનિયાના વિવિધ દેશોમાં ઈસ્લામની પ્રગતિ અને પ્રચારના માટે પ્રયત્નશીલ છે અને ઈસ્લામના પ્રચારકની હૈસિયતથી કામ કરી રહ્યા છે. *(હવાલો : કિતાબ : ઈમામ અહમદ અરબાબે ઈલ્મો દાનિશકી નઝરમેં)*

પેજ નં. ૧૭નું ચાલુ...

**અલ્લાહુમ્મ ઈન્ની અસ્અલુક બરકતિ ફિલ્ઉમ્ર વ સિહતિ ફિલ્મઈશતિ વુસ્અતિ ફિર્રિઝ્ક્રિ વ ઝિયાદતિ ફિલ્ઈલ્મિ વ ષબ્બિતના અલલ્ ઈમાન.**

ત્યારબાદ રાતના ત્રણ હિસ્સા કરે, પ્રથમ હિસ્સો નમાઝમાં પસાર કરે. બીજો તહજ્જુદમાં, જેના બારામાં રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે કે આ નમાઝ મારા માટે ફર્ઝ છે. એ ચાર સલામથી અદા કરે અને જેટલા પ્રમાણમાં કુર્આન શરીફ યાદ હોય તેને પઢે, પછી થોડીવાર સૂઈ જાય. પછી ઉઠીને તાજુ વુઝૂ કરે અને સુબ્હ કાઝિબ (ફજરનો સમય શરૂ થતા પહેલાં ઉદ્ભવ થતો પ્રકાશ થાય તે) સુધી યાદે ઈલાહીમાં મશગૂલ રહે. કહે છે કે એક બુઝુર્ગથી તહજ્જુદની નમાઝ છૂટી ગઈ તો ઘોડાથી પડી ગયા અને તેમનો પગ ભાગી ગયો. વિચારવા લાગ્યા કે આ મુસીબત શાથી આવી પડી ! ગયબથી અવાજ આવ્યો કે તહજ્જુદની નમાઝ તારાથી છૂટી ગઈ ! જેવું ઉપર વર્ણન થઈ ચૂકયું છે સુબ્હ કાઝિબ સુધી મશગૂલ રહે. આવું દરરોજ કર્યા કરે, પરંતું એમાં વધારો ઘટાડો ન કરે જેથી મશાઈખની સુન્નત અદા થાય.

اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى ذٰلِكَ

# આહ ! મુફતીએ આ'ઝમ રાજસ્થાન...ચલ બસે !

اِنَّا لِلّٰهِ وَ اِنَّا اِلَيۡهِ رَاجِعُوۡنَ

**રજૂકર્તા : પટેલ શબ્બીર અલી રઝવી**

*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

★ ★ ★

**મૌત ઉસ્કી હૈ જિસ્કા ઝમાના કરે અફસોસ**
**યૂં તો સભી આતે હૈં દુન્યામેં ગુઝર જાને કે લિએ**

દુનિયામાં રોજ બરોજ અગણિત લોકો દુનિયાને અલ વિદાઅ કહેતા રહે છે પણ તેમના દુનિયાથી જવાનો રંજ તેમના કુટુંબીજનો, સગાં કે શહેર/ગ્રામ્યજનો સુધી સીમિત રહે છે, અને તેમની ખોટ મર્યાદિત સમય સુધી જે તે લગતા વળગતાને સાલતી રહે છે. પણ આ જ જગતમાં કેટલીક એવી હસ્તીઓ પણ થઈ છે. જેમના દુનિયાથી પર્દો કરી લેતાં જગતભરમાં બેચેની તથા રંજની એક લહેર દોડી જાય છે અને સદાય તેમની ખોટ લોકો મહેસૂસ કરતા રહે છે. એવી જ અજોડ હસ્તીઓમાંથી હુઝૂર મુફતીએ આ'ઝમ રાજસ્થાન હઝરત અલ્લામા અશ્ફાક઼ હુસૈન નઈમી છે. જેમનો વિસાલ તા. ૧૬–૧૦–૨૦૧૩, ૧૦ ઝિલ હજ્જ હિ.સ. ૧૪૩૪ના રોજ ૯૪ વર્ષની વયે થઈ ગયો. દેશના ખૂણે ખૂણેથી આલિમો, મુરીદો, અક઼ીદતમંદો આપની જનાઝાની નમાઝમાં ઉમટી પડયા હતા. દોઢ લાખથી વધુ લોકો જનાઝામાં શરીક થયા હતા.

આપનો જન્મ શીવનાલી જિ. જેપી નગર (અમરોહા) યુ.પી.માં ૧૯ ડિસેમ્બર ઈ.સ. ૧૯૨૧, હિ.સ. ૧૩૪૦માં થયો હતો. પ્રાથમિક તા'લીમ પોતાના વતનમાં મેળવી અને એદાદિયાથી ફઝીલત સુધીની તા'લીમ અજમુલ ઉલમા હઝરત અલ્લામા મુફતી મુહમ્મદ અજમલ સાહબ રઝવી નઈમી عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُ ની સરપરસ્તી તથા નિગરાની તથા તર્બિયતમાં રહીને સંભલમાં મેળવી અને ઈ.સ. ૧૯૩૪માં દસ્તારબંદી થઈ અને ઈફતાની મશ્ક઼ (પ્રેક્ટિસ) જમાઅતે ષાનિયાથી જ અજમલુલ ઉલમાના સાયા હેઠળ શરૂ કરી હતી. તદરીસની (પઢાવવાની) બાક઼ાઈદા શરૂઆત રાજસ્થાનના પાલીથી થઈ હતી. દારુલ ઉલૂમ ઈસ્હાક઼િયા–જોધપુર ખાતે દર્સ તથા ફતવાનવેશી વગેરે કામોની ભીડના ભારણના કારણે કિતાબોના લેખન કાર્યનો શોખ હોવા છતાં મોક઼ો ન મળ વાને કારણે અમુક જ કિતાબો આપની પ્રસિદ્ધ થઈ શકી. આપ રાજસ્થાનમાંથી પ્રસિદ્ધ થતા મેગેઝિનોમાં લગભગ દરેકની સરપરસ્તી કરતા હતા જેમાંથી અમુક આ પ્રમાણે છે : માહનામા માહે તયબહ–જોધપુર, માહનામા નેક ખાતૂન–કોટા, માહનામા યાસીન–કોટા, માહનામા સિરાતે મુસ્તક઼ીમ–ઓદે તથા માહનામા બહારે મદીના–ચિતોડગઢ.

આપ મજલિસે શરઈ જામિઆ અશ્રફિયા–મુબારકપુર (યુ.પી.)ના મેમ્બર હતા, તથા ઉલમા કાઉન્સિલ બરેલી શરીફ, યુ.પી.ના મેમ્બર હતા અને જામિઆ અશ્રફિયા–મુબારકપુરની મજલિસે શૂરાના મેમ્બર હતા. દારુલ ઉલૂમ ફયઝે અકબરી–લૂણી શરીફ, દારુલ ઉલૂમ અજમલુલ ઉલૂમ–સંભલ, સુલ્તાનુલ હિંદ વ રઝા દારુલ ઉલૂમ ભીલવાડા, દારુલ ઉલૂમ ફયઝાને અશ્રફ–બાંસની, દારુલ ઉલૂમ ફયઝાને ઈસ્હાક઼–નાગોર શરીફ, દારુલ ઉલૂમ હાશમિયા–સુજાનગઢ, દારુલ ઉલૂમ ફયઝે સિદ્દીક઼િયા–શુજાઅ શરીફ–બાડમેર, તેમજ રાજસ્થાનમાં જેટલા સુન્ની ઈદારાઓ છે તેમાં લગભગ મોટાભાગના મદ્રસાઓના આપ સરપરસ્ત હતા. આપે પૂરા ઈન્ડિયામાં થનારા ફિક઼્હી સેમીનારોમાં અનેક ઠેકાણે હાજરી આપી છે. વિવિધ સુન્ની કોન્ફ્રન્સોમાં આપે શિર્કત કરી છે.

રાજસ્થાનની ભૂમિ પર સાઈઠ વરસની લાંબી દીની ખિદમતો દરમ્યાન આપે વિવિધ સ્થળોએ બાતિલ ફિર્ક઼ા વહાબી તથા ગૈર મુક઼લ્લિદો સાથે મુનાઝરાઓ કર્યા અને તેમાં કામયાબી પણ મળી. એ મુનાઝરાઓમાંથી એક મુનાઝરો જે જોયા જિ. મુરાદાબાદમાં કર્યો જે જૂન–૧૯૬૧માં થયો. એ મુનાઝરાના સદર આપના ઉસ્તાઝે મોહતરમ અજમલુલ ઉલમા હઝરત અલ્લામા મુફતી મુહમ્મદ અજમલ عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُ હતા. અહલે સુન્નત તરફથી મુનાઝિર આપ હતા. બાદમાં હઝરત અલ્લામા મુફતી મુહમ્મદહુસૈન સાહબ સંભલી મુનાઝિર નિયુક્ત થયા. જે મુનાઝરામાં કિઝબે બારી તઆલા (દેવબંદી અક઼ીદો : અલ્લાહ જૂઠુ બોલી શકે) પર જોરદાર બહષ થઈ. દેવબંદી મુનાઝિર બોખલાઈ

ગયો અને સુન્ની મુનાઝિરના વાંધાઓના જવાબ ન આપી શક્યો. આ મુનાઝરામાં અહલે સુન્નતની જીત થઈ અને દેવબંદીઓને નામોશીભરી હાર થઈ. એની અસર અવામ પર ખૂબ જ ભારે પડી જેથી ઘણા બધા લોકો બદ્અક઼ીદાથી તૌબા કરીને અહલે સુન્નતમાં સામેલ થઈ ગયા.

બીજો મુનાઝરો આપે લોકાયત–ફલૂદી જિ. જોધપુર–રાજસ્થાન શવ્વાલ હિ.સ. ૧૯૩૭, ઈ.સ. ૧૯૭૭માં કર્યો. આપની સાથે એ મુનાઝરામાં મૌલાના શેર મુહમ્મદ રઝવી, મૌલાના અસ્રારુલ હક્ક કોટલવી, મૌલાના ફૈયાઝ અહમદ રઝવી તથા મૌલાના રફીઉદ્દીન હતા. મુનાઝરાનો વિષય "ઈલ્મે ગયબ" હતો. એમાં અલ્લાહના ફઝ્લો કરમથી અહલે સુન્નતની જીત થઈ અને હક્કની બોલબાલા થઈ. તેમજ ખાજૂવાલા જિ. બીકાનેરમાં પણ ઈલ્મે ગયબના વિષય પર મુનાઝરો થયો હતો.

આપનાં બયાનો ખૂબ જ લાભદાયી પૂરવાર થતાં આપે ખૂદ ફર્માવ્યું કે, "મારી નજીક વઅઝ તથા ખિતાબતમાં અક઼ીદાની ઈસ્લાહ પર પોઝિટિવ અંદાઝમાં જોર આપવું જરૂરી છે અને મસાઈલ પણ વર્ણવવામાં આવે. હું મારી તક઼રીરોમાં અહલે સુન્નત વ જમાઅતના અક઼ીદા જરૂરથી વર્ણન કરું છું. તક઼રીરને ધંધો ન બનાવવો જોઈએ, બલ્કે ઉમ્મતની સુધારણાની નિય્યતથી તક઼રીર કરવામાં આવે. વધુમાં અક઼ીદાની સુધારણા તથા અમલોની સુધારણા પર ભાર મૂકવામાં આવે." આપની દીની મિલ્લી ખિદમતોને આ સંક્ષિપ્ત લેખમાં સમાવવી મુશ્કેલ છે.

યક઼ીનન ! મુફ્તીએ આ'ઝમ રાજસ્થાનની શખ્સિયત એ વાતની મુસ્તહિક઼ છે કે તેમના જીવન ચરિત્ર તથા કારનામાંઓના તમામ પાસાંઓને જાહેરમાં પ્રકાશિત કરવાં જોઈએ જેથી ભવિષ્યમાં આવનારી પેઢીઓ તેનાથી લાભ ઉઠાવી શકે છે અને પોતાના માટે ભલાઈ તથા સલામતીનો માર્ગ નિશ્ચિત કરી શકે.

આપ એક મહાન મુદર્રિસ એક મહાન સૂફી, એક મહાન મુફ્તી, એક મહાન મુદબ્બિર તથા મુસ્લેહ (સુધારક) હતા. એમની સૌથી મહાન વિશિષ્ટતા એ હતી કે પોતાના દિલમાં મિલ્લતનું અનહદ દર્દ ધરાવતા હતા. અને જ્યારે મિલ્લતની વ્યક્તિઓ પોતાના માટે અયોગ્ય માર્ગ અપનાવતી તો શક્તિભર સુધારણાની દરેક શક્ય કોશિશ કરતા હતા. સિલસિલાવારી આપસના સુન્નીઓના ગૈર ફિતરી ઈખ્તેલાફોમાં આપનો અજંપો તથા બેચૈની સૌએ મહેસૂસ કરી.

આપ રાજસ્થાનની ભૂમિ પર અલ્લાહનું ઈનામ બનીને જલ્વાગર થયા અને આખા રાજસ્થાનને ઈલ્મે દીન તથા હુબ્બે (મહબ્બતે) રસૂલ ﷺની દૌલતથી માલમાલ કરી આપ્યું. આજે એ ભૂમિ પર દારુલ ઉલૂમ ઈસ્હાકિ઼યાના ફૈઝ પામેલા આલિમ દરેક શહેર અને દરેક ક઼સ્બામાં દીને મતીનની ખિદમત અંજામ આપતા જોવા મળે છે. અનેક દર્સગાહો તેમના ફયઝાને કરમના પ્રતાપે ખડી થયેલી છે. આપે લગભગ અડધી સદીથી આ પ્રદેશને સીંચ્યો છે અને ઈન્શાઅલ્લાહ ! એમનો ફયઝ હજી જારી રહેશે.

તેમણે મસ્લકે આ'લા હઝરત પર અડગતા તેમજ ઈશ્કે઼ રસૂલ તેમજ હુઝૂર અશરફી મિયાં عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُની રૂહાનિયતને ભાવિ પેઢીમાં પરોવી દીધી છે. આ વાત અતિશ્યોક્તિ વિના કહી શકાય છે કે જો આપ રેતાળ અને પથરીલી ભૂમિમાં તશરીફ ન લાવત તો આજે આ ભૂમિનો નક઼્શો કાંઈક જુદો જ હોત. ક્યાં તો હિંદુમય રસ્મો રિવાજમાં ડૂબીને લોકો પોતાની ઓળખ ગુમાવી બેઠા હોત અથવા બદ્અક઼ીદગીનો શિકાર થઈ જાત. પણ હુઝૂર મુફતીએ આ'ઝમ રાજસ્થાને પોતાના ઈસ્લાહી બયાનો તથા પોતાના મુનાઝરાઓ થકી ગૈર ઈસ્લામી રિવાજોથી સમાજને પાક કર્યો તથા બદ્અક઼ીદગીની ખરાબીઓથી ક઼ૌમને પાક કરી. નિઃશંક ! મુફતીએ આ'ઝમ રાજસ્થાનનાં કારનામાંઓ ઈતિહાસમાં હમેશાં સલામત રહેશે.

અલ્હમ્દુલિલ્લાહ ! મુઝ ફક઼ીર હકીરને આ મર્દે મુજાહિદ સાથે સહલાવ (રાજસ્થાન) મુક઼ામે એકવાર મુલાકાતનો શરફ હાંસલ થયો છે. આપની સાદગીથી હું ખૂબ જ પ્રભાવિત થયો હતો. ત્યાં આપને દુઆની અર્ઝ કરતાં આપે તુરત જ હાથ ઉઠાવી કેટલીયવાર સુધી ફક઼ીર માટે દુઆ ગુઝારી હતી.

ખુદા તઆલા તેમની ક઼બ્ર પર રહમતો નૂરની વર્ષા કરે, તેમના દરજા બુલંદ કરે, જન્નતમાં આ'લાથી આ'લા મક઼ામ અતા કરે, સુન્નીઓને તેમનો નેઅમલ બદલ અતા કરે અને આપણને એમના નક઼્શે ક઼દમ પર ચાલવાની તૌફીક઼ અતા ફર્માવે. આમીન બિજાહિન્નબી કરીમ ﷺ.

# ખ્વાજાએ ઈલ્મો ફનની

# બારગાહમાં ખિરાજે અક઼ીદત

*–કાર્યાલય*

આમ તો દુનિયામાં લાખો શખ્સિયતો જન્મ પામે છે પણ એમનામાં અમુક એવી હસ્તીઓ ઉભરે છે જે મહાન અને સન્માનને પાત્ર હોય છે. એમનામાં ભરચક ખૂબીઓ, અગણિત કમાલો અને અનોખી વિશિષ્ટતાઓ હોય છે. તે પોતાના ઈલ્મ તથા અમલથી પોતે પણ રોશન હોય છે અને હજારો લોકોને રોશન પણ કરતી આપતી હોય છે. એ શખ્સિયતોમાં ખ્વાજાએ ઈલ્મો ફન હઝરત અલ્લામા ખ્વાજા મુઝફ્ફરહુસૈન રઝવી قدس سرہનો મક઼ામ તથા મર્તબો પ્રથમ હરોળમાં જોવા મળે છે.

આપે યુવાનીથી લઈને જિંદગીના અંતિમ શ્વાસ સુધી પોતાના તદરીસી ફય્ઝાનથી અસંખ્ય વ્યક્તિઓને ચમકતી કરી છે. આજે આપના શાગિર્દો વિશિષ્ટપણે ખિદમત આપતા જોવા મળે છે. આપ એક ઈલ્મથી સમૃદ્ધ આલિમે દીન, અજોડ મુદર્રિસ, અજોડ મુહક્કિક઼ અને દુર્લભ ઈલ્મોમાં કમાલની કક્ષાની કાબેલિયત ધરાવતા હતા. આપની સાથે મારી રૂબરૂ તો મુલાકાત ન થઈ શકી પણ કેટલીયેવાર સંપર્ક થયેલો છે. પીરભાઈ હોવાની હેસિયતથી મારી સાથે વાત કરીને ખૂબ જ ખુશી અનુભવતા હતા. અને હું આપની અજોડ તેહક઼ીક઼ો ઉપરાંત આપના પ્રેમાળ વર્તાવથી ખૂબ જ પ્રભાવિત છું.

છેલ્લીવાર હમણા હું હજ્જમાં જઈ રહ્યો હતો ત્યારે મેં હઝરતથી દુઆ માટે ફોન પર સંપર્ક કર્યો તો હઝરતે આજીજી તથા ઈન્કેસારીના તૌર પર ઈર્શાદ ફર્માવ્યો, આપ ખૂદ મને તમારી દુઆઓમાં યાદ રાખજો. પછી હું હજ્જના માટે રવાના થયો. અને હજ્જ તથા ઝિયારતે રોઝએ રસૂલ ﷺ ની હાજરીથી ફરાગત બાદ મૌલાના નિઝામુદીન મિસ્બાહીએ તા. ૨૦–૧૦–૨૦૧૩ના રોજ આપના ઈન્તેક઼ાલની અફસોસનાક ખબરથી મને માહિતગાર કર્યો. ઈન્તેક઼ાલની ખબર સાંભળીને અત્યંત અફસોસ થયો અને મક્કા શરીફની મુબારક ભૂમિ પર હઝરતના માટે મગફેરત તથા દરજાતની બુલંદી માટે દુઆ કરી. છેવટમાં દુઆ છે કે રબ્બે ઝુલજલાલ હઝરતના દરજાઓને બુલંદથી બુલંદતર ફર્માવે. આમીન બિજાહિન્નબીકરીમ ﷺ.

*–(મૌલાના) મુહમ્મદ ઈક઼બાલ ક઼ાદરી મિસ્બાહી, બોલ્ટન, યુ.કે.*

★ ★ ★

દુનિયામાં કેટલાક લોકો તે હોય છે કે એમની જાત તથા શખ્સિયતો થકી ઈદારા, અંજુમનો, સંસ્થાઓ, તેહરીકો ઓળખાતી હોય છે. તેમણે પોતાની ઓળખના માટે કોઈ ઈદારા કે અંજુમનનો સહારો લેવાની જરૂરત નથી પડતી, બલ્કે તે એકલા જ્યાં બેસી જાય ત્યાં એક દુનિયા આબાદ થઈ જાય. એઓમાં ખ્વાજાએ ઈલ્મોફન હઝરત અલ્લામા ખ્વાજા મુઝફ્ફરહુસૈન રઝવી رحمۃ اللہ علیہની જાત તથા શખ્સિયત પ્રથમ હરોળમાં સ્થાન ધરાવે છે. એના પર મઝહરે ઈસ્લામ (બરેલી)થી ચિરા મુહમ્મદપુરના દારુલ ઉલૂમ નૂરુલ હક઼્ક઼માં આપની તદરીસી ખિદમતોનો ઈતિહાસ ન્યાયી ગવાહ છે.

મારે હઝરતથી ફોન પર ઓળખાણ થઈ અને હઝરતને યુ.કે.માં સહરી તથા ઈશાના સમયો બાબતે મુસલમાનો વચ્ચે જે મતભેદ ચાલતો હતો તેના વિશે સવાલો પેશ કર્યા તેના હઝરતે તેહક઼ીક઼પૂર્ણ તથા દલીલબદ્ધ જવાબો મોકલ્યા હતા. તેમજ આ વિષયની તા'લીમ મને ફોન ઉપર પણ આપી હતી. "તૌક઼ીત"ના વિષયમાં કદાચ અખંડ ભારતમાં આપના તોલે આવે એવો કોઈ નથી જોયો.

આપના વિસાલથી પહેલાં દસેક દિવસો અગાઉ ફોન પર સંપર્ક કરીને ખબર અંતર પૂછયા હતા તો ખુશ જણાતા હતા. વિવિધ બીમારીઓમાં સપડાયેલા હોવા છતાં દર્દ તથા તકલીફની ફરિયાદ ન હતી બલ્કે અલ્લાહના ફૈસલા પર રાજી હતા. અર્રઝા બિલ્ક઼ઝા એ એક સાચા મો'મિનની નિશાની છે જે આજકાલ ઘણી ઓછી જોવા મળે છે. આપ એક બાવક઼ાર આલિમ, મુહક્કિક઼, મુફતી, ફસલફી, હયઅત, તૌક઼ીત, જફર, હિંદસહ, હિસાબ વગેરે દુર્લભ ઈલ્મો વિદ્યા કલાઓમાં અતિ નિષ્ણાત હતા, બલ્કે આપ ઘણા બધા ઈલ્મોમાં આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના વારસ હતા. તા. ૨૦–૧૦–૨૦૧૩ના રોજ આપનો વિસાલ થયો છે. રબ્બે કરીમ આપની તુર્બત પર રહમતો નૂરની વર્ષા કરે, આપની મગફેરત કરીને દરજાતની બુલંદી ફર્માવે. (આમીન)

*–(મૌલાના) મુહમ્મદ નિઝામુદીન મિસ્બાહી, બોલ્ટન, યુ.કે.*

## સૈયદ આલે રસૂલ હસ્નૈનમિયાં નઝમી મારહરવી رحمۃ اللہ علیہ
### કાર્યાલય

દુન્યાએ સુન્નિયતની વિખ્યાત ખાનકાહે બરકાતિયા મારહરા શરીફના સજ્જાદાનશીન, હઝરત સૈયદુલ ઉલમા رحمۃ اللہ علیہના સાહબઝાદા હઝરત સૈયદ હસ્નૈનમિયાં નઝમી મારહવી رحمۃ اللہ علیہનો ગમઅંગેઝ ઈન્તેકાલ જુમેરાત ૭–૧૧–૨૦૧૩ (૧ મુહર્રમ હિ.સ. ૧૪૩૫)ના રોજ થઈ ગયો. اِنَّا لِلّٰہِ وَ اِنَّا اِلَیْہِ رَاجِعُوْنَ રબ્બે કરીમ આપની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લાથી આ'લા મક઼ામ અતા ફર્માવે, બુલંદીએ દરજાત ફર્માવે. આમીન

હઝરત હસ્નૈનમિયાં નઝમી رحمۃ اللہ علیہનો જન્મ ૬–રમઝાન હિ.સ. ૧૩૬૫ ઈ.સ. પ્રમાણે તા. ૪–૮–૧૯૪૬માં કાસગંજ જિ. એટા, યુ.પી.માં થયો. આપ મહાન વલી સૈયદુલ ઉલમા હઝરત સૈયદ શાહ આલે મુસ્તફા رحمۃ اللہ علیہના સાહબઝાદા છે. આપનું પેઢીનામુ આ પ્રમાણે છે : સૈયદ આલે રસૂલ હસ્નૈનમિયાં નઝમી ઈબ્ને સૈયદ આલે મુસ્તફા ઈબ્ને સૈયદ આલે અબા ઈબ્ને સૈયદ હુસૈન હેદર ઈબ્ને સૈયદ મુન્તજિબ હુસૈન ઈબ્ને સૈયદ નાઝિમઅલી ઈબ્ને સૈયદ હયાતુન્નબી તાતુમિયાં ઈબ્ને સૈયદ હુસૈન ઈબ્ને સૈયદ અબ્દુલ ક઼ાસિમ.

આપના ત્રણ સાહબઝાદા છે : હઝરત સૈયદ સિબ્તૈન હેદર, સૈયદ સફી હેદર, સૈયદ ઝુલ્ફિકાર હેદર.

આપ દીની ઈલ્મમાં અરબી ફારસી ઉપરાંત નેશનલ ઈસ્લામિક યુનિવર્સિટી–દિલ્હીમાં ગ્રેજ્યુએટ થયા, જામિયા મિલ્લિયામાં ઈંગ્લિશ સાથે થયા. UPSC એકઝામ પાસ કરીને યુનિયન ગવર્નમેન્ટ સર્વિસમાં જોડાયા.

આપ હઝરતે ૩૬ કિતાબો અંગ્રેજી, ઉર્દૂ તથા હિંદીમાં વિવિધ ઈસ્લામી વિષયોમાં લખી છે. આપ એક મશ્હૂર નઅતગોની હેસિયતથી સુન્ની જગતમાં ઓળખાય છે. વિવિધ નઅત સંગ્રહો આપના પ્રસિધ્ધ થયા છે. ઈશ્કે મુસ્તફા ﷺમાં ચૂર આપની નઅતોની હિંદુસ્તાનમાં ધૂમ મચેલી છે. આપ ''હસ્સાનુલ હિંદ''થી પણ ઓળખાય છે અને નઅતગોઈમાં આ'લા હઝરતનું પ્રતિબિંબ છે. આપના ઈશ્ક઼ો મસ્તીમાં ડૂબેલા ઘણા શેઅરો છે જેમ કે :

**'નઝમી' કો નારકી તરફ લે ચલે જબ મલાઈકા**
**આક઼ા (ﷺ) કહે કે છોળ દો યે તો મેરા મલંગ હૈ**

આપનું એક મહાન કારનામુ એ છે કે આપે આ'લા હઝરત رضی اللہ عنہના ઉર્દૂ તર્જુમા ''કન્ઝુલ ઈમાન''નો હિંદીમાં ''કલામુર્રહમાન'' નામથી અનુવાદ કરેલો છે. ''નઝમે ઈલાહી'' ઈંગ્લિશમાં તફસીરની કિતાબ છે, તેમજ આપની કિતાબ ''ક્યા આપ જાનતે હે ?'' એક ઈલ્મી ખજાનો છે.

આપે ૧૯૮૫માં પ્રથમ હજ આપનાં વાલિદા મોહતરમા તથા સાસુમા સાથે અદા કરી. હજથી પરત થતાં ''મદહે મુસ્તફા'' નઅત સંગ્રહ આપે પેશ કર્યો હતો. આપે ઉર્દૂ, હિંદી, અંગ્રેજી તથા સંસ્કૃતમાં પણ નઅતે પાક લખેલી છે.

આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہથી આપને બેપનાહ મહબ્બત તથા અક઼ીદત હતી. આપની કિતાબો, નઅતો મન્ક઼બતો એના માટે ન્યાયી સાક્ષી છે.

આપના દસ્તે હક્ક઼ પરસ્ત પર હિંદુસ્તાન ઉપરાંત અન્ય દેશોમાં અનેક લોકો સિલસિલાએ ક઼ાદરિયા બરકાતિયામાં મુરીદ થયેલા છે. એક વિશાળ સંખ્યા આપના મુરીદો, અક઼ીદતમંદો, ચાહકોની ગુજરાતભરમાં પણ ફેલાયેલી છે.

હુઝૂર નઝમીમિયાં رحمۃ اللہ علیہની એક કરામત પણ ગુસ્લ વખતે જાહેર થઈ તે એ કે હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી (અમીરે સુન્ની દાવતે ઈસ્લામી)એ જણાવ્યું કે, ''હું તથા મૌલાના ફારૂક ખત્રી સાહબ હઝરતને ગુસ્લ આપી રહ્યા હતા ત્યારે ગુસલ દરમ્યાન ચાદર હટી તો સરકાર નઝમીમિયાંએ એ ચાદર પોતાના હાથ વડે પકડી લીધી અને ગુસ્લ થતા સુધી પકડી રાખી.'' સુબ્હાનલ્લાહ ! હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہથી જાહેર થયેલ તે કરામત ફરી એકવાર અહીં જોવા મળી. આ શાન સુન્ની બુઝુર્ગોની છે. સુબ્હાનલ્લાહ !

આપના ઈન્તેકાલના સમાચાર ફોન SMS તથા પ્રચાર માધ્યમો થકી જગતભરમાં ફેલાતાં ઠેકઠેકાણે ચાહકોએ આંચકો અનુભવ્યો અને અનેક મદરસાઓ, મસ્જિદોમાં ઈસાલે સવાબની મેહફિલો થઈ હતી. તા. ૮–૧૧–૨૦૧૩ના મારેહરા શરીફ (યુ.પી.) મુક઼ામે ખાનકાહે બરકાતિયામાં આપની દફનવિધિ થઈ. રબ્બે કરીમ આપની ક઼બ્રે અન્વરને નૂરાનિયતથી ભરી આપે, આપના દરજાતને બુલંદથી બુલંદતર ફર્માવે. (આમીન)

આપની દફનવિધિમાં હાજરી આપવા અનેક ટોચના ઉલમા, સાદાતે કિરામ, દેશભરમાંથી અવામ મોટી સંખ્યામાં હાજર થઈ હતી.



# મસ્લકે આ’લા હઝરત

## આજના યુગમાં

### મસ્લકે એહલે સુન્નતનું જ ચમકતું નામ

રજૂકર્તા : **મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી**
*(સદર મુફ્તી દારુલ ઈફ્તા, દારુલ ઉલૂમ અશરફિયા–મુબારકપુર)*

અનુવાદક : **મૌલાના ગુલામયાસીન મિસ્બાહી**
*(સદરુલ મુદર્રિસીન : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

શું ફર્માવે છે ઓલમાએ દીન તથા મુફ્તિયાને શરએ મતીન નિમ્ન લિખીત મસ્અલા વિશે કે મસ્લકે આ'લા હઝરતની પરીભાષા સહીહ છે કે નહીં ?

ઝૈદ કહે છે કે મસ્લક ચાર જ છે : હનફી, શાફઈ, હંબલી, માલિકી જેથી ''મસ્લકે આ'લા હઝરત'' કહીને પાંચમા મસ્લકને સ્થાન આપવું જાઈઝ નથી. બકર કહે છે કે ''મસ્લકે આ'લા હઝરત'' આજે સાચા મસ્લકની પેહચાન તથા ઓળખ છે અને હક઼ીક઼તમાં તે મસ્લકે હન્ફીનું જ બીજુ નામ છે, અલગ પાંચમો મસ્લક નથી જેથી મસ્લકે આ'લા હઝરત કહેવું જાઈઝ છે. આ વિશે અમરનું કહેવું છે કે જો એહલે સુન્નતની ઓળખ તથા પેહચાન માટે એક નામની આવશ્યક્તા હતી તો તેમાં ''આ'લા હઝરત''ના જ નામથી મસ્લકનું નામ રાખવાની શું જરૂરત ? આ મસ્લકને તો શૈખ અબ્દુલ હક઼્ક઼ મોહદ્દિષ દહેલ્વીના નામ સાથે પણ જોડી શકાતો હતો. મસ્લકે ફઝ્લે હક઼્ક઼ ખૈરાબાદીના નામથી પણ તેની ઓળખ થઈ શકતી હતી, મસ્લકે મુજદ્દિદ અલ્ફેષાનીથી પણ મસ્લકે એહલે સુન્નતની પેહચાન કરાવી શકતા હતા, પરંતુ અકાબિર ઓલમાએ કિરામે મસ્લકને આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની તરફ જ કેમ સંબંધિત કર્યું ? આજે આ વિષયમાં ઘણી ચર્ચાઓ થઈ રહી છે. જેટલાં મોઢાં એટલી વાતો ! આ વિશે અવામ તથા ખવાસમાં ઘણો વિખવાદ છે. વિસ્તૃત તથા પુરાવાથી ભરપૂર તેમજ ઈત્મિનાન બખ્શ જવાબ લખીને શુક્રિયાનો મોકો આપશો. અલ્લાહ તઆલા આપને તેનો બેહતરીન બદલો અતા ફર્માવે.

હાજી મુહમ્મદ ખલીલ અહમદ રઝવી *(સદર મર્કઝી મસ્જિદ બજાર, એમ. જી. રોડ, તરીકરહ, કર્નાટક)*

**★ જવાબ ★**

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

نَحْمَدُهٗ وَنُصَلِّىْ وَنُسَلِّمُ عَلٰى رَسُوْلِهِ الْكَرِيْمِ

**(૧)** મસ્લકે આ'લા હઝરતની પરિભાષા બેશક ! જાઈઝ તથા સહીહ છે. કેમ કે આ ''મસ્લકે એહલે સુન્નત વ જમાઅત''નું જ બીજુ નામ છે અને આજના યુગમાં ''મસ્લકે આ'લા હઝરત'' એ જ મસ્લકે એહલે સુન્નત વ જમાઅતની સ્પષ્ટ ઓળખ તથા પેહચાન છે.

મસ્લકે એહલે સુન્નત વ જમાઅતનો સંબંધ અક઼ાઈદથી છે. ભલે ને તે અક઼ાઈદ જરૂરિયાતે દીનમાંથી હોય અથવા જરૂરિયાતે દીનમાંથી ન હોય તો ક઼તઈ ઈજમાઈ હોય (એટલે કે પૂરી ઉમ્મતની નિશ્ચિત સહમતિ હોય તે અક઼ાઈદ પર) અથવા તે અક઼ાઈદ ઝરૂરિયાતે એહલે સુન્નતથી હોય કે પછી તેનાથી સંબંધિત પણ ન હોય, માત્ર ઝન્ની હોય. (એટલે કે ક઼તઈ ન હોય)

રસૂલુલ્લાહ ﷺના યુગથી લઈને આજ સુધી આખી દુનિયાના મુસલમાન એ જ મસ્લકની સાથે

જોડાયેલા રહ્યા. ત્યારબાદ ઘણા સમય પછી ફિકહી (મસાઈલ સંબંધિત) ઈજતેહાદી મસાઈલમાં દલીલોના આધારે આ જ મસ્લકથી જોડાયેલા ફુકહાના ચાર મઝહબો સ્થાપિત થયા. (૧) હન્ફી (૨) શાફઈ (૩) માલિકી (૪) હંબલી. આ ચારેય મઝહબ નાજી (નજાત પામનાર, જન્નતી) છે. અને આજે જે તે ચારેવથી અલગ છે તે નારી (જહન્નમી) છે. આ ચારેવ મઝહબમાં માત્ર ફિકહી, ફુરૂઈ તથા ઈજતેહાદી મસાઈલમાં એકબીજાથી વિવિધતા છે, અકાઈદમાં ચારેવનો એક જ મસ્લક છે ''મસ્લકે એહલે સુન્નત વ જમાઅત.'' અને તમામ મુસલમાનો તથા મુજદ્દિદોનો મસ્લક એ જ રહ્યો છે. હઝરત શૈખ અબ્દુલ હક્ક મોહદ્દિષ દહેલ્વી رحمۃاللہعلیہ, હઝરત મુજદ્દિદ અલ્ફેષાની رحمۃاللہعلیہ, હઝરત અલ્લામા ફઝ્લે હક્ક ખૈરાબાદી رحمۃاللہعلیہ, હઝરત સૈયદશાહ બરકતુલ્લાહ મારહરવી رحمۃاللہعلیہ, હઝરત શાહ અબ્દુલ અઝીઝ મોહદ્દિષ દહેલ્વી رحمۃاللہعلیہ તથા આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رحمۃاللہعلیہ તમામ આ જ મસ્લક પર કાયમ હતા.

## ★ આ'લા હઝરત رحمۃاللہعلیہ તરફ મસ્લકને સંબંધિત કરવાનું કારણ ★

ચૌદમી સદી હિજરીમાં જ્યારે દેવબંદી ફિર્કાના લોકોએ હુઝૂર ﷺની શાને અકદસમાં ખુલ્લી ગુસ્તાખીઓ કરી, આપ ﷺ બાદ નવા નબીના આગમનને જાઈઝ તથા શક્ય બતાવી એક સર્વ સંમત નિશ્ચિત અકીદાનો જે જરૂરિયાતે દીનમાંથી છે ઈન્કાર પણ કર્યો સાથે સાથે વહાબિયત તથા કાદયાનિયત વગેરે જેવા ફિર્કાઓએ પણ માથુ ઉઠાવ્યું ત્યારે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા કાદરી બરેલ્વી رحمۃاللہعلیہએ કલમ દ્વારા જેહાદ કરી દેવબંદિયત, વહાબિયત, તથા કાદયાનિયત વગેરેના ફિત્નાનો ભરપૂર રદ કરીને એહલે સુન્નત વ જમાઅતના મસ્લકની હિફાઝતનું અજોડ કારનામુ અંજામ આપ્યું, ત્યાં સુધી કે આપનું નામ (આ'લા હઝરતનું) સુન્ની તથા દેવબંદી, તેમજ સુન્ની તથા વહાબી અને સુન્ની તથા કાદયાની વગેરે દરમ્યાન અંતર તથા તફાવતનું કારણ બની ગયું. જેથી આજે મસ્લકની નિસ્બત આ'લા હઝરત رحمۃاللہعلیہ તરફ કરવામાં આવે છે અને ''મસ્લકે આ'લા હઝરત'' બોલવામાં તથા લખવામાં આવે છે.

ઘણીવાર એવું જોવા મળે છે કે એક જ વસ્તુના બે નામો અથવા બેથી અધિક નામો તથા લકબો હોય છે અને તેના પર કોઈ એતેરાઝ કે વાંધો નથી ઉઠાવતું કે એક જ વસ્તુને આટલા બધાં નામો તથા લકબોથી કેમ સંબોધવામાં આવે છે ? તેમાં કોઈને વાંધો નથી હોતો. જેમ કે ખૂદ ''મસ્લકે એહલે સુન્નત''નાં કેટલાયે નામો છે. (૧) મા અના અલૈહિ વ અસ્હાબિહી (૨) ''મસ્લકે સવાદે આ'ઝમ'' તો જો આજે વહાબીઓ, દેવબંદીઓ, નદવીઓ, કાદયાનીઓ, ચકળાલ્વીઓ તથા નેચરીઓથી તફાવત તથા ફરક માટે મસ્લકે એહલે સુન્નતને ''મસ્લકે આ'લા હઝરત''ના નામથી સંબોધવામાં આવે તો તેના પર કોઈ ન્યાયી મિત્રના દિલો દિમાગમાં વાંધો તથા શંકા પેદા ન થવી જોઈએ. (અલ્લાહ બેહતર જાણનાર છે.)

(૨) સવાલમાં ઝૈદનું એ કહેવું છે કે ''મસ્લકે આ'લા હઝરત'' કહીને પાંચમો મસ્લક સ્થાપિત કરવું જાઈઝ નથી.'' આવું કહેવું એ ફોગટની બહાદુરી છે. આ પ્રકારની વિચારશૈલી તે જ ધરાવે છે જેને ''મસ્અલે આ'લા હઝરત''ની ઓળખ તથા તેનો પરિચય નથી. ટૂંકમાં કોઈ વ્યક્તિ ઉપર અથવા શબ્દ ઉપર ઈલ્મ તથા તેહકીક વિના નાજાઈઝ હોવાનો ફત્વો આપવાથી બચવું જરૂરી છે. હન્ફી, માલિકી, શાફઈ, હંબલી આ ચારેવ સવાદે આ'ઝમ એહલે સુન્નતના શાખાકીય મઝહબો છે. જેનો સંબંધ ફિકહી તથા ઈજતેહાદી મસાઈલની સાથે છે. દલીલોમાં ટકરાવ અથવા કવી હોવી કે ઝઈફ હોવી અથવા આમ હોવી કે ખાસ હોવી, મન્સૂખ હોવી કે ગેરમન્સૂખ હોવી વગેરે કારણોસર આ ચાર મઝહબો અસ્તિત્વમાં આવ્યા છે. આ પ્રકારના મસાઈલમાં આવો ઈખ્તિલાફ પણ બંદાઓ પર અલ્લાહની રહમત છે. શરઈ પુરાવાઓ થકી વિવિધ રાય ધરાવનાર

ફુકહાએ કિરામ અંતમાં સવાબના હક્કદાર હોય છે. એ અલગ વાત છે કે સહીહ તથા યોગ્ય હુકમ સાબિત કરનારને બમણો સવાબ મળે છે અને જેનાથી ભૂલ થઈ જાય (પુરાવાઓ થકી હુકમ સાબિત કરવામાં) તેના ભાગમાં માત્ર એક સવાબ આવે છે. આ જ હુકમ તેમના પછીના મોહક્કિક ફકીહોના મસાઈલ સંબંધિત શાખાકીય ઈખ્તિલાફનો પણ હોવો જોઈએ. અને "મસ્લકે એહલે સુન્નત વ જમાઅત" (એટલે કે) બીજા શબ્દોમાં "મસ્લકે આ'લા હઝરત"નો સંબંધ (જેમ કે ઉપર વર્ણન કરવામાં આવ્યું) એ'તેકાદી મામલાઓ (અકાઈદ સંબંધિત મામલાઓ)ની સાથે છે કે જેનો વિરોધી કાફિર અને ઘણીવાર ગુમરાહ તથા ગુમરાહ કરનાર હોય છે.

પ્યારા વાંચકો ! હવે વિચારો ! કે ક્યાં મસ્લકે આ'લા હઝરત જે મસ્લકે સવાદે આઝમ એહલે સુન્નતનું બીજુ નામ છે, અને ક્યાં આ ચારેવ મઝહબો કે જે મસ્લકે એહલે સુન્નતમાંથી નીકળેલી ચાર શાખાઓ છે અને આ મસ્લક (મસ્લકે આ'લ હઝરત) એ ચારેવ શાખાકીય મઝહબોમાં વધારો નથી (પાંચમો મઝહબ નથી). વધારો (પાંચમો) તો ત્યારે ગણાત જ્યારે મસ્લકે આ'લા હઝરતનો સંબંધ પણ ફિકહી, શાખાકીય, મસાઈલ સંબંધિત ઈજતેહાદી મામલાઓની સાથે હોત, કેમ કે કાયદો છે કે "વધારો (ઝયાદતી) વધારેલ (અધિક કરેલ) વસ્તુના પ્રકારમાંથી જ હોય છે." જેથી એ વિચારવું ખોટુ છે કે ચારેવ ફિકહી મઝહબોમાં મસ્લકે આ'લા હઝરતની પરિભાષા એક પ્રકારનો વધારો છે. સચ્ચાઈ એ છે કે મસ્લકે એહલે સુન્નત વ જમાઅત અથવા મસ્લકે સવાદે આ'ઝમ (જેની એક પરિભાષા આજે મસ્લકે આલા હઝરત છે)નું અસ્તિત્વ હુઝૂર સૈયદે આલમ ﷺના મુબારક યુગથી છે. કેમ કે આ રસૂલુલ્લાહ ﷺના ફર્માન ما أنا عليه وأصحابى તથા وهى الجماعة નો તર્જુમો જ છે. સહાબાએ કિરામે બારગાહે રિસાલત ﷺમાં અરજ કર્યું હતું કે યા રસૂલલ્લાહ ! ﷺ તોતેર (૭૩) ફિર્કાઓમાં જન્નતી ફિર્કો કોણ છે ? તો આપ ﷺએ ઈર્શાદ ફર્માવ્યું, "તે ગિરોહ (ફિર્કો) જે મારા અને મારા સહાબાના માર્ગે ચાલે અને તે ગિરોહ જમાઅત છે." સ્પષ્ટ વાત છે કે બોતેર (૭૨) ફિર્કાઓ જે જહન્નમી થયા તે અકાઈદમાં જરૂર એહલે સુન્નત વ જમાઅતના વિરૂદ્ધ છે, અને એક ફિર્કો જે જન્નતી છે તે જ એહલે સુન્નત વ જમાઅત છે અને તેનો સંબંધ અકાઈદથી જ છે તથા તેનું અસ્તિત્વ પણ નવું નથી, બલ્કે રસૂલુલ્લાહ ﷺના યુગથી છે. અશિઅતુલ્લમ્આતમાં શૈખ અબ્દુલ હક્ક મોહદ્દિષ દહેલ્વી رضی اللہ عنہ ફર્માવે છે જેનો ખુલાસો આ પ્રમાણે છે કે મારી ઉમ્મત મૂળભૂત અકાઈદમાં (ઉસૂલે અકાઈદમાં) તોતેર મઝહબોમાં વહેંચાય જશે અને એક ગિરોહ સિવાય તમામ ફિર્કાઓ બદએતેકાદીના કારણે (બુરા અકીદાઓના કારણે) જહન્નમમાં જવાના હક્કદાર થશે અને બદઅમલી (બુરા અમલો)ના કારણે તો નાજી ફિર્કા (નજાત પામનાર ફિર્કો, એહલે સુન્નત વ જમાઅત)ના લોકો પણ જહન્નમમાં જઈ શકે છે. નજાત પામનાર ફિર્કાનું નામ કલ્મએ હક્ક તથા અસ્લાફે કિરામની સર્વ સંમતિથી તથા સિરાતે મુસ્તકીમ પર એકત્ર રહેવાના કારણે "જમાઅત" છે. *(બાબુલ એઅ્તેશામ, પેજ : ૧૫૩)*

અને તેમાં જ બીજી જગાએ ફર્માવે છે કે દીને ઈસ્લામમાં "સવાદે આ'ઝમ" (મોટી જમાઅત) અહલે સુન્નત વ જમાઅત જ છે." *(અશિઅતુલ લમ્આત, પેજ : ૧/૧૫૨)*

મિર્કાતુલ્ મફાતીહમાં છે اتّبعوا السَّواد الأعظم "સવાદે આ'ઝમની (મોટી જમાઅતની) પૈરવી કરો અને (હદીષમાં આવેલ શબ્દ) ما عليه (માઅલયહી)થી મુરાદ મુસલમાનોની બહુમતિ છે. કહેવામાં આવ્યું છે કે (આ તોતેર ફિર્કાઓનો વિખવાદ) ઉસૂલે એઅતેકાદમાં (બુનિયાદી, મૂળભૂત

અક઼ીદાઓમાં) છે. જેમ કે અર્કાને ઈસ્લામમાં વિખવાદ હોવો. રહી વાત ફુરૂઈ (શાખાકીય) વિખવાદની જેમ કે સ્ત્રીને અડકવાથી વુઝૂ તૂટવા ન તૂટવાનો મતભેદ વગેરે જેવા મસાઈલમાં ઈજમાઅની (સર્વસંમતિ હોવાની) જરૂરત નથી, બલ્કે ચાર ઈમામોમાંથી કોઈ પણ મુજતહિદ ઈમામની પૈરવી જાઈઝ છે. અને જે ઈખ્તિલાફ (વિરોધાભાસ) માતુરીદીઓ તથા અશ્અરીઓ વચ્ચેના મસાઈલમાં છે, તે પણ હક઼ીક઼તમાં શાખાકીય છે. કેમ કે તેનો સંબંધ (યક઼ીની તથા ક઼તઈ અક઼ાઈદથી નથી) બલ્કે ઝન્નિયાતથી છે (ક઼યાસ તથા અંદાજીત મામલાઓમાંથી છે) જેથી આ પ્રકારનો વિરોધાભાસ ઈખ્તિલાફ (જે માતુરીદીઓ તથા અશ્અરીઓ દરમ્યાન છે તે) યક઼ીની, ક઼તઈ અક઼ીદાઓમાં નથી. બલ્કે કેટલાક મોહક્કિ઼કોનું કહેવું છે કે (માતુરીદીઓ તથા અશ્અરીઓ વચ્ચેના વિરોધાભાસ) સંપૂર્ણપણે શાબ્દિક (લફ્ઝી) છે. *(મિર્ક઼ાતુલ મફાતીહ, પેજ–૧૮૩–૧, હદીષ નં. ૧૭૩ હેઠળ,પ્રકાશક–બૈરૂત)*

સવાદે આ'ઝમ અહલે સુન્નત વ જમાઅત જ હમેશાં હક્ક઼ તથા હિદાયત પર અને અધિક સંખ્યામાં રહ્યા છે. પરંતુ ધારો કે ક્યારેક અલ્પ સંખ્યામાં થઈ જાય તો પણ તે હક્ક઼ તથા હિદાયત પર જ રહેશે. ધારો કે જો કદી એક જ વ્યક્તિ આખી દુનિયામાં ''અલ્લાહ ! અલ્લાહ !'' કહેનાર હોય જેમ કે ક઼યામત રચાતા પહેલાં એવું થઈ શકે છે, તો એ જ સવાદે આ'ઝમ છે.

રસૂલુલ્લાહ ﷺના મુબારક યુગથી ઘણા સમય બાદ આ જ ''મસ્લકે એહલે સુન્નત''માંથી હન્ફી, માલિકી, શાફઈ, હંબલી મઝહબોની ચાર શાખાઓ નીકળી જેથી ચાર ફુરૂઈ (શાખાકીય) મઝહબો અસ્તિત્વમાં આવ્યા. ફુરૂઅનો (શાખાકીય બાબતોનો) આ ઈખ્તિલાફ (વિરોધાભાસ) રહમત તથા સવાબનું કારણ છે. જયારે કે બોતેર (૭૨) ફિર્ક઼ાઓનો ઈખ્તેલાફ હલાકત તથા અઝાબનું કારણ છે. એટલા માટે એકની બરાબરી બીજા સાથે ન કરી શકાય. અને જે મસ્લકનું અસ્તિત્વ રસૂલુલ્લાહ ﷺના યુગથી છે તેમાં માત્ર નામના તફાવતનો સહારો લઈને તેને નાજાઈઝ ન કહી શકાય, તેને નાજાઈઝ કહેવું નાદાની છે અથવા અન્યાય કે પછી અદાવતના લીધે છે..

સવાલમાં જણાવ્યા મુજબ બકરનું કહેવું છે કે ''હક઼ીક઼તમાં આ (મસ્લકે આ'લા હઝરત) મસ્લકે હન્ફીનું જ બીજુ નામ છે'' એ વાત નિર્રથક છે. મઝહબે હન્ફી તો મસ્લકે એહલે સુન્નત વ જમાઅતની આવી જોડાયેલી ચાર શાખાઓમાંથી એક મજબૂત તથા સાયાદાર શાખાનું નામ છે. જેને જાણકારી ન હોય તેને એ હક્ક઼ નથી કે આવા વિષયોમાં દખલ કરે. (અલ્લાહ બેહતર જાણનાર છે.)

ઉપરોક્ત વર્ણનથી એ વાત પણ સ્પષ્ટ થઈ ગઈ કે આજે ઓલમાએ મોહક્કિ઼કીન (તેહક઼ીક઼ના મર્તબા પર બિરાજમાન આલિમો) તથા ફુક઼હાએ દીનના દરમ્યાન જો ફિક઼્હી, શાખાકીય, આધુનિક મસાઈલના અહકામો વિશે દલીલો તથા પુરાવાઓના આધારે ઈખ્તિલાફ થઈ જાય તો તેના કારણે તે અજરો સવાબના હક્ક઼દાર તો થઈ શકે છે પરંતું તેમના પર એ આરોપ મૂકવો કે તેઓ મસ્લકે એહલે સુન્નત જેને બીજા શબ્દોમાં મસ્લકે આ'લા હઝરત કહેવાય છે તેનાથી ફરી ગયા અથવા તેના વિરોધી બની ગયા છે એ સૌથી મોટો અન્યાય છે. કેમ કે મસ્લકે એહલે સુન્નત તથા મસ્લકે આ'લા હઝરતથી ઈખ્તિલાફ રાખવો અથવા ફરી જવું અઝાબે જહન્નમના હક્ક઼દાર બનવાનું કારણ છે. જ્યારે કે ફિક઼્હી, શાખાકીય નવા નવા મસાઈલમાં વિરોધાભાસ રહમત તથા સવાબનો સબબ છે. જે પણ સુન્ની છે તે મસ્લકે આ'લા હઝરત પર ચાલી રહેલ છે. અને જે પણ મસ્લકે આ'લા હઝરત પર ચાલે છે તે સુન્ની સહીહુલ અક઼ીદા છે.

માની લો કે કોઈ વ્યક્તિ મઆઝલ્લાહ ગુનાહનો મુર્તકિબ થઈ જાય તો તે ગુનેહગાર તો છે જેમ કે બેનમાઝી, દાઢી મૂંડાવનાર, દારૂ પીનાર વગેરે, પરંતું ગુનાહના કારણે તેને એહલે સુન્નત વ જમાઅત અથવા મસ્લકે આ'લા હઝરતથી ખારિજ તથા બહારનો નહીં ગણવામાં આવે. તો પછી ફુક઼હાએ કિરામના દરમ્યાન જો શરઈ દલીલોના આધારે કોઈ

નવા મસ્અલામાં માની લો કે ઈખ્તેલાફ થઈ પણ જાય તો તેને અથવા જે શાફઈ, માલિકી, હંબલી મઝહબ પર અમલ ધરાવે છે તેને એહલે સુન્નત અથવા મસ્લકે આ'લા હઝરતથી ખારિજ કઈ રીતે ઠરાવી શકાય છે.

હા ! એ તો થઈ શકે છે કે દલીલ સમજવામાં તથા હુકમની તેહકીક઼માં ક્યાંક કોઈથી ભૂલ થઈ જાય તો સંપૂર્ણ સ્પષ્ટતા બાદ તેને ખાતી (ખતા કરનાર, ભૂલ કરનાર) કહી શકાય છે. પરંતું એ હક્ક઼ પણ માત્ર સાહિબે બસીરત તથા વિશાળ તેહકીક઼ દષ્ટિ ધરાવનાર આલિમો તથા ફક઼ીહોનો જ છે. તેમના સિવાય કોઈ અન્યને આ પ્રકારના ફૈંસલા લેવાનો બિલ્કુલ હક્ક઼ નથી.

### ★ મસ્લકે આ'લા હઝરત શું છે ? ★

મસ્લકે આ'લા હઝરત હક઼ીક઼તમાં એહલે સુન્નત વ જમાઅતના સર્વ સંમત (ઈજમાઅ) ક઼તઈ તથા ઝન્ની અક઼ાઈદના મિશ્રણનું બીજુ સ્પષ્ટ નામ છે. આ તમામ અક઼ીદાઓને એક શબ્દમાં વર્ણન કરવામાં આવે તો તે "મહ્બ્બતે રસૂલ" તથા ઈશ્કે મુસ્તફા ﷺ છે. જેમ કે આ'લા હઝરત رحمۃ اللہ علیہ ખુદ ફર્માવે છે :–

**જાન હૈ ઈશ્કે મુસ્તફા રોઝ ફઝૂં કરે ખુદા**
**જિસ્કો હો દર્દ કા મઝા નાઝે દવા ઉઠાએ ક્યું**

અને તેને ફેલાવવામાં આવે (વિસ્તૃત વર્ણન કરવામાં આવે) તો નિમ્ન લિખીત કિતાબો જોઈ શકાય છે :–

હુસામુલ હરમૈન, તમ્હીદે ઈમાન, તજલ્લિયુલ યક઼ીન, અદ્‌વલતુલ મક્કિયા, અંબાઉલ મુસ્તફા, ખાલિસુલ એઅતેક઼ાદ, અલ કવકબતુશિશહાબિયહ, સલ્લુસ્સુયૂફીલ હિન્દિયહ, સુબ્હાનુસ્સુબ્બુહ, અલ અમ્નો વલ ઉલા, બરકાતુલ ઈમ્દાદ, અલ જિરાઝુદય્યાની, રદુર્રફઝહ, ફતાવા અલ હરમૈન વગેરે.

આ કિતાબોમાં મઝહબે ઈસ્લામના કેટલાયે એવા અક઼ીદાઓનું વર્ણન છે જે ઈજમાઈ (સર્વ સંમત) તથા ક઼તઈ હોવાની સાથે સાથે જરૂરિયાતે દીનમાંથી પણ છે અને તેનો ઈન્કાર કરનાર નિશ્ચિત રીતે કાફિર છે, ઈસ્લામથી ખારિજ છે. જેમ કે રસૂલુલ્લાહ ﷺની તા'ઝીમ તથા એહતેરામનું ફર્ઝ હોવું, આપ ﷺની શાનમાં ગુસ્તાખી કરનારાઓને ક઼તઈ કાફિર કહેવું, ખાતિમુન્નબીય્યીન એ આખિરુલ અંબિયાના અર્થમાં હોવાનો લારૈબ (નિઃશંક) અક઼ીદો જેનો ઈન્કાર કરનાર નિઃસંકોચપણે કાફિર મુર્તદ છે, જેવા અક઼ીદાઓ.

આ અક઼ીદાઓ એવા ક઼તઈ યક઼ીની છે કે જે હક્ક઼ સ્પષ્ટ થયા પછી તેમાં શંકા કરે તે પણ કાફિર છે. અને તેમાં કેટલાય એવા અક઼ીદાઓ છે જેના હક્ક઼ હોવા પર ઈમાન રાખવું ફર્ઝ છે અને તેનો ઈન્કાર કરનાર જમહૂર ફુક઼હાએ કિરામના મઝહબ મુજબ કાફિર તથા ઈસ્લામથી ખારિજ છે. તેવા અક઼ીદાઓનું બયાન અલ કવકબતુશિશહાબિયહ જેવા રિસાલાઓમાં છે.

અને કેટલાક અક઼ીદાઓ એવા છે જે ક઼તઈ હોવામાં એટલા ઉચ્ચ કોટીના તો નથી પરંતું તે એહલે સુન્નત વ જમાઅતના સ્વીકાર્ય અથવા તેની જરૂરિયાતમાંથી છે. તેનો ઈન્કાર કરનાર ગુમરાહગર, ફાસિક઼ તથા ક્યારેક ખતાકાર કહેવાય છે.

ફતાવા રઝવિય્યહના નિમ્ન લિખીત ફકરાઓ તેમની એક ઝલક જોઈ શકાય છે. આ'લા હઝરત رحمۃ اللہ علیہ તેહરીર ફર્માવે છે.

★ જો રસૂલુલ્લાહ ﷺ વિશે અલ્લાહ તઆલાની અતાથી વસ્તુઓ, તેના નામો, ખૂબીઓ, અહકામો, બરઝખ, હશ્ર તથા ગુઝરી ગયેલ તેમજ આવનાર સમયના કષીર (અધિક) તથા સંપૂર્ણ ઈલ્મે ગૈબનો ઈન્કાર કરનાર છે તો તે સ્પષ્ટ ગુમરાહ, બદ દીન કુર્આને આ'ઝમ તથા અહાદીષે મુતવાતેરાનો ઈન્કાર કરનાર છે.

★ અને તેમાં હજારો ગૈબ તે છે જેનો ઈલ્મ હુઝૂર

અક્દસ ﷺને મળવો જરૂરિયાતે દીનમાંથી છે અને જરૂરિયાતે દીનનો ઈન્કાર કરનાર યકીનન કાફિર છે.

★ અને જે ખાસ દેવબંદી અકાઈદ પર હોય તે કાફિર મુર્તદ છે. એ જ પ્રમાણે જે પોતાને તે અકાઈદ પર હોવું ન બતાવે પરંતું તે લોકોની (દેવબંદીઓના) કુફ્રી અકીદાઓથી વાકેફ થઈને તેમને સારા જાણે અથવા મુસલમાન સમજે તો પણ પોતે મુસલમાન નથી. દર્રે મુખ્તાર, મજમઉલ અન્હર તથા બઝ્ઝાઝિયા વગેરેમાં છે કે જે તેમના કુફ્રમાં પણ શક કરે તે કાફિર છે.

★ હા ! જો તમામ બુરાઈઓથી પાક હોય તથા કષીર તેમજ અધિકતર ઈલ્મે ગૈબ ઉપરોક્ત વર્ણન મુજબની માત્રામાં ઈમાન રાખે તથા એહતેરામની સાથે તેનો સ્વીકાર કરે, માત્ર તમામ મા કાન વમા યકૂનના દાયરામાં કલામ કરે અને તેમાં અદબ તથા એહતેરામનો લેહાઝ રાખે તો ગુમરાહ નથી ફક્ત ગલતી પર છે. *(ફતાવા રઝવિય્યહ, ૨૧૮/૩)*

જે વ્યક્તિ ઉપરોક્ત વર્ણનમાં આવેલ કિતાબો તથા તેના જેવી બીજી કિતાબો જેમ કે ઈઝાલતુલ આર તથા જઝાઉલ્લાહિ અદુવ્વિહી વગેરેને સહીહ માનતો હોય તથા દિલથી તેની તસ્દીક કરતો હોય તો તે જરૂર મસ્લકે એહલે સુન્નત તથા મસ્લકે આ'લા હઝરતથી ખારિજ ન થશે. જેમ કે આવા કેટલાયે મસાઈલમાં આપણા ઓલમાએ કિરામની અલગ અલગ રાયો છે. પરંતું એ તમામને મસ્લકે આ'લા હઝરત પર કાયમ માનવામાં આવે છે. જેમ કે :

★ આ'લા હઝરત رحمۃ اللہ علیہ તથા આમ ફુકહાએ હન્ફીયા વાદીએ મોહસ્સર (જે હકીકતમાં અઝાબની વાદી છે)માં મુઝદલેફાના વુકૂફને (રોકાણ) જાઈઝ નથી માનતા અને કોઈ શરઈ કારણ હોય તો મુઝદલેફાના રોકાણને સાકિત માને છે. અને વાદીએ અઝાબમાં રોકાણની ઈજાઝત નથી આપતા પરંતું શરઈ કાઉન્સિલના ઓલમા જરૂરી ઉઝરની સ્થિતિમાં રોકાણની ઈજાઝત આપે છે.

★ છોકરીઓને લખતા શિખવાડવાને આ'લા હઝરત رضی اللہ عنہ ન માત્ર ના પસંદ કરે છે. બલ્કે ઘણા બલીગ (સારા) અંદાઝમાં તેનાથી મનાઈ ફર્માવે છે. પરંતું કેટલાયે મોટા આલિમો તેની ખુલ્લી ઈજાઝત આપે છે.

અને ફુરૂઈ (શાખાકીય) મસાઈલમાં પોતાના અકાબિરોથી અલગ રાય અથવા વિરૂદ્ધ રાય ધરાવવાનો મામલો કાંઈ આજના યુગની નવી શોધ નથી. બલ્કે સહાબાએ કિરામ તથા તાબઈને એઝામના યુગથી આ સિલસિલો ચાલી રહ્યો છે. ખૂદ સિરાજુલ ઉમ્મહ હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہના શાગિર્દો જેમ કે ઈમામ અબૂ યુસૂફ, ઈમામ મુહમ્મદ رضی اللہ عنہماએ આપનાથી અલગ રાય રાખી છે. અને વિવિધ રાયના ઉદાહરણો પણ ઘણા છે. જેનો ઘણી વિસ્તૃતતાની સાથે મેં પોતાના રિસાલા "મઝહબે હન્ફીમેં હાલાતે ઝમાનાકી રિઆયત"માં વર્ણન કર્યું છે. જો ફિક્હી ફુરૂઈ મસાઈલમાં અલગ રાય અથવા વિરૂદ્ધ રાય ધરાવવી મસ્લકે આ'લા હઝરતથી ફરી જવાનું કારણ હોય તો સહાબાના યુગથી લઈને ચૌદમી સદી હિજરી સુધી અકાબિરો તથા અસાગિરો દરમ્યાનના જે ફિક્હી ઈખ્તિલાફો છે તે મઆઝલ્લાહ તેમના "મસ્લકે એહલે સુન્નત"થી ફરી જવાનું કારણ બની જશે. જ્યારે કે આ પ્રકારનો વહેમ કોઈને દિમાગમાં પણ નથી આવ્યો. તો પછી આજે ફરી જવાનો હુકમ કઈ દલીલ તથા કયા આધારે આપી શકાય છે ?

સ્પષ્ટ છે કે મસ્લકે આ'લા હઝરત કોઈ નવો મસ્લક નથી બલ્કે તે જ મસ્લકે એહલે સુન્નત છે. જે હમેશાંથી તમામ મુસલમાનોનો મસ્લક રહ્યો છે અને ચારેવ મઝહબોના ઈમામ પણ આપસમાં કેટલાયે ફિક્હી ફુરૂઈ ઈખ્તિલાફો રાખવા છતાં

હમેશાં આ જ મસ્લકના હામી તથા આમિલ માનવામાં આવ્યા છે.

હવે મુજદ્દિદે આ'ઝમ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો ઈર્શાદ ઠંડા દિલે ધ્યાનથી વાંચો :–

''સવાદે આ'ઝમની પૈરવી''નો હુકમ તથા **مَنۡ شَذَّ شَذَّ فِی النَّارِ** ''જે અલગ રહ્યો તે જહન્નમમાં નાખવામાં આવશે.'' તેની વઈદ (ધમકી) માત્ર અક઼ાઈદથી સંબંધિત છે, શાખાકીય ફિક઼્હી મસાઈલને તેની સાથે કોઈ સંબંધ નથી. સહાબાએ કિરામથી લઈને ચારેવ ઈમામો સુધી કોઈ મુજતહિદ એવા નથી થયા જેનાં કેટલાયે કથનો જમહૂરના ખિલાફ ન હોય.

- ★ સૈયદના અબૂઝર رضی اللہ عنہનું મુત્લકન (કોઈ પણ રીતે) માલ જમા કરવાને હરામ ઠરાવવું.
- ★ હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہનું ઊંઘને વુઝૂ તૂટવાનું કારણ ન જાણવું.
- ★ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہનો સૂદ (વ્યાજ)નો મસ્અલો.
- ★ ઈમામે આ'ઝમ رضی اللہ عنہનો રઝાઅત (દૂધ પીવા)ની મુદ્દતનો મસ્અલો.
- ★ ઈમામ શાફઈ رضی اللہ عنہનો જાનવર ઝબહ કરનાર જાણી જોઈને ઝબહ કરતી વખતે બિસ્મિલ્લાહ ન પઢે તો પણ જાનવરના હલાલ હોવાનો મસ્અલો.
- ★ ઈમામે માલિક رضی اللہ عنہનો કૂતરાના જૂઠા (એઠા)ના પાક હોવાનો મસ્અલો.
- ★ ઈમામ અહમદ رضی اللہ عنہનો મસ્અલો ઊંટનો ગોશ્ત (માંસ) ખાવાથી વુઝૂ તૂટી જાય છે. વગેરે આવા કેટલાયે મસ્અલાઓને જે આ વઈદ (જે જમાઅતથી અલગ રહ્યા તે જહન્નમમાં નાખવામાં આવશે)ના હેઠળ માને તે ખૂદ જહન્નમમાં જવાનો હક્ક઼દાર છે, બલ્કે ઈજમાએ ઉમ્મતનો વિરોધી છે. તથા **نُوَلِّہٖ مَا تَوَلّٰی وَ نُصۡلِہٖ جَہَنَّمَ وَ سَآءَتۡ مَصِیۡرًا**

''જે મુસલમાનોના માર્ગ છોડીને બીજી અન્ય રાહ ચાલ્યો અમે તેને તેના હાલ પર છોડી દઈશું અને તેને દોઝખમાં દાખલ કરીશું અને કેટલીયે બુરી જગા છે પલટવાની.'' *(સૂ. નિસાઅ, આ–૧૧૫, પારા–૫)* *(ફતાવા રઝવિય્યહ, ૭/૪૮૧, ૪૮૨, સુન્ની દારુલ ઈશાઅત–મુબારકપુર)*

ફતાવા રઝવિય્યહની ઉપરોક્ત ઈબારત (લખાણ)થી કેટલીયે વાતો સ્પષ્ટ થઈ ગઈ :–

**અ.** સવાદે આ'ઝમની પૈરવીનો સંબંધ માત્ર અક઼ાઈદની સાથે છે, ફિક઼્હી શાખાકીય (ફુરૂઈ) મસાઈલની સાથે નથી. (જ્યારે કે મસ્લકે આ'લા હઝરત મસ્લકે સવાદે આ'ઝમનું બીજુ નામ છે.)

**બ.** સહાબાએ કિરામ رِضۡوَانُ اللہِ تَعَالٰی عَلَیۡہِمۡ اَجۡمَعِیۡنَથી લઈને ચારેવ ઈમામો સુધી કોઈ મુજતહિદ એવા નથી જેની એક રાય (ક઼ૌલ) જમહૂર (આમ મુજતહિદો)ની વિરૂદ્ધ ન હોય. તો પણ તેઓ સવાદે આ'ઝમથી જ છે. જેમ કે ઈમામ શાફઈ رضی اللہ عنہનો મઝહબ છે કે કોઈ વ્યક્તિ જાણી જોઈને જાનવર ઝબહ કરતી વખતે **બિસ્મિલ્લાહિ અલ્લાહુ અકબર** ન પઢે તો પણ તે જાનવર હલાલ છે. જ્યારે કે તેમના સિવાય બીજા ઈમામો તથા ફુક઼હા તેને મુરદાર તથા હરામ કહે છે. પરંતું ઈમામ શાફઈની આ રાય છતાં બિલ્ઈત્તેફાક તેઓ સવાદે આ'ઝમ એહલે સુન્નત વ જમાઅતમાંથી છે.

**ક.** જે વ્યક્તિ આવા અહવાલના આધારે જમાઅતથી ફરી જવાનો અથવા જહન્નમમાં દાખલ કરવાનો હક્ક઼દાર હોવાનો હુકમ લગાડે તે પોતે ઈજમાએ ઉમ્મતનો વિરોધી છે તથા જહન્નમી છે. કુર્આને પાકમાં તેઓના વિશે ફર્માવવામાં આવ્યું **وَ نُصۡلِہٖ جَہَنَّمَ** ''અમે તેને જહન્નમમાં દાખલ કરીશું.

સ્પષ્ટ છે કે દેવબંદી, વહાબી, ક઼ાદયાની, નેચરી, સુલેહ કુલ્લી તથા ચકડાલ્વી જમાઅતના આલિમોએ

તો એહલે સુન્નત વ જમાઅતથી ઉસૂલે અક઼ાઈદમાં (મૂળભૂત અક઼ીદાઓમાં) ઈખ્તિલાફ કર્યો છે, જેથી તેઓ સવાદે આ'ઝમથી ફરી ગયા તથા જહન્નમમાં જવાના હક્કદાર ઠરાવવામાં આવ્યા અને હક઼ીક઼તમાં એવા જ લોકો "મસ્લકે આ'લા હઝરત"ના વિરોધી છે. પરંતું જે લોકો અક઼ાઈદમાં આ'લા હઝરત رحمۃ اللہ علیہ સાથે છે. અને ફુરૂઅમાં (શાખાકીય મસાઈલમાં) ક્યાંક પણ તેમની રાય અલગ થઈ ગઈ હોય જેમ કે હઝરત સૈયદી અશરીફીમિયાં رحمۃ اللہ علیہનું કવ્વાલીને જાઈઝ માનવું. તો તે હરગિઝ સવાદે આ'ઝમ અથવા મસ્લકે આ'લા હઝરતથી બહાર નથી બલ્કે તેઓ (આ'લા હઝરત અશરફીમિયાં) તો પોતાના દૌરના સવાદે આ'ઝમના સાચા ઝંડાધારી તથા મુબલ્લિગ હતા. આ જ કારણે આપની સાથે આ'લા હઝરત رحمۃ اللہ علیہના સંબંધો ઘણા સારા રહ્યા.

જવાબમાં આ થોડીક લીટીઓનો ઉમેરો (વધારો) આપણા ભાઈઓની રહનુમાઈ તથા ખૈરખ્વાહીના માટે છે જેઓ વાત વાત પર મસ્લકે આ'લા હઝરતથી ફરી ગયાના ફર્માનો જારી કરી દે છે અને તેમને એ વાતનો એહસાસ પણ નથી થતો કે તેનો તઅલ્લુક (સંબંધ) મસ્લકે આ'લા હઝરતથી નથી કે જેનાથી ફરી જવું કુફ્ર તથા ગુમરાહી છે, બલ્કે તેનો સંબંધ ખાલિસ ફુરૂઅ (શાખાકીય મસાઈલ)થી છે. અને તેમાં ઈખ્તિલાફ (વિરોધાભાસ) જેમ કે વર્ણન કરવામાં આવ્યું "રહમત" છે.

હદીષનો ઈર્શાદ છે. اختلاف أمتی رحمة "મારી ઉમ્મતનો ઈખ્તિલાફ રહમત છે. *(મુદદમા રદ્દુલ મુહતાર, અલ મકાસિદુલ વ મુખ્તસર ઈબ્ને હાજિબ વગેરે, પેજ–૪૬, ૪૭, ભાગ–૧)*

જો ફુરૂઈ ઈખ્તિલાફોને લઈને આવા હુકમો જારી કરવા જાઈઝ હોત તો ચારેવ મઝહબના ઈમામો તથા ફક઼ીહો તેનાથી બચી ન શકતા. એટલા માટે ખુદાના વાસ્તે તેહક઼ીક઼ વિના આવા હુકમો જારી કરવામાં ન આવે. જેમ કે ઉપરોક્ત સવાબમાં ઝૈદે કર્યું છે અને તેની સ્પષ્ટતા બકરે એ જ પ્રમાણેનો માર્ગ અપનાવ્યો.

**સાવધાન** ! પ્યારા વાંચકોએ આ હક઼ીક઼તથી આગાહ તથા સાવધાન રહેવું જોઈએ કે મસ્લકે આ'લા હઝરતના પરિચય તથા તેના લખવા બોલવાના જાઈઝ હોવાના તઅલ્લુકથી ઘણા લાંબા સમયથી આપણે ત્યાંથી લેખો તથા ફત્વાઓ પ્રકાશિત થતા રહ્યા છે. મૌખિક હિદાયતો તથા તેના ઉપરાંત કેટલાયે ક઼લમી ફત્વાઓ છે. જેમ કે માસિક અશ્રફિયા, એપ્રિલ–૧૯૯૯માં નાયબ મુફતીએ આ'ઝમ હિંદ હઝરત અલ્લામા મુફતી મુહમ્મદ શરીફુલ હક્ક઼ અમજદી رحمۃ اللہ علیہ માજી સદર ઈફતા વિભાગ જામિઆ અશ્રફિયાનો લેખ જેનું ટાઈટલ છે, "મસ્લકે આ'લા હઝરત" તે પ્રકાશિત થયો છે.

ત્યારબાદ બહરુલ ઉલૂમ હઝરત અલ્લામા મુફતી અબ્દુલ મન્નાન આઝમી મુબારકપુરી رحمۃ اللہ علیہ *(માજી શૈખુલ હદીષ તથા સદરુલ મુદર્રિસીન જામેઆ અશ્રફિયા–મુબારકપુર)*નો લેખ આ જ વિષય પર પ્રકાશિત થયો.

જુલાઈ–૨૦૦૩ના અંકમાં તથા એપ્રિલ–૨૦૦૮ના અંકમાં ખૂદ રાકિમુલ હુરૂફના (આ લેખના લેખક હઝરત મુફતી નિઝામુદ્દીન રઝવી સાહબના) બે લેખો પ્રકાશિત થયા છે. એક તફસીલી (વિસ્તૃત) ફત્વો "મસ્લકે આ'લા હઝરત ક્યા હૈ"ના નામથી અને બીજો "મસ્લકે એહલે સુન્નત હી મસ્લકે આ'લા હઝરત હૈ"ના નામથી પ્રસિદ્ધ થયેલ છે.

દસ વરસની મુદતમાં રાકિમુલ હુરૂફ (મૂળ લેખક)નો આ ત્રીજો લેખ એક સવાબના જવાબમાં પ્રકાશિત થઈ રહ્યો છે, જેનાથી ઈન્શાઅલ્લાહ ! આપણા વાંચકોને મસ્લકે આ'લા હઝરતનો સાચો પરિચય તથા તેની મારેફત પ્રાપ્ત થશે.

***–મુહમ્મદનિઝામુદ્દીન રઝવી ગુફિરલહૂ (મુબારકપુર)***

*(હવાલો : માહનામા અશ્રફિયા–મુબારકપુર, ઓકટોબર–૨૦૧૩)*

## બરકાતે ખ્વાજાની ટપાલ... કાર્યાલય

**જંબુસર** : ના ખાદિમે મસ્લકે રઝા અલ્લારખા ફૂટવાલાના ભાણેજ મુહમ્મદ આસિફના નિકાહ મર્હૂમ મુર્તઝા મુહમ્મદ શૈખની નેક દુખ્તર શબનમ સાથે તા. ૨૪–૧૦–૨૦૧૩ જુમેરાતના રોજ મૌલાના મુહમ્મદ ઝહીર મિસ્બાહી સાહબ (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)એ પઢાવ્યા હતા. અને તા. ૨૨–૧૦–૨૦૧૩ મંગળવારના રોજ બાદ નમાઝે ઈશા શાદીના મૌક઼ા પર સાદાતે કિરામ ઉલમાએ કિરામની મૌજૂદગીમાં ઔલાદે ગૌષે આ'ઝમ હઝરત મૌલાના સૈયદ અમીનઅલી ક઼ાદરી સાહબ (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ)એ શાનદાર બયાન કર્યુ હતું. અલ્લાહ તઆલા આ મેહફિલની બરકતથી બંનેવ ખાનદાનોમાં મહબ્બત અતા ફર્માવે અને મિયાં બીવીમાં પણ મહબ્બત પેદા ફર્માવે.

*–લિ. અલ્લારખા ક઼ાદરભાઈ મલેક–જંબુસર*

### ★ શાદી મુબારક ! ★

**વડોદરા** : થી મેમણ મુહમ્મદ સાદિક઼ અબ્દુલગફ્ફાર ચશમાવાળાના મોટાભાઈ મર્હૂમ મુહમ્મદ સલીમની નેક દુખ્તર તન્વીર ફાતિમાના નિકાહ મુહમ્મદ રફીક અબ્દુલગફ્ફાર ડણીવાળાના નેક ફરઝંદ મુહમ્મદ શેહબાઝ સાથે તા. ૩૧–૧૦–૨૦૧૩ના રોજ કુવ્વતુલ ઈમામ મસ્જિદ, લાડવાડા વડોદરા ખાતે રાખવામાં આવ્યા. મુબારકબાદ ! દુલ્હા દુલ્હનની જિંદગીને રબ તઆલા તેના મહબૂબ ﷺના સદક઼ામાં ખુશીઓ બરકતોથી ભરી દે. (આમીન) *–તંત્રી*

**મછાસરા** : નિવાસી (હાલ સૂરત) અઝીઝ મુહમ્મદ પટેલના નેક ફરઝંદ મુહમ્મદ સઈદના નિકાહ મછાસરા નિવાસી ઈબ્રાહીમ મૂસા પટેલની નેક દુખ્તર ફાતિમાબાનુ સાથે તા. ૧૭–૧૧–૨૦૧૩ રવિવારે મછાસરામાં રાખવામાં આવ્યા. તા. ૧૮–૧૧–૨૦૧૩ સોમવારે દા'વતે વલીમા તપન હોલ અડાજણ પાટીયા–સૂરત ખાતે રાખવામાં આવી. દુલ્હા દુલ્હન કુટુંબીજનોને ખૂબ ખૂબ મુબારકબાદ ! *–તંત્રી*

### ★ જશ્ને સમૂહ નિકાહ ★

**તાંદલજા** : વડોદરા ખાતે **"રઝાએ મુસ્તફા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ"** તરફથી બીજો સમૂહ નિકાહનો પ્રોગ્રામ તા. ૧૯–૧–૨૦૧૪ રવીવારના રોજ રાખેલ છે. ભાગ લેનાર ભાઈ બહેનોને વિનંતિ કે વહેલી તકે નીચેના વ્યક્તિઓનો સંપર્ક કરે :–

હાફેઝ મુહમ્મદ સઈદ નૂરી–તાંદલજા (મો. ૯૨૭૪૫૧૮૭૮૬), સૈયદ વસીમબાપુ–વાડી (મો. ૯૭૩૭૮૯૧૧૭૦), યાસીન રાઠોડ–આદર્શનગર (મો. ૯૪૨૭૬ ૦૩૪૪૧), ઈબ્રાહીમભાઈ–ગોરવા (મો. ૯૧૭૩૭૩૧૮૭૫)

### ★ ઈન્તેકાલ પુરમલાલ ! ★

**જંબુસર** : થી ખાદિમે રઝા અલ્લારખા ફૂટવાળા લખી જણાવે છે કે "સુન્ની દા'વતે ઈસ્લામી"ના આશિક઼ હઝરત અ. કરીમ સાહબ આ દુનિયાને અલવિદા કહીને અલ્લાહ તબારક વ તઆલાની બારગાહમાં હાજર થઈ ગયા. اِنَّا لِلّٰهِ وَاِنَّا اِلَيْهِ رَاجِعُوْنَ મર્હૂમના ચાલીસામાં મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત અલ્લામા મૌલાના ઝહીર મિસ્બાહી સાહબે ચોકારી ગામમાં એમના સગાં સંબંધીઓની મૌજૂદગીમાં મૌતના ઉપર શાનદાર બયાન કર્યુ હતું. અલ્લાહ તઆલા મહેફિલના સદક઼ામાં મર્હૂમની બખ્શિશ ફર્માવે. મર્હૂમ નમાઝ તથા તહજ્જુદના પાબંદ હતા અને આશિક઼ે રસૂલ હતા.

**અમદાવાદ** : ની ભોલા શહીદ (ન્યુ કલોથ માર્કેટ પાસે)ની ખાનક઼ાહના પીર સાહબ હઝરત સૂફી શબ્બીર અહમદ ચિશ્તીયુલ ક઼ાદરી (બારાબંકવી)એ તા. ૨૪–૧૦–૨૦૧૩ના મગરિબ–ઈશા દરમ્યાન પર્દો ફર્માવેલ છે. તા. ૨૫–૧૦–૨૦૧૩ના ફજરની

નમાઝ બાદ નારોલ બેરેલ માર્કેટ વિસ્તારમાં આપની જનાઝાની નમાઝ અદા કરી દફનવિધિ કરવામાં આવી હતી. મોટી સંખ્યામાં ઉલમા, મુરીદો અને ચાહક વર્ગ હાજર રહ્યા હતો. આપ હઝરત બાકરામત બુઝુર્ગ હતા. ઈલ્મે તરીકત અને ઈલ્મે શરીઅતના વિદ્વાન હતા. ૨૩૦ થી વધુ દીની કિતાબો લખી છે. ૫૦ થી વધુ લોકોને કલમો પઢાવી દાખિલે ઈસ્લામ કર્યા છે. *–લિ. મુહમ્મદ આકિબાન બરકાતી (પેટલાદ)*

**અલીપુરા (બોડેલી)** : થી ખત્રી મુહમ્મદ વડદલાવાળ જણાવે છે કે ખત્રી હાજી. અ. કાદિર મુહમ્મદજી ભાઈજીવાળાના એહલિયા હજીયાણી કુલ્ષૂમબાનુનો તા. ૨–૧૦–૨૦૧૩ના રાત્રે ઈન્તેકાલ થયો. મર્હૂમના ઈસાલે સવાબ માટે કુટુંબીજનો તરફથી રૂા. ૫૦,૦૦૦/– "મસ્જિદે અહમદી" (બોડેલી)માં મળેલ છે.

**અલીપુરા (બોડેલી)** : પીરે તરીકત સૈયદ હસનઅલી બાબાનાં વાલિદા સૈયદા ખૈરુન્નિસાનો તા. ૧૭–૧૦–૨૦૧૩ હિ.સ. ૧૪૩૪ ૧૧ ઝિલ હજ્જના રોજ ૯૦ વર્ષની ઉંમરે અલ્લાહની રહમતમાં પહોંચી ગયાં. મર્હૂમાની દફનવિધિ તા. ૧૮–૧૦–૨૦૧૩ શુક્રવારે બોડેલીમાં કરવામાં આવી. મર્હૂમાની દફનવિધિમાં દૂર દૂરથી આલે રસૂલ, ઉલમાએ કિરામ, ગ્રામ્યજનો, સગાં સંબંધીઓ વગેરેએ ઘણી જ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. મર્હૂમા ઘણા જ નેકદિલ, માયાળુ હતાં.

**દયાદરા** : તા.૧–૧૧–૨૦૧૩ જુમ્આના રોજ અબ્દુલ્લાહ માસ્તર સાંખીનો ઈન્તેકાલ ૭૬ વરસની વયે થયો હતો. મગરિબ બાદ દફનવિધિ કરવામાં આવી હતી.

**દયાદરા ખાતે** : હાજી અહમદ ચાંદયાનો તા. ૨૪–૧૦–૨૦૧૩ જુમેરાતે ઈન્તેકાલ થઈ ગયો હતો અને ઈશા બાદ દફનવિધિ કરવામાં આવી હતી.

**ઝનોર** : મુકામે હઝરત સૈયદ મઝહરહુસૈનબાવા અમદાવાદવાળા અલ્વી ખાનદાનના બુઝુર્ગ હઝરત સૈયદ બડા સાહબના સાહબઝાદા ઉર્ફે "ગાંડાબાવા"નો ૧–મુહર્રમ શરીફના રોજ (તા. ૫–૧૧–૨૦૧૩) બુધવારે ઈન્તેકાલ થયો હતો. બીજા દિવસે ઝહોરબાદ આપની દફનવિધિ ઝનોર મુકામે થઈ હતી. દફનવિધિમાં બહોળી સંખ્યામાં અકીદતમંદોએ હાજરી આપી હતી. રબ તઆલા મર્હૂમની મગફેરત ફર્માવી જન્નતમાં આ'લા મકામ અતા કરે, દરજાતની બુલંદી ફર્માવે (આમીન)

રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં સર્વ મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** ખાતે કુર્આનખ્વાની કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી.

### ★ મદદની અપીલ ★

**જંબુસર** : ખાનપુરી ભાગોળ નવી નગરી ખાતે **"ગુલશને ગરીબ નવાઝ ઈબાદતગાહ–મદ્રસા"** જે **"ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા"**ના પગાર દ્વારા ચલાવવામાં આવે છે. હાલમાં એક મકાનમાં મદ્રસો તથા નમાઝ પઢાવવામાં આવે છે. બાજુમાં બે પ્લોટ મસ્જિદ બનાવવા માટે જરૂરી હોવાથી સખીદાતાઓ પોતાના તથા મર્હૂમોના સવાબ અર્થે સહાય કરે. પ્લોટની અંદાજિત કિંમત રૂા. ૨,૫૦,૦૦૦/– થી ૩,૦૦,૦૦૦/– થાય છે જેને ખરીદવા માટે સખ્ત જરૂર હોવાથી સખીદાતાઓ અલ્લાહના ઘરને બનાવવા જમીન ખરીદવા માટે આગળ વધે અને જન્નતમાં પોતાનુ ઘર બનાવે. ગંભીરતાથી અરજ છે કે જેમને અલ્લાહે દૌલત આપી છે તેઓ આવાં કામો કરતા રહે કે જેમાં સુન્નિયતની બકા છે. અલ્લાહ તઆલા મદદ આપનારને અપાવવાવાળાને તેનો રૂડો બદલો આપશે.

## ★ વાગરામાં જશ્ને શહીદે આ'ઝમ ★

**વાગરા** : મુક઼ામે તા. ૯–૧૧–૨૦૧૩ શનિવારે ઈશાની નમાઝ બાદ જશ્ને શહીદે આ'ઝમ પીરે તરીક઼ત હઝરત મૌલાના સૈયદ તલ્હા અશરફ અશરફી જીલાની કછોછવીની સદારતમાં શાનો શૌકતથી મનાવાયો જેમાં આ'લે રસૂલ હઝરત મૌલાના સૈયદ અમીનઅલી ક઼ાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ)એ પોતાના અનોખા અંદાઝમાં ફઝાઈલે હુસૈન વ અલી વ અહલે બયત પર ખૂબ જ શાનદાર તથા ઈલ્મી બયાન કર્યું હતું. નઅતખાં જનાબ ગુલરેઝ અશરફ તથા જનાબ ક઼ારી મક઼સૂદ કાવીવાળા વગેરેએ નઅતો મનક઼બતો પેશ કરી હતી. નિઝામત મૌલાના સાદિક઼ દહેગામીએ નિભાવી હતી. છેવટમાં હઝરત મૌલાના સૈયદ તલ્હા અશરફ સાહબે પોતાની આગવી શૈલીમાં ઈમામે હુસૈન رضی اللہ عنہની કુર્બાનીનું મહત્વ સમજાવીને હુસૈની કિરદાર અપનાવવા અને યઝીદી કિરદારનો ત્યાગ કરવા તથા મુહર્રમમાં ઢોલ ત્રાંસા વગેરેની બુરી રસમો દૂર કરવા ધારદાર અંદાઝમાં રજૂઆત કરી હતી. બહોળી સંખ્યામાં સુન્ની અવામ, ઉલમા સાદાતે હાજરે આપી હતી.

## ★ દયાદરામાં ઉર્સે અઝીઝી મનાવાયો ★

**દયાદરા** : ખાતે ૭ મુહર્રમ શરીફ હિ.સ. ૧૪૩૫ (તા. ૧૧–૧૧–૨૦૧૩) સોમવારના રોજ ગામમાંથી રાબેતા મુજબ જુલૂસ નીકળી હઝરત સૈયદ અઝીઝ અહમદ તિર્મિઝી ઉર્ફે બડા સાહબ رحمۃ اللہ علیہની દરગાહ શરીફે પહોંચ્યું હતું. હઝરત સૈયદ નૂરાનીબાવા, હઝરત ફરીદબાવાના હાથે ગુલપોશી બાદ હઝરતના જાનશીન હઝરત સૈયદ નૂરાની બાવા સાહબે દુઆ ફર્માવી હતી. મગરિબ બાદ હાજરજનોને ન્યાઝ જમાડવામાં આવી હતી. એ જ રાત્રે ઈશા બાદ ક઼સીદાખ્વાની વગેરે પ્રોગ્રામ થયા હતા.

## ★ જશ્ને શોહદાએ કર્બલા ★

**દયાદરા** : મુક઼ામે ૯,૧૦ મુહર્રમ હિ.સ. ૧૪૩૫ (તા. ૧૩/૧૪ નવેમ્બર ૨૦૧૩) બુધવાર, જુમેરાતે ઈશા બાદ મોટા ચકલા પર હઝરત મૌલાના મોહસિન રઝા અશરફી (પેશ ઈમામ–જામા મસ્જિદ–દયાદરા)ના ઈમાન અફરોઝ બયાનો શોહદાએ કર્બલાના વાક઼િઆતની રોશનીમાં થયાં. જનાબ ક઼ારી મક઼સૂદ કાવીવાળા સાહબે બંને દિવસે નઅતો મન્ક઼બતના ગુલદસ્તા પેશ કર્યા હતા. ૧૦ મુહર્રમ સવારે ૮ વાગ્યે મસ્જિદમાં મૌલાના સાહબનું રિક્કત અંગેઝ બયાન શહાદતે હુસૈન પર થયું. બાદમાં સૌ બે રકાત નફ્લ વ્યક્તિગત પઢયા પછી દુઆએ આશૂરા પઢાઈ, કુલ શરીફ, ફાતિહા, બાદ સલાતો સલામ બાદ દુઆ થઈ હતી.

## સુન્ની મેરેજ બ્યૂરો કોર્નર

**૧. સુન્ની મુસ્લિમ યુવક** : **MBA-U.K. Qualified & Experienced,** ઉમર : ૩૭, ઊંચાઈ : ૬', માટે યોગ્ય ખાનદાની, દીની તા'લીમ, ઈલ્મ, અમલ ધરાવતી યુવતીના વાલી તરફથી બાયોડેટા ફોટા સાથે સંપર્ક આવકાર્ય : **search2009@gmail.com**

---

**૨. મો'મિન સુન્ની યુવાન** : જ. તા. ૩–૧૧–૧૯૮૭, ઉંમર : ૨૫ વર્ષ, ઊંચાઈ : ૫'.૮'', એજ્યુકેશન : **BE in Electrical Eng.** વડોદરા કંપનીમાં સાઈટ એંજીનીયર, રેસીડન્સ અમદાવાદ મૂળ પાટણ) મો. **9374232137, 9925802596**

**નોંધ** : વધુ માટે **'બરકાતે ખ્વાજા'** **(માસિક)–કાર્યાલય**નો સંપર્ક કરો, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

**સાભાર સ્વીકાર :** (કિતાબનું નામ) **અશરફી**, ફેબ્રુઆરી–૨૦૧૩ (પેજીસ : ૭૨)

સંપાદક તથા પ્રકાશક : **પટેલ ઈસ્માઈલ મુહમ્મદ અશરફી**, પગુથણ, તા. જિ. ભરૂચ

શરીરના વિવિધ અંગોની બીમારીઓના નિવારણના માટે તિબ્બે નબવી અનુસાર તથા આર્યુવેદિક ઈલાજો દર્શાવતી કિતાબ સરસ અંદાઝમાં સંપાદિત કરવામાં આવેલી છે. સંપાદકે મર્હૂમા બહેન તથા મર્હૂમ પુત્રના તથા અન્ય મર્હૂમોના સવાબની નિય્યતથી છપાવી છે તો રબ્બે કરીમ તેમની આ કોશિશને કૃબૂલ ફર્માવી મર્હૂમોનોની મગફેરત ફર્માવે. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

---

## ✪ ફોનથી સંપર્ક કરીને મફત મંગાવો ✪

(કિતાબ) **ઈમામ અહમદ રઝા અને નિકાહના મસાઈલ** (પેજીસ : ૮૮)

સંપાદક : **મુફ્તી મુહમ્મદ ઈસા રઝવી કૃાદરી**/ અનુવાદક : **મુહમ્મદ યૂસુફ પટેલ હલદરવી**

પ્રકાશક : **અંજુમને રઝાએ મુસ્તફા,** મુ. હલદરવા, તા. કરજણ, જિ. વડોદરા, પીન : ૩૯૨૨૨૦, મો. ૯૯૭૮૧ ૫૪૪૮૧


બદ્‌મઝહબ સાથે શાદી એટલે સુન્નિયતના મૂળમાં ઘા ! જેઓ એવું કરે છે તેઓ ખુદાથી ડરે ! બદ્‌મઝહબોના બાતિલ અકૃીદાઓ દર્શાવી તેમની સાથે નિકાહ નથી થતા તેના વિશેના આદેશો કુર્આન હદીષની રોશનીમાં આ'લા હઝરત મુજદિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہના ફત્વાઓના હવાલાથી સ્પષ્ટ સમજ આપી હિદાયતનો સન્માર્ગ દર્શાવતી તથા શાદીઓમાં ગૈર શરઈ તરીકૃાઓથી બચવાના કુર્આન હદીષની રૂએ આદેશો કરતી આ અણમોલ કિતાબ સંપાદકના ઉપરોક્ત નંબર પર ફોન કરીને જરૂરથી મંગાવો, વાંચો વંચાવો. સંપાદક, અનુવાદક, પ્રકાશકને ખૂબ ખૂબ મુબારકબાદ ! *–તંત્રી*

---

## ★ કોસંબામાં મેહફિલે નઅત ★

તા. ૨૨–૧૦–૨૦૧૩ સોમવારે ઈશાની નમાઝ બાદ કોસંબા મુકૃામે જનાબ મકબૂલભાઈ (મુબલ્લિગે સુન્ની દાવતે ઈસ્લામી)ની શાદીના મોકૃા પર નઅતે પાકની મેહફિલનો શાનદાર પ્રોગ્રામ થયો જેમાં બુલબુલે બાગે મદીના અલ્હાજ કૃારી મુહમ્મદ રિઝવાન સાહબ (મુબલ્લિગે સુન્ની દાવતે ઈસ્લામી–મુંબઈ)એ નઅતો મન્કૃબતના તરાનાંઓની ધૂમ મચાવી હતી. તેમજ છેવટે શાદીનો સેહરો પઢી પઢાવીને ખૂબ જ ખુશ્નુમા માહોલ ખડો કરી આપ્યો હતો. સાથોસાથ ઈસ્લામી શરીઅત પર પાબંદીથી ચાલવા, નમાઝની પાબંદી, સુન્નતોની પાબંદી બાબતે અસરકારક બયાન પણ કર્યું હતું.

---




## અલ્લાહ બંને જહાનમાં બદલો આપે !

**હેરા ઈંગ્લિશ સ્કૂલ C/o.** દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા આમોદ, મુ.તા. આમોદ, જિ. ભરૂચ ખાતે દીની દુન્યવી તા'લીમની સ્કૂલ માટે રૂમોનું બાંધકામ શરૂ કર્યું છે. જેમાં **જનાબ હાજી અબ્દુલઅઝીઝ ધનાની બરકાતી (વડોદરા)** તરફથી એક રૂમના બાંધકામ માટે સહાય આપવામાં આવી છે. રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકૃામાં તેમની આ નેકીને કૃબૂલ ફર્માવે અને તેની આ'લા શાન પ્રમાણે બંને જહાનમાં એનો બદલો એમને એમની ઔલાદને અતા કરે. તેમની દુનિયા તથા આખેરતમાં લાજ રાખે. (આમીન) *અરાકીને દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા (આમોદ)* **વિનંતિ** *: સખીદાતાઓ આ કામ માટે આગળ આવે અને પોતાની દૌલતને કૌમો મિલ્લતની ભલાઈના કામમાં જરૂર ખર્ચે. (એક રૂમના સાડા ત્રણ લાખ થાય છે.)*